
અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
શોએબ ઈબ્રાહિમ ફરહાનાના સમર્થન પર ટ્રોલ થયા 'વાત ધર્મ પર...

પેજ-09
મેન્યુઅલ ન્યુઅરની ધમાકેદાર ફોર્મ જાળવવા રોજ પરસેવો પાડે છે



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 17.00 |
| સુરત | 32.00 | 19.00 |

પેજ 5



અદાણી સિમેન્ટ ડીકાર્બોનાઇઝેશન: સિમેન્ટ ઉદ્યોગમાં ક્રાંતિ પ્રથમ...

13 NOVEMBER-2025 THURSDAY

પ્રધાનમંત્રી મોદી ભૂટાન મુલાકાત સંપન્ન: સંબંધોમાં નવા યુગનો આરંભ



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84466.51 | ▲ | 595.19 |
| નિફ્ટી | 25875.80 | ▲ | 180.85 |
| સોનું | 124590.00 | ▲ | 677.00 |
| ચાંદી | 157621.00 | ▲ | 2934.00 |

વર્ષ-15 । અંક-002 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# ભારતમાં મોંઘવારી કાબૂમાં, છેલ્લા 14 વર્ષમાં સૌથી ઓછી મોંઘવારી



**શાકભાજી-ફળોના ભાવ ઘટતાં છૂટક ફુગાવો ઘટીને 0.25% થયો**

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ભારતમાં સામાન્ય લોકોને મોંઘવારીમાં નોંધપાત્ર રાહત મળી છે. ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ઘટીને માત્ર 0.25% થયો, જે છેલ્લા 10 વર્ષમાં સૌથી નીચો સ્તર છે. સપ્ટેમ્બરમાં દર 0.54% હતો. ફુગાવો સતત ચાર મહિનાથી ભારતીય રિઝર્વ બેંકના 4% લક્ષ્યાંકથી નીચે રહ્યો છે. આ સતત સાતમો મહિનો છે જ્યારે ફુગાવો કેન્દ્રીય બેંકની 6% ઉપલી મર્યાદાથી નીચે રહ્યો છે. મોંઘવારી ઘટાડાનું સૌથી મોટું કારણ ખાદ્યપદાર્થોના ભાવમાં સતત ઘટાડો છે. ખાસ કરીને શાકભાજીના ભાવમાં છેલ્લા છ મહિનાથી બે આંકડાનો ઘટાડો જોવા મળ્યો છે. ખાદ્યપદાર્થોનો હિસ્સો ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) માં લગભગ અડધો હોવાથી ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડાની એકંદર ફુગાવા પર નોંધપાત્ર અસર પડી છે.

## GST ઘટાડાની અસર દેખાઈ

નિષ્ણાતો માને છે કે GST દર ઘટાડાથી પણ આ ઘટાડામાં ફાળો મળ્યો હતો. સપ્ટેમ્બરના અંતમાં ઘણી આવશ્યક ચીજવસ્તુઓ પરના કર દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જેની અસર હવે ફુગાવાના ડેટામાં સ્પષ્ટપણે દેખાય છે. છૂટક ફુગાવાના આંકડા જાહેર કરનારી કેન્દ્રીય નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)એ કહ્યું કે, 2025 દરમિયાન GSTમાં કપાત, તેલ, શાકભાજી, ફળો, ફૂટવેર, અનાજ, પરિવહન અને ઈંડાના ભાવમાં ઘટાડો થવાના કારણે કુલ ફુગાવો અને ખાદ્ય ફુગાવોમાં ઘટાડો થયો હોવાના મુખ્ય છે.

## RBIની નવી આગાહી અને ભવિષ્યની પરિસ્થિતિ

ભારતીય રિઝર્વ બેંકે તેની તાજેતરની બેઠકમાં જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિ નીતિગત સરળતા (દર ઘટાડા) માટે અનુકૂળ છે. જોકે બેંકે હાલમાં વ્યાજ દર સ્થિર રાખ્યા છે. RBIનો અંદાજ છે કે નાણાકીય વર્ષ 2026 માં ફુગાવો વધુ ઘટીને 2.6% થઈ શકે છે. જે તેના અગાઉના 3.1% ના અંદાજ કરતા નોંધપાત્ર રીતે ઓછો છે. ત્રિમાસિક અંદાજ દર્શાવે છે કે ફુગાવો બીજા અને ત્રીજા ક્વાર્ટરમાં 1.8%, ચોથામાં 4% અને આગામી નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં 4.5% સુધી પહોંચી શકે છે.

**શાકભાજી, મસાલા અને ખાદ્ય તેલના આંકડા :** ઓક્ટોબરમાં શાકભાજીની છૂટક કિંમત વાર્ષિક આધારે 27.57 ટકા, દાળ અને દાળ સંબંધીત ઉત્પાદનોના ભાવ 16.15 ટકા, મસાલાના ભાવ સરેરાશ 3.29 ટકા ઘટ્યો હતો, જ્યારે ખાદ્ય તેલોમાં વાર્ષિક આધારે છૂટક કિંમત 11.17 ટકા, ફળોની કિંમતમાં 6.69 ટકા વધી હતી.

## દિલ્હી બ્લાસ્ટ મામલે તપાસ એજન્સીઓને મોટી સફળતા, ઉમરની બીજી કાર મળી આવી



(એજન્સી) નવી દિલ્હી | તા.12

દિલ્હીમાં કાર વિસ્ફોટની તપાસમાં મોટી સફળતા મળી છે. ફરીદાબાદ પોલીસને લાલ રંગની ફોર્ડ ઈકોસ્પોર્ટ કાર (DL10CK0458) આગ્રા જિલ્લાના ખંદાવલી ગામ નજીકથી મળી આવી છે. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું કે, આ એજ કાર છે, જેના નામ પર દિલ્હી પોલીસે સમગ્ર રાજધાનીમાં હાઈએલર્ટ જાહેર કર્યું હતું. કારને હાલ રાઉન્ડ અપ કરી લેવાઈ છે અને તેને જપ્ત કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવામાં આવી છે. દિલ્હી પોલીસ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓને તેની માહિતી આપવામાં આવી છે. જણાવી દઈએ કે, બોમ્બ વિસ્ફોટમાં વપરાયેલી સફેદ કલરની I20 કાર ઉપરાંત શંકાસ્પદો સાથે એક લાલ રંગની ઈકોસ્પોર્ટ કાર પણ હતી. જ્યારબાદ પોલીસે એક લાલ રંગની ફોર્ડની EcoSport કારની શોધખોળ શરૂ કરી હતી. આ કારનું રજિસ્ટ્રેશન નંબર DL10CK0458 છે અને તે ઉમર નામના વ્યક્તિના નામે નોંધાયેલી છે.

### ફોર્ડ ઈકોસ્પોર્ટ કાર પોલીસને મળી

આ કાર 22 નવેમ્બર 2017ના રોજ દિલ્હીના રાજૌરી ગાર્ડન RTOથી રજિસ્ટર્ડ થઈ હતી. તપાસમાં સામે આવ્યું કે આ કાર ઉમર ઉન નબી ઉર્ફ ઉમર મોહમ્મદના નામે ખરીદાઈ હતી. ઉમર એ જ વ્યક્તિ છે, જે દિલ્હી બ્લાસ્ટ મામલે મુખ્ય શંકાસ્પદમાં સામેલ છે. પોલીસના અનુસાર, ઉમર મોહમ્મદે આ કારની ખરીદી સમયે બનાવટી સરનામાનો ઉપયોગ કર્યો હતો. તેમણે ડોક્યુમેન્ટ્સમાં નોર્થ ઈસ્ટ દિલ્હીના એક ઘરનું સરનામું આપ્યું હતું. દિલ્હી પોલીસે મોડી રાત્રે એ જ એડ્રેસ પર દરોડા પાડ્યા હતા, પરંતુ ત્યાંથી કોઈ વ્યક્તિ ન મળ્યો. તપાસ એજન્સીઓ હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે કારને ખંદાવલી ગામમાં કોણે અને ક્યારે છોડી.

# દિલ્હી બ્લાસ્ટને સરકારે આતંકવાદી ઘટના માની

## PM મોદી દિલ્હી બ્લાસ્ટના ઘાયલોને મળ્યા



PM મોદી બુધવારે ભૂટાનની બે દિવસીય રાજ્ય મુલાકાતથી પરત ફર્યા હતા. તેઓ મંગળવારે ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકના જન્મદિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ભૂટાન ગયા હતા. પીએમ દિલ્હી વિસ્ફોટના ઘાયલોની ખબર અંતર પુછવા માટે હોસ્પિટલમાં પહોંચ્યા હતા અને સારવાર સહિતની માહિતી મેળવી ઝડપથી તેઓ સાજા થાય તેવી કામના કરી હતી અને અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી.

## કેબિનેટ બેઠકમાં મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક સોમવાર સાંજે થયેલા બ્લાસ્ટે રાજધાનીને હચમચાવી દીધી. આ આતંકવાદી હુમલામાં અત્યાર સુધીમાં 12 લોકોના જીવ ગયા છે. આ મામલાની ગંભીરતાને જોતા વડાપ્રધાન મોદીએ આજે(12 નવેમ્બર) દિલ્હીમાં કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS)ની મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી. વડાપ્રધાન આવાસ પર યોજાયેલી કેબિનેટ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી જયશંકર અને NSA અજિત ડોભાલ સામેલ રહ્યા હતા. તપાસ, સુરક્ષા એજન્સીઓના રિપોર્ટ અને આગળની રણનીતિ પર ચર્ચા થઈ. કેબિનેટ બેઠક બાદ વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહની અલગથી બેઠક યોજાઈ. જણાવી દઈએ કે, લાલ કિલ્લા બ્લાસ્ટની ઘટનાની તપાસ તેજ બની છે.

**એક્ઝિટ પોલમાં ફરી નીતિશ સરકાર**

## બિહારમાં NDAને 121થી વધુ સીટ મળવાનું અનુમાન

(એજન્સી) પટના | તા.12

જનતાએ નીતિશ કુમાર પર ફરી વખત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બિહારની 243 વિધાનસભા સીટના 2,154 ગામ અને શહેરમાં થયેલા એક્સિસ માય ઈન્ડિયાના આ



સર્વેમાં 42,031 લોકોએ ભાગ લીધો. બિહાર વિધાનસભા ચૂંટણી 2025ના બંને તબક્કાનું મતદાન થયા બાદ એક્ઝિટ પોલના પરિણામ પણ સામે આવ્યા છે. રૂઝાનમાં ફરી એક વખત NDA સરકાર પરત આવવા તરફ ઈશારો કરી રહ્યું છે. એક્સિસ માય ઈન્ડિયાના સર્વે મુજબ NDAને 121થી 141 સીટ મળવાનું અનુમાન છે, જ્યારે મહાગઠબંધનને 98થી 118 સીટ મળી શકે છે. એટલે કે આંકડા સાફ જણાવી રહ્યા છે કે જનતાએ નીતિશ કુમાર પર ફરી વખત વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

## ભારત-રશિયા વચ્ચે મોટી ડીલની તૈયારી !

**વ્લાદિમીર પુતિન 5 ડિસેમ્બરે ભારત આવશે**

(એજન્સી) નવી દિલ્હી | તા.12

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના ભારત પ્રવાસની તારીખો સામે આવી છે. રિપોર્ટ મુજબ તેઓ પાંચ ડિસેમ્બરના રોજ ભારત આવી શકે છે. તેઓ ભારત આવીને સંરક્ષણ ક્ષેત્રે મોટી ડીલ કરવાના હોવાની પણ વિગતો સામે આવી છે. રશિયન રોસકોંગ્રેસ ફાઉન્ડેશને ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ભારત-રશિયા વચ્ચે સત્ર યોજવાનું આયોજન કર્યું છે, જેમાં પુતિન ભાગ લેવાના છે. ક્રેમલીને પણ કહ્યું છે કે, પુતિન ડિસેમ્બરમાં ભારત પ્રવાસ કરશે.

રોસકોંગ્રેસે કહ્યું છે કે, પુતિન પાંચમી ડિસેમ્બરે ભારતની મુલાકાત લેશે. આ દરમિયાન પુતિન સંરક્ષણ ક્ષેત્રે ભારત સાથે ભાગીદારી વધારવા અંગે વાતચીત કરી શકે છે. તેઓ એર ડિફેન્સ સિસ્ટમ-S400 અને SU-57 ફાઈટર જેટ ખરીદી અંગે વાતચીત કરી શકે છે. આ પહેલા તેઓ ડિસેમ્બર-2021માં ભારત આવ્યા હતા. પુતિનની ભારત મુલાકાત ખૂબ મહત્ત્વની માનવામાં આવી રહી છે. કારણ કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા પાસેથી તેલ ખરીદનાર ભારત પર દબાણ વધારી રહ્યા છે, ત્યારે પુતિનના ભારત પ્રવાસ પર અમેરિકાની ખાસ નજર રહેશે.



## ઈમેલ મારફતે દેશના પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી



(એજન્સી) નવી દિલ્હી | તા.12

મુંબઈથી વારાણસી જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટને વચ્ચે ઉડાન દરમિયાન બોમ્બની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો અને આ બનાવ બાદ લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે હાઈ અલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. આજે બપોરે 3.30 વાગ્યે ઈન્ડિગોને ઈમેલ દ્વારા પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, ત્રિવેન્દ્રમ, હૈદરાબાદને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે, જેના કારણે હડકંપ મચી ગયો છે. દિલ્હીમાં થયેલા બોમ્બ વિસ્ફોટની તપાસ ચાલી રહી છે, તે દરમિયાન બુધવારે બપોરે 3.30 વાગ્યે ઈન્ડિગો એરલાઈન્સને ઈમેલ મારફતે પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. ઈન્ડિગોને મોકલાયેલ ઈમેલમાં ઉલ્લેખિત ધમકી આ પાંચ વિમાનમથકોને ઉડાવવાની હતી.જેમાં દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, ત્રિવેન્દ્રમ અને હૈદરાબાદા ધમકી મળ્યા બાદ હડકંપ મચી ગયો છે.

### એર ઈન્ડિયાની ફ્લાઇટને ધમકી


મુંબઈથી વારાણસી જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટને વચ્ચે ઉડાન દરમિયાન બોમ્બની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો અને આ બનાવ બાદ લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે હાઈ અલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. વિમાને તાત્કાલિક આપાતકાલીન લેન્ડિંગ કરી અને તેને તરત જ આઈસોલેશન બે માં લઈ જવામાં આવ્યું છે. તમામ મુસાફરોને સલામત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે, જ્યારે બોમ્બ નિરોધક દળે વિમાનની સંપૂર્ણ તપાસ કરી છે. હજી સુધી કોઈ શંકાસ્પદ સામાન મળ્યો નથી. મુંબઈથી વારાણસી જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટમાં વચ્ચે ઉડાન દરમિયાન બોમ્બની ધમકી મળી હતી.

**કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય**

# કેબિનેટ બેઠકમાં 25 હજાર કરોડના 'એક્સપોર્ટ પ્રમોશન મિશન'ને મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા.12

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે (12 નવેમ્બર) કેબિનેટની બેઠક યોજાઈ હતી, જેમાં દિલ્હી બ્લાસ્ટના પીડિતોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ત્યારબાદ સરકારે વિશ્વમાં ભારતને વેગવંતુ બનાવવા અને દેશની અર્થવ્યવસ્થા અંગે અનેક મોટા નિર્ણય કર્યા છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે બેઠકની વિગતો આપતા કહ્યું કે, કેબિનેટની બેઠકમાં 'એક્સપોર્ટ પ્રમોશન મિશન' માટે 25,060 કરોડ રૂપિયાને મંજૂરી આપવામાં આવી છે. આ મિશન હેઠળ ભારતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ હબ બનાવવામાં આવશે, જેના કારણે નાના અને મધ્યમ ઉદ્યોગોને મોટો ફાયદો થશે. મિશન હેઠળ નિકાસ પ્રક્રિયાને સરળ બનાવવા ઉપરાંત સ્પર્ધાત્મક બનાવાશે. દિલ્હીમાં લાલ કિલ્લા નજીક 10 નવેમ્બરે સાંજે થયેલા બ્લાસ્ટે રાજધાનીને હચમચાવી દીધી હતી. આ આતંકવાદી હુમલામાં અત્યાર સુધીમાં 12 લોકોના જીવ ગયા છે. આ મામલાની ગંભીરતાને જોતા વડાપ્રધાન મોદીએ આજે (12 નવેમ્બર) દિલ્હીમાં કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS)ની મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી.



## નિકાસકારોના હિતમાં પણ લેવાયો મોટો નિર્ણય

અશ્વિની વૈષ્ણવે વધુમાં કહ્યું કે, 'એક્સપોર્ટર્સ ગેરંટી સ્કીમ' હેઠળ 20,000 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈથી નિકાસકારોને નાણાકીય સુરક્ષા મળશે અને આંતરરાષ્ટ્રીય વેપારમાં રહેલું જોખમ ઓછું થશે. અન્ય એક નિર્ણય અંગે તેમણે કહ્યું કે, 'ક્રિટિકલ મિનરલ્સ કાયદામાં સંશોધનને પણ મંજૂરી આપવામાં આવી છે. આનાથી ભારતને વ્યૂહાત્મક ખનીજોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં મદદ મળશે, જે ઈલેક્ટ્રોનિક્સ, ડિફેન્સ અને ગ્રીન એનર્જી સેક્ટર માટે મહત્ત્વપૂર્ણ છે. કેન્દ્ર સરકારે કહ્યું કે, આ નિર્ણયોના કારણે ભારતની આર્થિક આત્મનિર્ભરતા વધુ મજબૂત થશે અને મેક ઈન ઈન્ડિયા તેમજ વોકલ ફોર લોકલ મિશન વેગવંતુ બનશે.

## મુર્શિદાબાદમાં ભયાનક સિલિન્ડર બ્લાસ્ટ, પરિવારના 6 લોકો ઘાયલ

(એજન્સી) મુર્શિદાબાદ | તા.12

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં એક ભયાનક દુર્ઘટના બની છે. કાંડી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રામેશ્વરપુર ગામમાં એક ઘરમાં રસોઈ બનાવતી વખતે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ થતાં જ ઘટનાસ્થળે આગ લાગી ગઈ, જેના કારણે વ્યાપક ગભરાટ ફેલાયો છે.

આ દુર્ઘટનામાં એક જ પરિવારના 6 સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા છે, જ્યારે એક બાળકનું મોત નીપજ્યું છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, ઘટનાની તપાસ કરી અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા છે. ઘટના

**એક બાળકનું ઘટનાસ્થળે જ મોત**

બાદ ઘટનાસ્થળે ભીડ એકઠી થઈ ગઈ છે. અહેવાલો મુજબ મુર્શિદાબાદ જિલ્લાના કાંડી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા રામેશ્વરપુર ગામમાં બુધવારે એક ભયાનક બ્લાસ્ટ થયો હતો. સવારે એક પરિવાર ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરીને ભોજન રાંધી રહ્યો હતો. અચાનક ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો અને અચાનક બ્લાસ્ટથી ઘરમાં આગ લાગી ગઈ, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો. રહેવાસીઓએ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને જાણ કરી છે. પોલીસ અને ફાયર ફાઈટર ઘટનાસ્થળે પહોંચી ગયા અને પરિસ્થિતિને કાબુમાં લીધી છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે આખું ઘર ધરાશાયી થઈ ગયું.

## પેરુમાં ભયાનક દુર્ઘટના, અકસ્માત બાદ બસ ખીણમાં ખાબકી, 37 મુસાફરોના મોત

(એજન્સી) નવી દિલ્હી | તા.12

દક્ષિણી પેરુના અરેક્વિપા વિસ્તારમાં બુધવારે (12 નવેમ્બર) વહેલી સવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. ચાલા શહેરથી અરેક્વિપા જઈ રહેલી એક મુસાફર બસ અન્ય એક વાહન સાથે અથડાયા બાદ 200 મીટર ઊંડી ખીણમાં ઓકોના નદી કિનારે ખાબકી છે. અરેક્વિપાના પ્રાદેશિક આરોગ્ય પ્રમુખ વાલ્થર ઓપોર્ટોના જણાવ્યા મુજબ, બસ ઓકોના જિલ્લામાંથી પસાર થઈ રહી હતી. બસે એક વાનને ટક્કર મારી, જેના કારણે ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો અને બસ રસ્તા પરથી પલટીને ઊંડી ખીણમાં ખાબકી હતી. અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 37 લોકોના મૃત્યુ થયા છે, જ્યારે 26 લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં ત્રણની હાલત ગંભીર છે.

**37ના મોત, 26 ઈજાગ્રસ્ત ત્રણની હાલત ગંભીર**

## ભાજપના લોકો ખુલ્લેઆમ મત ચોરી રહ્યા છે... રાહુલ ગાંધીનો મોટો આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે લાખો ભાજપના સભ્યો મતદાન કરવા માટે ખુલ્લેઆમ વિવિધ રાજ્યોમાં ફરે છે, અને આ ચોરી છુપાવવા માટે બધા પુરાવાઓનો નાશ કરવામાં આવે છે. ભાજપ અને ચૂંટણી પંચ ખુલ્લેઆમ મત ચોરી કરવા માટે સાંઠગાંઠ કરી રહ્યા છે. લોકશાહીની હત્યા લાઈવ થઈ રહી છે. વાસ્તવમાં, રાહુલ ગાંધીએ કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી શેર કરાયેલી એક પોસ્ટનો જવાબ આપ્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, 'આ અજિત ઝા છે. અજિતે હરિયાણા ચૂંટણી, દિલ્હી ચૂંટણી અને હવે બિહાર ચૂંટણીમાં મતદાન કર્યું છે.

Nippon india Mutual Fund
Wealth sets you free

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. Schedule of upcoming IAP is as mentioned below:

| Date | Time | Location |
|---|---|---|
| 15th November, 2025 | 06:30 PM | Ahmedabad |

Venue: Hotel El Dorado , Near Mithakhali crossroads , Ahmedabad PIN 380009
Name: Sameer Thakore | Mob. No.: 9136949346

Nippon Life India Asset Management Limited| CIN:L65910MH1995PLC220793

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રી કૌશિક વેકરિયા સહભાગી થયા

# CM ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં નોટરી પોર્ટલનું લોન્ચિંગ કર્યું

## રાજ્યમાં નોટરી તરીકે પસંદ થયેલા ૧૫૦૦થી વધુ એડવોકેટશ્રીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા





(એજન્સી) ગાંધીનગર | તા.12

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કાયદા વિભાગ અને ગુજરાત બાર કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે નોટરી તરીકે પસંદગી પામેલા ૧૫૦૦થી વધુ એડવોકેટશ્રીઓને ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. તેમણે રાજ્યમાં ઈ-નોટરી સિસ્ટમ વિકસાવવા માટે નોટરી પોર્ટલને લોન્ચ કરી, મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય માનવીના હિતને, તેની સરળતાને ઈઝ ઓફ લિવિંગના કેન્દ્રસ્થાને રાખી છે. તેમણે દરેક ભરતી પ્રક્રિયા કે યોજનાઓના લાભ વિતરણમાં પારદર્શિતા સાથે મેક્સિમમ ગવર્નન્સ મિનીમમ ગવર્નમેન્ટનો શાસન મંત્ર અપનાવ્યો છે. ગુજરાતના કાયદા જગતમાં આજે એ જ મંત્રને સાકાર કરતો અવસર છે.

તેમણે કહ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્ર કે રાજ્યના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે કાયદાનું શાસન મહત્ત્વનો પાયો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાયદાના શાસન માટે સમય અનુરૂપ કાયદાઓ પ્રસ્તુત કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેમણે અંગ્રેજોના સમયના બિનજરૂરી કાયદાઓ રદ કરી કાનૂની પ્રક્રિયા સરળ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'જસ્ટિસ ટુ ઓલ, અપીઝમેન્ટ ટુ નન' મંત્ર સાકાર થઈ રહ્યો છે. ત્રિપલ તલાક, કલમ ૩૭૦ની નાબૂદી અને ભારતીય ન્યાય સંહિતાનો સુચારું અમલ તેમના માર્ગદર્શનમાં પાર પડ્યો છે. કાયદાકીય પ્રક્રિયામાં વિશ્વાસ, સુરક્ષા અને પ્રામાણિકતા સ્થાપિત કરીને વિકાસને ગતિ આપવા માટે નોટરી તરીકેની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે.

કાયદાકીય પ્રણાલી અને અર્થતંત્રમાં વિશ્વાસનું નિર્માણ કરવા માટે દસ્તાવેજોની ઓથેન્ટીસિટીનું દાયિત્વ નોટરીના શિરે છે. નોટરી દ્વારા નોટરાઈઝ કરેલા દસ્તાવેજોને કાયદાકીય માન્યતા મળે છે તેમજ કોર્ટ અને અન્ય જગ્યાઓ પર આ દસ્તાવેજની સ્વીકૃતિ સરળ બનાવવાથી લોકોનું ઈઝ ઓફ ડુઈંગ પણ વધે છે. તેમ તેમણે ઉમેર્યુ હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સામાન્ય માનવીને મળતી સેવા સુવિધાઓમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશનનો નવો યુગ શરૂ કરાવ્યો છે. સરકારી સેવાઓ છેવાડાના નાગરિક સુધી મોબાઈલની એક ક્લિકથી લોકો સુધી પહોંચે તેવું લક્ષ્ય તેમણે રાખ્યું છે. ડિજિટલ ભારત અંતર્ગત ડિજિટલ માધ્યમોથી સરકારી સેવાઓની પારદર્શક પહોંચને સુનિશ્ચિત કરી છે. તેમના દિશાદર્શનમાં કાનૂની વ્યવસ્થાઓને આધુનિક બનાવવા માટે ડિજિટલાઈઝેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. આજે ગુજરાતમાં શરૂ થયેલું નોટરી પોર્ટલ વડપ્રધાનશ્રીના ડિજિટલ ભારતના સ્વપ્નને સાકાર કરતું વધુ એક કદમ છે. નવા પોર્ટલના પરિણામે નોટરીની નિમણૂક અને અરજી પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ થઈ જશે. સર્વને સમાન અને ન્યાયી તક પણ મળશે. દસ્તાવેજો અપલોડ કરવાની અને અરજીના સ્ટેટસ જાણવાની સમગ્ર પ્રક્રિયા હવે ઓનલાઈન થઈ જશે. જેથી નોટરીની સેવા લેવા માટેના સમય અને શક્તિની બચતથી કાર્યક્ષમતા વધશે. તેમ મુખ્યમંત્રીશ્રીએ નોટરી પોર્ટલ લોંચ કરતા જણાવ્યું હતું.

નવા પોર્ટલથી દરેક લીગલ ડોક્યુમેન્ટ ભવિષ્યમાં સુરક્ષિત અને પ્રમાણિત કરવાની સાથે વર્ષો સુધી તેનો સેન્ટ્રલ રેકોર્ડ જાળવવામાં પણ મદદ મળશે. નોટરીની તમામ કાર્યવાહીનું તબક્કાવાર ડિજિટલાઈઝેશન થતા કાગળોનો વપરાશ ઘટશે અને પર્યાવરણનું રક્ષણ થશે. જેનાથી પેપરલેસ ગવર્નન્સના કોન્સેપ્ટને વેગ મળશે. તેનો વિશેષ ઉલ્લેખ તેમણે કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નવનિયુક્ત નોટરી તરીકે પસંદગી થયેલા એડવોકેટને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં ૧,૫૦૦થી વધારે વકીલોને નોટરી બનાવવાનું ભગીરથ કાર્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનો આભાર વ્યક્ત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨,૯૦૦ નોટરીની જગ્યાઓ સામે આ જગ્યાઓમાં બમણાથી વધુનો વધારો કરીને આજે ૬,૦૦૦ કરવામાં આવી છે, જેનાથી ભવિષ્યમાં મોટી સંખ્યામાં વકીલોને તેનો લાભ મળશે. આજે નોટરી માટેનું ઈ-પોર્ટલ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ ઈ-પોર્ટલના માધ્યમથી સામાન્ય નાગરિકોના સમયની બચત થશે. અસીલના હિત સાથે સમાજના હિતનું પણ ધ્યાન રાખી, ઝડપી ન્યાય માટે સહકાર આપવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ વકીલોને અપીલ કરી હતી.

વધુમાં નાયબ મુખ્યમંત્રી શ્રી સંઘવીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમને ગૌ હત્યા અટકાવવા તેમજ ગૌ માતાના રક્ષણ માટે જે કાયદો લાવ્યા તે એક ઐતિહાસિક નિર્ણય હતો.

NEWS BRIEF

## દાહોદ તાલુકામાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને અપાઈ તાલીમ

દિપક રાવલ | દાહોદ » દાહોદ તાલુકામાં આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગમાં રવિ ઋતુ પૂર્વ તાલીમ સ્વયં પ્રેરિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે અવેરનેસ અને ઓરિએંટશન પ્રોગ્રામ દરેક



તાલુકામાં યોજવામાં આવ્યો હતો. તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પણ તેમનું તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આયાનો વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક ખેતીની રવિ સિઝનમાં કેવી રીતે શરૂઆત કરવી તેની સમજ આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતીના ફાયદાકારક લાભો સમજાવવામાં આવ્યા સાથે સાથે સ્વદેશી અપનાવવા માટે સ્વદેશી શપથ લેવડાવવામાં આવ્યા હતા.

## ભેસાણ જીન પ્લોટ ક્લસ્ટર કક્ષાનો કલા ઉત્સવ અને ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ » શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સેન્ટર શાળા, ભેસાણ ખાતે જીન પ્લોટ ક્લસ્ટર કક્ષાનું ગણિત- વિજ્ઞાન પ્રદર્શન અને કલા ઉત્સવ ઉત્સાહપૂર્વક યોજાયું હતુ. આ કાર્યક્રમમાં નવ સરકારી પ્રાથમિક શાળાઓના ૫૨ બાળ વૈજ્ઞાનિકોએ ૨૬ નવીન અને સર્જનાત્મક કૃતિઓ પ્રસ્તુત કરી હતી. જ્યારે કલા ઉત્સવમાં ૩૬ વિદ્યાર્થીઓએ ચિત્રકળા, વાદન, ગાયન અને કાવ્ય સ્પર્ધાઓમાં પોતાની પ્રતિભા રજૂ કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ, ગ્રામજનો, શિક્ષકો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમા ભેસાણ તાલુકાના મામલતદારશ્રી આઈ.આર. પારગી, જિલ્લા પંચાયતના સદસ્યશ્રી અનુભાઈ ગુજરાતી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જગદીશભાઈ મકવાણા, કેળવણી નિરીક્ષક શ્રી બાબુલાલ ગોંડલીયા, તાલુકાના બી.આર.સીશ્રી દિલીપભાઈ મકવાણા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી પ્રવીણભાઈ સોજીત્રા, સી.આર.સી.શ્રી ડો.કિશોર શેલડીયા, એસએમસી અધ્યક્ષશ્રી ડો. હિતેશભાઈ વઘાસિયા અને કન્વીનર તથા આચાર્યશ્રી ડિમ્પલબેન ક્યાડા ઉપસ્થિત રહ્યા હતા.

## મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢના ઔદ્યોગિક એકમો ખાતે અવેરનેસ કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ » જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ એસઆઈઆર ખાસ સઘન મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢના ઔદ્યોગિક એકમો ખાતે અવેરનેસ કેમ્પ યોજાયો હતો. ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૫ અન્વયે સ્થળાંતર નોડલ ઓફિસરશ્રી અને લેબર કમિશનરશ્રી ભડાણીયા તથા નાયબ મામલતદારશ્રી તથા સ્થાનિક બીએલઓશ્રી, સુપરવાઈઝરશ્રી અને સ્થાનિક બુથ લેવલ ઓફિસર દ્વારા ક્રિએટિવ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ, બાદાણી કોર્પોરેશન, વર્ષા ઈન્ડસ્ટ્રી જેવા વિવિધ ઔદ્યોગિક એકમ ખાતે ઔદ્યોગિક કર્મચારી તથા ઔદ્યોગિક વર્કર્સ માટે અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૫ ની માહિતી આપવામાં આવી હતી. તેમજ મતદારોએ ભરવાના થતા ગણતરી ફોર્મ્સ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ મતદારોના પ્રશ્નો સાંભળી તેનું યોગ્ય માર્ગદર્શન દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

## જૂનાગઢ જિલ્લામાં કુલ 289.41 કિલોમીટરના 41 રોડ રસ્તાઓના મરામતના કામ મંજૂર

નરેન્દ્ર દવે | જૂનાગઢ » જૂનાગઢ જિલ્લામાં કુલ ૨૮૯.૪૧ કિલોમીટરના ૪૧ રસ્તાઓના કામો મંજૂર કરવામાં આવ્યા છે. જિલ્લામાં રસ્તાઓના દુરસ્તીકરણની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. આ સાથે રસ્તાઓના રીસર્ફેસીંગ માટેની જરૂરી વહીવટી પ્રક્રિયાઓ પણ પૂર્ણ કરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય હસ્તકના માળીયા હાટીના તાલુકાના ઝુઝારપુર, ખંભાળિયા જેવા ગામોને ચોરવાડ મુખ્ય મથક સાથે જોડતો એક અગત્યનો રસ્તો છે. જે ૫.૩૮ કિલોમીટરની લંબાઈ ધરાવે છે. જેને નવી ડામર સપાટીથી મઢવાનું કામ પ્રગતિ હેઠળ છે અને જે ટૂંક સમયમાં પૂરું થનાર છે.

## ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2025માં G.T.U.ના ડૉ.ગોહિલની કૉ ઓર્ડીનેટર તરીકે પસંદગી

અમદાવાદ | સમગ્ર ભારત વર્ષની 1,000 થી પણ વધારે યુનિવર્સિટી ના સ્પોર્ટ્સ ડાયરેક્ટર માંથી માત્ર 23 ડાયરેક્ટરો ને કોર્ડીનેટર તરીકે નીમવામાં આવેલ જેમાં ગુજરાતના બે પ્રતિનિધિઓની પસંદગી થયેલ છે. જેમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ખાતે કાર્યરત સ્પોર્ટ્સ ઓફિસર ડો. આકાશ ગોહિલ ની મલખંભ રમત કો-ઓર્ડીનેટર તરીકે પસંદગી કરવામાં આવેલ છે. આગામી નવેમ્બર ૨૬ થી ડિસેમ્બર ૫ સુધી આ રમત આયોજન રાજસ્થાન ના ૬ મુખ્ય શહેરોમાં થનાર છે. જી.ટી.યુ. દ્વારા છેલ્લા ૫ વર્ષથી મેવાડ ખાતે આવેલ ITR - GTU ખાતે મલખંભ રમત સેન્ટર બનાવીને આ રમતને પ્રોત્સાહન આપવામાં આવે છે. ગુજરાત ટેક્નલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ કે .ગજ્જર અને કુલસચિવ ડો. કે. એન. ખેર અને સમગ્ર યુનિવર્સિટી પરિવાર અને રમત પ્રેમી તરફથી ડો. આકાશ ગોહિલને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે. જી.ટી.યુ. દ્વારા વિદ્યાર્થીઓને અનુલક્ષીને ઘણી પ્રવુતિઓ હાથ ધરવામાં આવે છે. ગુજરાતના યુનિવર્સિટી રમતગમત ક્ષેત્રમાં આ નિમણૂક આવકાર્ય છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં

## ગાંધીનગરમાં ગુજરાત સરકાર અને બજાજ કંપની સાથે LOA સંપન્ન

ગાંધીનગર | ગુજરાતના લાખો ગરીબ પરિવારોના આરોગ્યની સુરક્ષાને વધુ સુદૃઢ બનાવવા માટે ગુજરાત સરકારે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રાજ્ય સરકારે બજાજ ઈન્સ્યોરન્સ કંપની સાથે એક નવા લેટર ઓફ એવોર્ડ પર હસ્તાક્ષર કર્યા છે, જે રાજ્યની જનતા માટે આર્થિક રાહત અને વિસ્તૃત આરોગ્ય કવચ સુનિશ્ચિત કરે છે. આ એગ્રીમેન્ટથી રાજ્ય સરકારને વર્ષે અંદાજિત ૧,૧૦૦ કરોડથી વધુનો ફાયદો થશે. આ બચત થયેલા નાણાંનો ઉપયોગ



રાજ્ય સરકાર અન્ય જનકલ્યાણકારી યોજનાઓ અને આરોગ્ય માળખાને વધુ મજબૂત બનાવવા માટે કરી શકશે, જે નાગરિકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ગરીબ પરિવારોને આરોગ્ય કવર આપતી યોજના છે જેમાં ગુજરાતમાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં ૧.૦૩ કરોડ પરીવારો લાભ લઈ રહ્યા છે.

## દિવ્યાંગો માટે શિક્ષણ સહાયક ભરતી, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક સ્કૂલોમાં 759 જગ્યા

ગાંધીનગર | ગુજરાત રાજ્યની બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓમાં શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા દિવ્યાંગ ઉમેદવારો માટે એક મહત્ત્વપૂર્ણ તક આવી છે. ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ દ્વારા રાજ્યમાં 759 જગ્યા પર દિવ્યાંગ ઉમેદવારો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતીની જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દ્વિસ્તરીય TAT(S)-2023 આધારિત મેરિટના ધોરણે પસંદગી યાદી તથાં પ્રતિક્ષા યાદી તૈયાર કરવા નિયમ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 12 નવેમ્બરથી 21 નવેમ્બર, 2025ની રાત્રે 23:59 વાગ્યા સુધી સત્તાવાર વેબસાઈટ gserc.in પરથી ઓનલાઈન અરજી કરી શકાશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં

## ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ડેડિયાપાડા ખાતે થશે

(એજન્સી) ગાંધીનગર | તા.12

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતા હેઠળ નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે આગામી તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ થશે. આ ઉજવણી દરમિયાન વડાપ્રધાનશ્રી રૂ. ૮,૪૦૦ કરોડથી વધુના કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને ગુજરાતને વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપશે. આ ઉપરાંત વડાપ્રધાનશ્રી આદિવાસીઓના આસ્થાના કેન્દ્ર સમાન દેવમોગરા માતાજીના દર્શનાર્થે પણ જશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં વડાપ્રધાનશ્રીના કાર્યક્રમની સંપૂર્ણ તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી, તેમ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ઉપરાંત રાજ્યના વિવિધ સ્થળો ખાતે પણ રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમંજ વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કાર્યક્રમો યોજાશે. પ્રવક્તા મંત્રી શ્રી વાઘાણીએ આ અંગે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આ વર્ષે સમગ્ર દેશમાં રાષ્ટ્રભાવના ઉજાગર કરતીઅનેકઐતિહાસિકઉજવણીઓ કરવામાં આવી રહી છે.

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ, બંધારણ અંગીકરણના ૭૫ વર્ષ, પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મ શતાબ્દી તેમજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રીએ સમાજના છેવાડાના, વંચિત અને આદિજાતિઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે હરહંમેશ પ્રયાસો કર્યા છે.

ખેડૂતોના હિતમાં કૃષિ પેકેજ અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે

## ગુજરાતની સિદ્ધિ માટે મંત્રી મંડળે CMને અભિનંદન પાઠવ્યા: વાઘાણી

ગાંધીનગર | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ વિષયો અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં તાજેતરના વરસેલા કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંવેદનશીલ અભિગમથી જાહેર કરેલા અગાઉ રૂ. ૯૪૭ કરોડ અને તાજેતરમાં રૂ. ૧૦,૦૦૦ કરોડના એમ બે ઉદારતમ કૃષિ રાહત પેકેજ બદલ રાજ્ય મંત્રી મંડળે તેમને ગુજરાતના ખેડૂતો વતી અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ ઉદાર અભિગમ અપનાવીને અગાઉના રૂ. ૯૪૭ કરોડના પેકેજમાં પિયત અને બિન પિયત માટે એક સમાન ધોરણે સહાય આપવાનો નિર્ણય કરતાં વધુ રૂ. ૧૯૦ કરોડ ફાળવતા સહાય પેકેજની રકમ હવે રૂ. ૧૧૩૭ કરોડ થઈ છે. આમ, સમગ્ર ગુજરાતમાં કમોસમી વરસાદનો માર સહન કરેલા ધરતીપુત્રોને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૧,૧૩૭ કરોડનું માતબર પેકેજ મુખ્યમંત્રીશ્રીએ આપ્યું છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રી શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, જળ વ્યવસ્થાપન ક્ષેત્રે પણ ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ઐતિહાસિક સિદ્ધિઓ મેળવી છે.

## અમરેલીમાં ગૌહત્યા આજીવન કેદની સજા ન્યાયનો નવો ઈતિહાસ રચાયો

અમરેલી | ગુજરાતમાં ગૌવંશના કતલની પ્રવૃત્તિ આચરનારા તત્વોને ધ્રુજાવી દે તેવો એક ઐતિહાસિક ચુકાદો અમરેલીની નામદાર કોર્ટે આપ્યો છે. પોલીસે બાતમીના આધારે ગૌહત્યા આજીવન કેદના ગુનામાં ઝડપેલા ત્રણ આરોપીઓને કોર્ટે દોષિત ઠેરવીને આજીવન કારાવાસ અને રૂપિયા પાંચ લાખનો આકરો દંડ ફટકાર્યો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ ચુકાદાને ગૌવંશનું કતલ કરતા કસાઈઓ માટે લાલબત્તી સમાન ગણાવીને, ગૌમાતાના સંરક્ષણ પ્રત્યે સરકારની અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

વેફર ખવડાવવા જવું ભારે પડ્યું!

## ધોળકામાં 11 વર્ષના બાળક પર શ્વાનનો હુમલો, સોલા સિવિલમાં દાખલ

અમદાવાદ | અમદાવાદ ધોળકાના નાનીબોરૂ ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં રમત-રમતમાં શ્વાનને વેફર ખવડાવવા ગયેલા 11 વર્ષના બાળક પર શ્વાને અચાનક હુમલો કરી દીધો હતો. આ ઘટનામાં બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક સારવાર માટે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ધોળકાના નાનીબોરૂ ગામનો 11 વર્ષીય બાળક રમત-રમતમાં શ્વાનને વેફર ખવડાવી રહ્યો હતો. આ દરમિયાન અચાનક શ્વાને બાળક પર હુમલો કર્યો હતો અને



બાળકના ડાબા હાથ પર બે જગ્યાએ બટકા ભરી લીધા હતા. શ્વાનના હુમલાના કારણે બાળકના હાથમાંથી લોહી નીકળવા લાગ્યું અને તે ગભરાયેલી હાલતમાં હતો. બાળક ઈજાગ્રસ્ત થતાં પરિવાર તાત્કાલિક વટામણા સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા.

રાજ્યની જનગણના કચેરીના ડાયરેક્ટર સુજલ મયાત્રાએ

## સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જનગણના-2027 પૂર્વ-ટેસ્ટની ક્ષેત્રિય કામગીરીની સમીક્ષા કરી

સુરત | ગુજરાતની જનગણના કચેરીના ડાયરેક્ટર શ્રી સુજલ મયાત્રાએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જનગણના-૨૦૨૭ પૂર્વ-ટેસ્ટની ક્ષેત્રિય કામગીરીની સમીક્ષા કરી હતી. જે અંતર્ગત તેમણે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં.-૨ની મુલાકાત લઈને જનગણના-૨૦૨૭ પૂર્વ-ટેસ્ટ હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ ઓપરેશન્સ (HLO)ની ચાલી રહેલી કામગીરીની વિસ્તૃતમાં વિગતો મેળવી હતી.

ડાયરેક્ટર શ્રી સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, આ પૂર્વ-ટેસ્ટ જનગણના-૨૦૨૭ની તૈયારીના ભાગરૂપે કરવામાં આવી રહી છે,




જે દેશની પહેલી સંપૂર્ણ રીતે ડિજિટલ અને પેપરલેસ જનગણના હશે. આ જનગણનાનું મુખ્ય લક્ષ્ય ક્ષેત્રિય પ્રક્રિયાઓનું મૂલ્યાંકન, ડિજિટલ એપ્લિકેશન્સનું પરીક્ષણ અને સંપૂર્ણ જનગણનાથી પહેલા ઓપરેશનલ પડકારોની ઓળખ કરવાનું છે.

આ મુલાકાત દરમિયાન શ્રી મયાત્રાએ ગણતરીદારો અને સુપરવાઈઝરો સાથે વાતચીત કરીને તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે ૧૦૦ ટકા ડિજિટલ ડેટા સંગ્રહ સુનિશ્ચિત કરવા માટે મોબાઈલ એપ્લિકેશન્સના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું હતું અને ટેકનોલોજી દ્વારા કાર્યક્ષમતા, ચોકસાઈ તેમજ પારદર્શિતામાં વધારો કરવા પર ભાર મૂક્યો હતો. ડાયરેક્ટર શ્રી મયાત્રાએ જનગણના-૨૦૨૭માં પહેલીવાર અમલમાં આવનાર સ્વ-ગણના વિકલ્પ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ વિકલ્પ નાગરિકોને સુરક્ષિત ડિજિટલ પ્લેટફોર્મ પર પોતાની માહિતી ભરવાની સુવિધા આપે છે. શ્રી મયાત્રાએ ફિલ્ડ સ્ટાફને આ વિકલ્પ સાથે પરિચિત થવા અને નાગરિકોને તેનો વ્યાપક ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા સૂચન કર્યું હતું. જનગણના-૨૦૨૭ પૂર્વ-ટેસ્ટ માત્ર તકનીકી અભ્યાસ નથી, પરંતુ દેશના સૌથી મોટા ડિજિટલ ડેટા સંગ્રહ પ્રયાસ માટેની રિહર્સલ છે. સામૂહિક પ્રતિબદ્ધતા અને જાહેર સહભાગીતાથી આ જનગણનાને પારદર્શિતા તથા ટેકનોલોજી સુધારણા માટેનું મોડલ બનાવવા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મયોગીઓને શ્રી મયાત્રાએ પ્રેરિત કર્યા હતા.

ટેમ્પામાંથી 82 કટ્ટા ચોખાનો જથ્થો મળતાં ડ્રાઈવરની અટકાયત

## પંચમહાલમાં સરકારી અનાજ કૌભાંડનો પર્દાફાશ: ચોખા ભરેલો ટેમ્પો ઝડપાયો

પંચમહાલ | પંચમહાલ જિલ્લામાં શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો સગેવગે થતો હોવાનો પોલીસે પર્દાફાશ કર્યો છે. ગોધરા બી-ડીવીઝન પોલીસે ગોધરા-અમદાવાદ રોડ પરથી 82 કટ્ટા શંકાસ્પદ ચોખા ભરેલા એક ટેમ્પાને ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીને પગલે અનાજ માફીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગોધરા બી-ડીવીઝન પોલીસને શંકાસ્પદ અનાજની હેરાફેરી અંગે બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ગોધરા-અમદાવાદ રોડ પર વોચ ગોઠવી હતી, તે દરમિયાન શંકાસ્પદ ટેમ્પાને અટકાવી




તલાશી લેવામાં આવી હતી. ટેમ્પામાંથી 82 કટ્ટા ચોખાનો જથ્થો મળી આવતા પોલીસે ડ્રાઈવરની અટકાયત કરી હતી. પોલીસે તાત્કાલિક આ મામલે પુરવઠા વિભાગને જાણ કરી હતી. પુરવઠા વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ચોખાના જથ્થા તેમજ ટેમ્પાને કબ્જે લીધો હતો. પુરવઠા વિભાગ દ્વારા ચોખાનો જથ્થો અને ટેમ્પો મળી કુલ રૂ. 8 લાખનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ ચોખાનો જથ્થો ખરેખર સરકારી છે કે કેમ અને જો સરકારી છે તો તે ક્યાંથી લવાયો અને ક્યાં લઈ જવાતો હતો, તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. આ શંકાસ્પદ ચોખાનો જથ્થો ઝડપાતા જિલ્લાના અનાજ માફીયાઓમાં ગભરાટ ફેલાયો છે. પ્રાથમિક તપાસમાં આ સમગ્ર કૌભાંડ મામલે 'રવિ' નામના અનાજ માફીયાનું નામ મોખરે આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે, જેને પગલે પોલીસે તે દિશામાં પણ તપાસનો દોર લંબાવ્યો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ન્યૂઝ ફ્લેશ

### વડોદરા પાર્કિંગ જાહેરનામું માત્ર કાગળ પર: ચાર રસ્તા ૧૦૦ મીટર માં સરેઆમ ઉલ્લંઘન




વડોદરા | વડોદરા શહેરની ટ્રાફિક વ્યવસ્થાને સુધારવાના ઉદ્દેશથી શહેર પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલું મહત્ત્વપૂર્ણ જાહેરનામું માત્ર કાગળ પર જ રહ્યું હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. શહેરના તમામ ચાર રસ્તા અને ત્રણ રસ્તા પર ૧૦૦ મીટરના અંતરની અંદર વાહન પાર્કિંગની મનાઈ ફરમાવતા આ જાહેરનામાનું વાહનચાલકો દ્વારા સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. સૌથી મોટી ચિંતાનો વિષય એ છે કે આ નિયત જગ્યાઓ પર પોલીસ કે ટ્રાફિક પોલીસ દ્વારા કોઈ ચેકિંગ કે મેમો આપવાની કાર્યવાહી થતી ન હોવાથી વડોદરા પાર્કિંગ જાહેરનામું નિષ્ફળ ગયું હોવાની લોક ચર્ચા થઈ રહી છે.

### વડોદરા મંકી માસ્ક પ્રતિબંધનો કડક અમલ જરૂરી અછોડા તોડ ચોરી વધી

વડોદરા | વડોદરા શહેરમાં ગુનાખોરીના વધતા પ્રમાણ વચ્ચે 'મંકી માસ્ક' નો ખુલ્લેઆમ ઉપયોગ ફરી એકવાર ચિંતાનું કારણ બન્યો છે. ભૂતકાળમાં અછોડા તોડ ચોરી જેવી ગંભીર ગુનાઓની ઘટનાઓને અંજામ આપનારાઓ મંકી માસ્ક પહેરતા હોવાનો ઘટસ્ફોટ થતાં તત્કાલીન શહેર પોલીસ કમિશનર દ્વારા આ માસ્ક પર સરેઆમ વડોદરા મંકી માસ્ક પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. જોકે, હાલમાં અનેક દ્વિ-ચક્રી વાહનચાલકો અને રાહદારીઓ આ પ્રતિબંધિત માસ્ક પહેરીને ફરતા નજરે પડે છે, જેના પરિણામે ગુનાખોરી ડામવા જાહેરનામું હળવું પડ્યું હોવાનું સ્પષ્ટ થાય છે. તાજેતરમાં બનેલી ક્રાઈમની કેટલીક ઘટનાઓમાં પણ ફરી એકવાર ગુનેગારો દ્વારા મંકી માસ્કનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું તારણ બહાર આવ્યું છે.

### વડોદરા અમિતનગર કાર ડીટેન: માલિકે ડ્રાઈવર પર હુમલો કરતાં ગુનો નોંધાયો

વડોદરા | વડોદરા શહેરના અમિતનગર સર્કલ પાસે ગેરકાયદે મુસાફરોની હેરાફેરી પર પોલીસની કાર્યવાહી બાદ એક આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. પોલીસે મુસાફરોને લઈ જતી એક કારને ડીટેન કરતાં, રોષે ભરાયેલા કાર માલિકે પોતાના જ ડ્રાઈવર પર હુમલો કર્યો હતો. આ અંગે ડ્રાઈવરે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કાર માલિક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અમિતનગર સર્કલ વિસ્તારમાં ગેરકાયદે મુસાફરોની હેરાફેરી ને કારણે અકસ્માતોના બનાવો વધતા રહે છે, જેના કારણે પોલીસ દ્વારા અવારનવાર આવા વાહનોને ડીટેન કરવામાં આવે છે. તેમ છતાં, ખાનગી વાહનચાલકો થોડા સમય બાદ ફરીથી આ ગેરકાયદે પ્રવૃત્તિ શરૂ કરી દેતા હોય છે.

### રાજુલા નજીક લોઠપુર કોવાયા રોડ ખાડા: બે ફૂટ ઊંડા ખાડા, અકસ્માતનું જોખમ



રાજુલા | રાજુલા નજીક આવેલા લોઠપુરથી કોવાયાને જોડતો માત્ર ૮ કિલોમીટરનો માર્ગ હાલમાં વાહનચાલકો માટે જીવનું જોખમ બની ગયો છે. આ ટૂંકા અંતરમાં ઠેર-ઠેર ૧૫૦થી વધુ બબ્બે ફૂટ જેટલા ઊંડા ખાડા પડી ગયા છે. જેના કારણે લોકોને અહીંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું છે અને આ ખાડાઓ રાજુલા અકસ્માત ને ખુલ્લું આમંત્રણ આપી રહ્યા છે. કોવાયા એક મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક એકમ ગણાતું ગામ હોવાથી નોકરી-ધંધા અર્થે અનેક લોકો આ લોઠપુર કોવાયા રોડ ખાડા પરથી નિયમિત અવરજવર કરે છે. ખાડાઓની ગંભીરતા એટલી છે કે તાજેતરમાં જ આ માર્ગ પરના ખાડાના કારણે બારપટોળીના એક યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

### યાત્રાધામોમાં બંદોબસ્ત વધારાયો, બેટ દ્વારકા અને ઓખામાં દરિયાઈ પેટ્રોલિંગ ચેકિંગ સઘન કરાયું

# સોમનાથ અને દ્વારકા હાઈએલર્ટ: લોખંડી સુરક્ષા જાપ્તો

(એજન્સી) રાજકોટ | તા. 12


રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ગઈકાલે સાંજે થયેલા ભયાનક બ્લાસ્ટના પગલે સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીરતા વધી છે. ગુજરાતની સંવેદનશીલ દરિયાઈ સરહદ પર આવેલા મુખ્ય યાત્રાધામો સોમનાથ દ્વારકા હાઈએલર્ટ મોડ પર મૂકવામાં આવ્યા છે.

તકેદારીના ભાગરૂપે, બંને તીર્થસ્થળોએ લોખંડી સુરક્ષા જાપ્તો ગોઠવી દેવામાં આવ્યો છે અને દિલ્હી બ્લાસ્ટ સુરક્ષા ને ધ્યાનમાં રાખીને બંદોબસ્તમાં નોંધપાત્ર વધારો કરાયો છે.

રાજ્યના બંને મહત્ત્વપૂર્ણ તીર્થસ્થાનોને જોડતા મુખ્ય માર્ગો પર ચેકપોસ્ટ ઊભી કરીને સઘન વાહન ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ઉપરાંત, તમામ ગેસ્ટહાઉસ, હોટલો અને રેસ્ટોરન્ટમાં પણ શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.







### સોમનાથ: Z+ સુરક્ષામાં વધારો

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ જડબેસલાક બનાવવામાં આવી છે. સોમનાથ મંદિર પહેલેથી જ Z+ સુરક્ષા કવચ હેઠળ આવતું હોવાથી, હાઈવે સહિતના તમામ મુખ્ય રસ્તાઓ પર પોલીસની ચેકિંગ સ્કવોર્ડ દ્વારા વાહનો, શંકાસ્પદ સામાન અને મુસાફરોની અવરજવરનું ઘનિષ્ઠ ચેકિંગ શરૂ કરાયું છે.

હાઈવે પર વધારાના બેરિકેડ્સ મૂકવામાં આવ્યા છે અને પોલીસની ટુકડીઓ રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવી રહી છે. મંદિરમાં દર્શનાર્થીઓને સઘન ચેકિંગ બાદ જ પ્રવેશ આપવામાં આવે છે, તેમજ ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ મંદિરમાં ન લઈ જવાય તેની ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે. ઘોડેસવાર, ડોગ સ્કવોર્ડ અને અન્ય સુરક્ષા એજન્સીઓ પણ સતત ખડેપગે છે.

### દ્વારકા: જગત મંદિર અને દરિયાકાંઠા પર વિશેષ ધ્યાન

દ્વારકામાં જગત મંદિરની સુરક્ષા પણ વધુ સઘન બનાવવામાં આવી છે. અહીં ખાસ કરીને હથિયારધારી એસ.આર.પી. જવાનોને ફરજ સોંપવામાં આવી છે. મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોમાં ચેકિંગનું પ્રમાણ વધારી દેવાયું છે. સોમનાથ દ્વારકા હાઈએલર્ટ ના ભાગરૂપે, મંદિરમાં પાણીની બોટલ સહિતનો કોઈપણ પ્રકારનો સામાન લઈ જવાની મનાઈ ફરમાવી દેવાઈ છે. સૌથી સંવેદનશીલ ગણાતા બેટ દ્વારકામાં પણ દ્વારાધીશ મંદિરને અનુલક્ષીને ચેકિંગ હાઈ એલર્ટ મોડમાં છે. અહીં વિશાળ દરિયાકાંઠો હોવાથી દરિયાઈ પેટ્રોલિંગ ચેકિંગ ને વધુ કડક બનાવવામાં આવ્યું છે. ઓખામાં કોસ્ટલ સિક્યુરીટીને મજબૂત બનાવીને તમામ ફિશિંગ બોટનું ચેકિંગ પણ સુદ્રઢ બનાવવામાં આવ્યું છે.

તમામ ચેકપોસ્ટ પર કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. હોટલો, રેસ્ટોરન્ટો, રેલવે સ્ટેશનો અને બસ સ્ટેશનો સહિતના જુદા જુદા પબ્લિક પ્લેસમાં પણ સ્થાનિક પોલીસની ટુકડીઓ દ્વારા કડક ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી છે. સમગ્ર પ્રદેશમાં દિલ્હી બ્લાસ્ટ સુરક્ષા ના પગલે નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

### સીપેજ વોટરના મેજરમેન્ટ માટે અર્થન ડેમ મજબૂત સ્થળ પર પીઝો મીટર મુકાશે

# આજવા સરોવર જિઓફિઝિકલ સર્વેમાં મોટો ખુલાસો: 135 વર્ષ પછી પણ અર્થન ડેમ મજબૂત

(એજન્સી) વડોદરા | તા. 12

વડોદરા શહેરની જળજરૂરિયાતો માટે મહત્ત્વપૂર્ણ એવા આજવા સરોવરના ચાર કિલોમીટર લાંબા માટીના પાળા (અર્થન ડેમ) નો ૧૩૫ વર્ષનો ઈતિહાસ માં પહેલીવાર જિઓફિઝિકલ સર્વે કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે નિયુક્ત કરેલી નવલાવાલા કમિટીના અહેવાલના આધારે વડોદરા કોર્પોરેશને રૂ. દોઢ કરોડના ખર્ચે આ સર્વે પૂર્ણ કરાવ્યો છે. આ આજવા સરોવર જિઓફિઝિકલ સર્વે માં સૌથી મહત્ત્વનો ખુલાસો એ થયો છે કે ૧૩૫ વર્ષ પછી પણ આજવા સરોવરનો અર્થન ડેમ સંપૂર્ણપણે મજબૂત અને સલામત છે.

નવલાવાલા કમિટીએ આજવા-પ્રતાપપુરા સરોવરને ઊંડું કરવા તેમજ તેના પાળાની મજબૂતી અંગે સર્વે કરાવવા માટે સૂચન કર્યું હતું. આ સૂચનના આધારે, વડોદરા કોર્પોરેશન દ્વારા તાજેતરમાં એક ખાનગી એજન્સી પાસેથી આજવા સરોવરના માટીના પાળાનું આજવા સરોવર જિઓફિઝિકલ સર્વે ઈન્વેસ્ટીગેશન કરાવવામાં આવ્યું હતું. જેનો વિગતવાર રિપોર્ટ મ્યુનિસિપલ કમિશનરને રજૂ કરવામાં આવ્યો છે.

### સર્વેની પદ્ધતિ અને તારણ

પાણી પુરવઠા વિભાગના અધિકારી ધાર્મિક દવે અને જૈમિન ભાવસારે આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સરોવરને ૧૩૫ વર્ષ પૂર્ણ થયા હોવાથી સમિતિના સૂચન પ્રમાણે પ્રથમવાર આ વૈજ્ઞાનિક સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વેમાં ઈલેક્ટ્રોનિક વેવ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને અર્થન ડેમ મજબૂત પીઝો મીટર ના માટીના મટીરીયલમાંથી પસાર કરવામાં આવ્યા હતા.

આ પદ્ધતિથી માટીના પાળામાં ક્યાંય પણ



સીપેજ (ઝમણ) કે લીકેજ હોય તો તેની સંપૂર્ણ જાણકારી મળી શકે છે. સર્વેના અહેવાલમાં સ્પષ્ટપણે જણાઈ આવ્યું છે કે ડેમની માટીની મજબૂતી અપેક્ષા મુજબની છે. જોકે, સર્વેમાં જે પાણી બહાર આવે છે તેમાં રાહત મળે તે માટે મહત્ત્વનું સૂચન કરવામાં આવ્યું છે.

આ સૂચનના આધારે વડોદરા કોર્પોરેશન હવે આજવા સરોવરના સૌથી ઊંચા સ્થળ સહિત પાંચ મહત્ત્વની જગ્યાઓ પર પીઝો મીટર મૂકવાની કામગીરી હાથ ધરશે.

આ પીઝો મીટર પાણીના સ્તર અને દબાણને માપીને ડેમની આંતરિક સ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં મદદરૂપ થશે, જેથી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારના લીકેજ અથવા ડેમને નુકસાન થવાના સંકેતો મળે તો સમયસર પગલાં લઈ શકાય. અર્થન ડેમ મજબૂત પીઝો મીટર ના સ્થાપન બાદ ડેમની સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનશે.

**સીપેજ અને પીઝો મીટરનું મહત્ત્વ**

અધિકારીઓએ જણાવ્યું કે, ડેમના અંદરના ભાગમાંથી સીપેજ થઈ આવતું પાણી અપલીફ્ટ થાય તેના સ્થાને રાહત આપવા માટે આજવા સરોવરમાં ૧૯૮ રિલીફ વેલ બનાવવામાં આવેલા છે. સર્વેના અહેવાલમાં સૂચન કરવામાં આવ્યું છે કે આ રિલીફ વેલમાંથી કેટલું પાણી ઉપર આવે છે, તેનું સચોટ માપન (મેજરમેન્ટ) કરવું જરૂરી છે. આ માપન માટે પીઝો મીટર (Piezometer) મૂકવા માટેનું સૂચન કરાયું છે.

### મ્યુનિ કમિશનરની મંજૂરી જૂનાગઢ સફેદ વાઘ એક્સચેન્જ માટે કાર્યવાહી શરૂ

# વડોદરાના સયાજીબાગમાં સફેદ વાઘની જોડી

(એજન્સી) વડોદરા | તા. 12

શહેરના પ્રવાસીઓ અને વન્યજીવ પ્રેમીઓ માટે એક અત્યંત રોમાંચક સમાચાર સામે આવ્યા છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વડોદરા પ્રાણી સંગ્રહાલય માં ટૂંક સમયમાં જ સયાજીબાગ સફેદ વાઘ ની જોડીનું આકર્ષણ ઉમેરાશે. મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ આજે યોજાયેલી ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. આ સફેદ વાઘ-વાઘણની જોડીને જૂનાગઢ સફેદ વાઘ એક્સચેન્જ પ્રોગ્રામના ભાગરૂપે જૂનાગઢ પ્રાણી સંગ્રહાલયમાંથી વડોદરા લાવવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું.



**પ્રવાસી આકર્ષણ વધારવાનો લક્ષ્યાંક**

છેલ્લા ત્રણેક વર્ષથી વડોદરા પ્રાણી સંગ્રહાલય માં પ્રવાસીઓનું આકર્ષણ વધે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના ભાગરૂપે અગાઉ પણ પશુ-પક્ષી એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ અન્ય પ્રાણીઓ અને પક્ષીઓ લાવવામાં આવ્યા હતા. જોકે, આ પ્રોગ્રામ હંમેશા સફળ રહ્યો નથી. ભૂતકાળમાં સિંહના બે બચ્ચાં લાવવામાં આવ્યા હતા, જેમાંથી એક બચ્ચાનું બીમારીના કારણે મૃત્યુ થયું હતું.

# વડોદરા પશ્ચિમ ઝોન રસ્તા: ૩.૫૦ કરોડના ખર્ચે ૧૨ નવા માર્ગો બનાવવાનું કાર્ય પ્રગતિમાં

(એજન્સી) વડોદરા | તા. 12

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના ઝડપી વિસ્તરણને ધ્યાનમાં રાખીને વડોદરા પશ્ચિમ ઝોન રસ્તા માળખાને મજબૂત કરવા માટે મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. પશ્ચિમ ઝોનના વોર્ડ નં. ૧૦ અને ૧૨ માં આવતાં નવીન આઉટગ્રોથ વિસ્તારોમાં નાગરિકોને આધુનિક માર્ગ સુવિધા પૂરી પાડવા માટે રોડ નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં, બીલ, કલાલી અને ભાયલી જેવા વિસ્તારોમાં કુલ ૧૨ નવા માર્ગો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ કોર્પોરેશન દ્વારા કુલ રૂ. ૩.૫૦ કરોડ નવા રસ્તા નો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જે પ્રગતિ હેઠળ છે. આ કામગીરી પૂર્ણ થવાથી આ વિસ્તારોના



રહેવાસીઓને સુચારુ પરિવહન સુવિધા મળશે. વર્તમાન કામગીરીની સાથે સાથે કોર્પોરેશને આગામી સમય માટે વડોદરા પશ્ચિમ ઝોન રસ્તા ને લઈને એક મહત્ત્વાકાંક્ષી યોજના પણ તૈયાર કરી છે. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં તાજેતરમાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં જણાવાયું હતું કે, પશ્ચિમ ઝોનમાં કુલ રૂ. ૨૩.૦૮ કરોડના ખર્ચે ૭૦ નવા મુખ્ય અને આંતરિક માર્ગો બનાવવાનું આયોજન છે.

# સુરત મર્ડર રહસ્ય: શોએબના મિત્ર વલ્લભ સાથે અફેરની આશંકા

*ત્રણ મિત્ર પ્રેમિકા વચ્ચે લોહીયાળ ખેલ*

(એજન્સી) સુરત | તા. 12

સુરતના ઓલપાડ નજીક ખેતરમાંથી મળેલી અજાણી યુવતી સોનલની લાશના રહસ્યમાં હવે ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. પોલીસ દ્વારા સુરત મર્ડર રહસ્ય ના ગણતરીના કલાકોમાં જ સોનલના પ્રેમી શોએબ તેમજ તેના મિત્રો વલ્લભ અને રાહુલની ધરપકડ કરવામાં આવી હતી. શરૂઆતમાં શોએબ શંકાના ઘેરામાં હતો, પરંતુ પોલીસ ઈન્વેસ્ટિગેશન દરમિયાન મળેલા પુરાવા અને આરોપીઓના વિપરિત નિવેદનોએ કેસને વધુ રહસ્યમય બનાવ્યો છે.

મૃતક સોનલ, જે ૧૨ વર્ષના લગ્નજીવન બાદ શોએબ નામના યુવક સાથે ભાગી આવી હતી, તે શોએબના મિત્ર વલ્લભના ઘરે રોકાઈ હતી. પોલીસે જ્યારે પોતાની સ્ટાઈલમાં પૂછપરછ શરૂ કરી, ત્યારે ત્રણ મિત્ર પ્રેમિકા વચ્ચેના આ લોહીયાળ ખેલનું સત્ય સામે આવવા લાગ્યું. ખાસ કરીને વલ્લભ અને રાહુલને મર્ડર પહેલાના ત્રણ દિવસની ઘટનાઓ વિશે વિગતવાર પૂછપરછ કરી, ત્યારે આ પ્રકરણની શરૂઆત નવરાત્રિના સાતમા નોરતાથી થઈ હોવાનું બહાર આવ્યું. પ્રેમમાં અંધ બનીને ભાગી આવેલા શોએબ અને સોનલ વલ્લભના ઘરે રોકાયા હતા. પરંતુ સાતમા નોરતાની રાત્રે એક એવી ઘટના બની જેના કારણે વલ્લભના લગ્નજીવનમાં ભંગાણ પડવાની સ્થિતિ ઊભી થઈ.

# વડોદરા: કિશોરી સાથે દુષ્કર્મ પોક્સો હેઠળ આરોપીને 20 વર્ષની સખ્ત કેદ

(એજન્સી) વડોદરા | તા. 12

વડોદરાની અદાલતે સગીરાઓ સાથેના જાતીય શોષણના કેસમાં એક કડક અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. માત્ર ૧૪ વર્ષની કિશોરી સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના કેસમાં સંડોવાયેલા આરોપીને કોર્ટે ૨૦ વર્ષની સખ્ત કેદ ની સજા ફટકારી છે. આ કેસમાં આરોપીએ કિશોરી પર દબાણ લાવવા માટે આત્મહત્યાની ધમકી નો ઉપયોગ કર્યો હતો, જેનાથી ઘટનાની ગંભીરતા વધી જાય છે.

ન્યાયાધીશે આ ચુકાદામાં આરોપીને રૂ. ૫૦,૦૦૦ નો દંડ અને ભોગ બનનાર કિશોરીને વળતર પેટે રૂ. ૩ લાખ ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો, જે બાળકીના ભવિષ્ય અને પુનર્વસન માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. કેસની વિગતો અનુસાર, ફૈઝલશા ઉર્ફે સાજીદ સોતકશા દિવાન નામના શખ્સ સામે ભોગ બનનાર કિશોરીના વાલીએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ



નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપી કિશોરી ઘરે એકલી હોય ત્યારે તેની એકલતાનો લાભ લઈને દુષ્કર્મ આચરતો હતો. જ્યારે પણ કિશોરી તેનો વિરોધ કરતી, ત્યારે આરોપી તેને ગંભીર ધમકી આપતો હતો. તે કહેતો હતો કે "જો તું મારી સાથે પ્રેમ સંબંધ નહીં રાખે તો હું દવા પીને મરી જઈશ અને મરતા પહેલા ચિઠ્ઠીમાં તારું નામ લખી નાંખીશ." આ પ્રકારે આત્મહત્યાની ધમકી નો ઉપયોગ કરીને આરોપી સતત કિશોરીનું શોષણ કરતો હતો.

# બાંદ્રા પાલિતાણા ભાવનગર વચ્ચે બે જોડી ટ્રેન દોડશે

*બાંદ્રા પાલિતાણા ભાવનગર વચ્ચે વિશેષ ભાડે બે જોડી ટ્રેન ચલાવાશે*

(એજન્સી) વડોદરા | તા. 12

પશ્ચિમ રેલવે (Western Railway) દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અને ખાસ કરીને જૈન સમુદાયના પવિત્ર જૈન પારણા તહેવાર ના અવસરે યાત્રાળુઓની વધતી માગને પહોંચી વળવા માટે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેએ બાંદ્રા પાલિતાણા ભાવનગર ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડે બે જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે.

આ પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનો જૈન તીર્થધામ પાલિતાણા અને સૌરાષ્ટ્રના મહત્ત્વપૂર્ણ શહેર ભાવનગરની મુસાફરીને વધુ સરળ બનાવશે. પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ કુલ ચાર વિશેષ ટ્રેન દોડાવવામાં આવશે. આ પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનો મુસાફરોની સુગમતા માટે ગુજરાતના મુખ્ય સ્ટેશનો પર રોકાણ કરશે. આ ટ્રેનો બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આનંદ, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર સ્ટેશનો પર રોકાશે. આ ઉપરાંત, કેટલીક ટ્રેનો ભાવનગર પરા સ્ટેશન પર પણ વધારાનો સ્ટોપ લેશે. આ સ્ટોપેજ વ્યવસ્થા ગુજરાતના દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર ક્ષેત્રના યાત્રીઓ માટે જોડાણ પૂરું પાડશે.

**નુકસાન** જૂનાગઢના ૨૦ ગામમાં કમોસમી વરસાદ સહાય તાત્કાલિક આપો

# ડુંગળીના પાકને નુકસાન થતાં ખેડૂતો રોટાવેટર ફેરવવા મજબૂર

(એજન્સી) જૂનાગઢ | તા. 12

જૂનાગઢ તાલુકાના વડાલ સહિતના આસપાસના ૨૦ થી વધુ ગામના ખેડૂતો હાલમાં ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં પડેલા કમોસમી વરસાદ સહાય ને કારણે મોટાભાગના ખેડૂતોએ ડુંગળીનું વાવેતર કર્યું હતું, પરંતુ આ વરસાદના કારણે ડુંગળીના પાકને નુકસાન થતાં ખેડૂતોએ ઉભા પાક પર રોટાવેટર ફેરવવા મજબૂર બનવું પડ્યું છે.

મગફળીની જેમ જ ડુંગળીના પાકને પણ આ વખતે ભારે નુકસાન થયું છે. વડાલ, સુખપુર, માખીયાળા, બામણગામ, ચોકલી, ચોકી, ભીયાળ, કેરાળા, ઝાલણસર, બલીયાવડ અને ડેરવાણ સહિતના ગામોમાં ખેડૂતોએ મગફળીને બદલે ડુંગળીનું વાવેતર કર્યું હતું. ખેડૂતોના જણાવ્યા અનુસાર, વરસાદના કારણે ડુંગળીનો પાક સુકાઈ ગયો છે અને જે ગાંઠિયા તૈયાર હતા તેમાં 'બાફીયો' અને 'ટીબી' નામનો રોગ લાગી ગયો છે. આ રોગના કારણે પાક સદંતર નિષ્ફળ ગયો છે.જો કોઈ ખેડૂતને વીઘાદીઠ ૨૦૦ મણનું ઉત્પાદન મળે તો પણ,



ઉપરોક્ત સરેરાશ ભાવે તેમને ખર્ચ બાદ કરતાં હાથમાં લગભગ કશું જ બચતું નથી. ખેડૂતોની મહેનત સાપેક્ષ અપેક્ષા હોય છે કે જો તેમને મણદીઠ સરેરાશ રૂ. ૩૦૦ નો ભાવ મળે તો વીઘાદીઠ રૂ. ૬૦,૦૦૦ ની આવક થાય અને ખર્ચ બાદ કરતાં ૩૦ હજાર જેટલી રકમ તેમની મહેનતના વળતરરૂપે મળી રહે. જોકે, ડુંગળીના

**■ ઉપજનું રડાવતું ગણિત: ખર્ચ પણ ન નીકળ્યો**

ડુંગળીની ખેતી કરતા ખેડૂતોના મતે, એક વિઘા ડુંગળીના પાક પાછળ તેમને આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ નો ખર્ચ કરવો પડે છે. તેની સામે હાલમાં બજારમાં ડુંગળીનો ભાવ અત્યંત નીચો છે: નબળી ડુંગળીના એક મણના રૂ. ૭૦ થી ૮૦, જ્યારે સારી ડુંગળીના રૂ. ૧૦૦ થી ૧૫૦ (સરેરાશ રૂ. ૧૧૦) મળી રહ્યા છે.

પાકને નુકસાન થવાથી ઉત્પાદન જ નહિવત જેવું આવ્યું છે, જેના કારણે ખેડૂતોનું આખું ગણિત ખોટું પડ્યું છે. જૂનાગઢના અનેક ખેડૂતો છેલ્લા બે-ત્રણ દિવસથી ડુંગળીના ઉભા પાક પર રોટાવેટર ફેરવવા મજબૂર બન્યા છે. ખેડૂતોએ સમજાવ્યું કે બગડી ગયેલા પાકને શ્રમિકો દ્વારા ખેતરમાંથી કાઢવા પાછળ મોટો ખર્ચ થાય છે.

# ઈતિહાસમાં પહેલીવાર વડોદરા કોર્પોરેશન પેનલ્ટી વસૂલ કરશે

(એજન્સી) વડોદરા | તા. 12

શહેરના ટ્રાફિક અને માળખાકીય સુવિધાઓને સુધારવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવે ઈતિહાસમાં પહેલીવાર વડોદરા કોર્પોરેશન પેનલ્ટી વસૂલવાની કામગીરી પોલીસની જેમ જ શરૂ કરશે. આ નિર્ણય ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ બનાવવા માટે નવી પાર્કિંગ પોલિસી ટોઈંગ ના ભાગરૂપે લેવામાં આવ્યો છે.

મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં શહેરના ભવિષ્યના આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયો અનુસાર, ગમે ત્યાં પાર્ક થતા વાહનોને ટોઈંગ કરવા માટે કોર્પોરેશન નવા ટોઈંગ વ્હીકલની ખરીદી કરશે. આ વાહનો દ્વારા ટોઈંગ કરાયેલા વાહનચાલકો પાસેથી કોર્પોરેશન પોતે જ પેનલ્ટી વસૂલવાની કાર્યવાહી કરશે, જેનાથી ટ્રાફિક નિયંત્રણમાં કોર્પોરેશનની સત્તા વધશે. શહેરમાં ઝડપથી પડી જતાં ખાડાઓની સમસ્યા પર ચર્ચા કરીને, કમિશનરે ભવિષ્યના રોડ નિર્માણ માટે મહત્ત્વપૂર્ણ આયોજન હાથ ધર્યું છે. હવે કોર્પોરેશન દ્વારા બનતા નવા રસ્તાઓમાં પાંચ વર્ષની ગેરંટીના સ્થાને ૧૦ વર્ષની ગેરંટી રોડ લેવામાં આવશે. આનાથી ખાતરી થશે કે રસ્તાઓ લાંબા સમય સુધી ટકે અને નાગરિકોને ખાડામુક્ત મુસાફરીનો અનુભવ મળે. આ ઉપરાંત, શહેરમાં સમાવિષ્ટ થયેલા નવા ઓ.જી. વિસ્તારમાં ૫૫ જેટલા નવા રોડ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી શહેરના વિસ્તૃત થતા ભાગોમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ થશે. બેઠકમાં પાર્કિંગની સમસ્યા હળવી કરવા માટે ૨૦૦ જેટલા નવા પાર્કિંગ પ્લોટ શોધવાની કવાયત હાથ ધરવાનું નક્કી કરાયું છે. ટૂંક સમયમાં જ પાર્કિંગ પોલિસી ટોઈંગ સંબંધિત આયોજનને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.

**વૃષભ : બ. વ. ઉ.**

અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

**કર્ક : ડ. હ.**

આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો.

**સિંહ : મ. ટ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે.

**તુલા : ર. ત.**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**મકર : ખ. જ.**

કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જઈ શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**મીન : દ. ચ. ઝ. થ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે.

### મધરાતે બોઈલર બ્લાસ્ટ થતાં આખો વિસ્તાર ધણધણી ઊઠ્યો

# સાઇખા GIDCમાં વિસ્ફોટ બાદ આગ

# 3નાં મોત, 24 ઘાયલ



**કંપની કોઈપણ મંજૂરી વગર ધમધમી રહી છે: સરપંચ**

ભરુચ | ભરૂચ જિલ્લાના વાગરા તાલુકા નજીક સ્થિત સાયખા GIDCમાં મોડી રાત્રે બનેલી બોઈલર બ્લાસ્ટની દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે 24 જેટલા કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ સાયખા GIDCમાં આવેલી વિશાલ ફાર્મા નામની કંપનીમાં મોડી રાત્રે લગભગ 2.30 વાગ્યાની આસપાસ કંપનીનું બોઈલર ફાટતાં સર્જાયેલા પ્રચંડ ધડાકાને કારણે અત્યાર સુધીમાં ત્રણ મૃતદેહો મળી આવ્યા છે. આ ઉપરાંત, 24 જેટલા કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બ્લાસ્ટની તીવ્રતા એટલી ભયાનક હતી કે, આસપાસનો આખો વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો. બ્લાસ્ટની અસર માત્ર વિશાલ ફાર્મા કંપની પૂરતી મર્યાદિત ન રહેતા, આસપાસની 4થી 5 જેટલી અન્ય કંપનીઓના સ્ટ્રક્ચર્સને પણ વ્યાપક નુકસાન થયું છે.

ઘટનાની જાણ થતાં જ ચારથી પાંચ જેટલા ફાયર ટેન્ડરો સાથે ફાયર વિભાગ અને વહીવટી અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. હાલમાં પણ ઘટના સ્થળે બચાવ અને રાહતની કામગીરી ચાલી રહી છે અને કાટમાળ હટાવવાની કામગીરી સાથે મૃત્યુઆંક વધવાની શક્યતા જોતાં સર્ચ ઓપરેશન ચાલુ છે.

સાયખા ગામના સરપંચ જયવીરસિંહે વહીવટી તંત્ર અને GPCB પર ગંભીર આક્ષેપો કર્યા છે. સરપંચે જણાવ્યું હતું કે, આ જોખમી કંપની કોઈ પણ જાતની મંજૂરી વગર જ ધમધમી રહી હતી, તેમ છતાં GPCB કે વહીવટી તંત્ર દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી. સરપંચ જયવીરસિંહે વધુમાં જણાવ્યું કે, GIDCની મોટા ભાગની કંપનીઓમાં નિયમોનું ઉલ્લંઘન કરીને રેસિડેન્સીયલ બાંધકામ કરવામાં આવ્યું છે. સરપંચે ચીમકી ઉચ્ચારી છે કે, જો આમને આમ ચાલશે અને તંત્ર દ્વારા પગલાં નહીં લેવાય, તો અમે ઉગ્ર આંદોલન કરીશું. હાલમાં તંત્ર દ્વારા બોઈલર બ્લાસ્ટના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે, તેમજ સરપંચ દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપોની પણ તપાસ થવી જરૂરી છે. બે મહિના અગાઉ પણ સાયખા GIDC વિસ્તારમાં આવેલી નેરોલેક પેઈન્ટ્સ કંપનીમાં આગ લાગી હતી. આગના કારણે કંપનીમાંથી ધુમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી દેખાયા હતા.

## જુનાગઢ રેતી માફિયા બેફામ બન્યા: રોયલ્ટી ઈન્સ્પેક્ટર પર જાનલેવા હુમલો કરાયો...

(એજન્સી) જુનાગઢ | તા.12

ગેરકાયદે ખનીજ ખનન અને વહનના કાળા કારોબારમાં રોકાયેલા જુનાગઢ રેતી માફિયાની બેફામ દાદાગીરી સામે આવી છે. સરકારી ફરજ પર નીકળેલા ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર અને સિક્યુરિટી ગાર્ડ પર ડમ્પર માલિક અને ડ્રાઈવરે હુમલો કર્યો હતો, સરકારી કામગીરીમાં રૂકાવટ ઊભી કરી હતી અને 'જાનથી મારી નાખવાની' ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઝાંઝરડા ચોકડી નજીક બનેલી આ સનસનાટીભરી ઘટના બાદ જુનાગઢ તાલુકા પોલીસ મથકે બે વ્યક્તિઓ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે, અને પોલીસે કડક કાર્યવાહીના ચક્રો ગતિમાન કર્યા છે. જૂનાગઢ ખાણ ખનીજ વિભાગમાં ફરજ બજાવતા રોયલ્ટી ઈન્સ્પેક્ટર જયદીપભાઈ રાજેશભાઈ ગેડીયાએ પોલીસ સમક્ષ રજૂઆત કરી હતી કે, સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યાની આસપાસ તેઓ સિક્યુરિટી ગાર્ડ ભાવેશભાઈ ત્રિવેદી અને ડ્રાઈવર સંજયભાઈ લોલાડીયા સાથે સરકારી બોલેરો ગાડીમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. પેટ્રોલિંગ દરમિયાન ઝાંઝરડા ચોકડી નજીક અક્ષર વે બ્રિજ પાસે પીળા કલરનું અશોક લેલેન્ડ કંપનીનું ડમ્પર રેતી ખનીજ ભરીને જતું જોવા મળ્યું હતું. ઈન્સ્પેક્ટર જયદીપભાઈએ ડમ્પરને રોકાવીને ડ્રાઈવર જનકભાઈ ચોરવાડા પાસે રોયલ્ટી પાસની માંગણી કરી હતી. ડ્રાઈવરે પાસ ન હોવાનું જણાવતા, 'જીઓ માઈન' એપ્લિકેશનમાં ચકાસણી કરતા પણ તે નંબર પર કોઈ કાયદેસર રોયલ્ટી પાસ નહોતો.

## ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સએ નવા એક્ઝિક્યુટિવ ફીચર્સ સાથેની Curvv રજૂ કરી

મુંબઈ | ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સ આજે નવા અને વિસ્તરિત એક્ઝિક્યુટીવ ફીચર્સની રજૂઆત કરી હોવાની ઘોષણા કરી છે. સ્માર્ટ એન્જિનીયરીંગ નવીનતાઓ મારફતે ટાટા મોટર્સે નોંધપાત્ર રીતે તમામ Curvv એમ તમામમાં ઈન્ટેરિયર સ્પેસમાં નોધપાત્ર વધારો કર્યો છે, તે રીતે વધુ આરામ અને વ્યવહારુતા સાથે ઈન-કેબિન અનુભવને વિસ્તૃત બનાવે છે. પ્રિમીયમ ફીચર્સ જેમ કે ભારતની સૌપ્રથમ R-Comfort® સિટ્સ કે જેમાં પેસિવ વેન્ટીલેશન, સેરેનીટી સ્ક્રીન રિયર સનશેડ્ઝ, પાછળના આર્મરેસ્ટ પર ઈઝીસિપ કપ ડોક્સ, વ્હાઈટ કાર્બન ફાયબર ફિનીશમાં ડેસબોર્ડ



ફિનીશ અને પ્લશ બેનેકેકાલિકો લેધરેટ્સ સિટ્સ સાથે લાઈટર ઈન્ટેરિયરનો સમાવેશ થાય છે, તેની સાથે Curvv તેના ગ્રાહકોને સેગમેન્ટમાં શ્રેષ્ઠ આનંદદાયક અનુભવ પૂરો પાડે છે. તેના લક્ઝરી ગુણોત્તરને વધુ વધારતા, Curvv TwinZone ક્લાઈમેટ કન્સિર્જ એર કન્ડીશનીંગ રજૂ કરે છે.

### NUCFDCએ શહેરી સહકારી બેંકોની ડિજિટલ બેંકિંગ ક્ષમતા વધારવા સહકાર ડિજિપે અને સહકાર ડિજિલોન સેવાઓ લોન્ચ કરી

દિલ્હી | નેશનલ અર્બન કોઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, જે અર્બન કોઓપરેટિવ બેંકોનું અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન છે, એણે આજે સહકાર ડિજિપે અને સહકાર ડિજિલોન લોન્ચ કર્યા. આ બંને ડિજિટલ પ્લેટફોર્મ્સ ખાસ હેતુસર વિકસાવવામાં આવ્યા છે, જેથી ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવી શકાય અને તમામ UCBsનાં હાલના ઈકોસિસ્ટમમાં ઓછા ખર્ચે ડિજિટલ સોલ્યુશન અપનાવવા, કાર્યક્ષમતામાં સુધારો કરવા અને ગ્રાહક-કેન્દ્રિત નવીનતાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્ય છે.

## લેન્ક્સેસ: પડકારજનક માર્કેટ પર્યાવરણ 2025ના ત્રીજા ક્વાર્ટરને આકાર આપે છે

મુંબઈ | સતત નરમ આર્થિક પર્યાવરણ અને મોટી જિયોપોલીટિકલ અનિશ્ચિતતાઓએ સ્પેસિયાલિટી કેમિકલ્સ કંપની લેન્ક્સેસના 2025ના ત્રીજા ત્રિમાસિક પરમણામો પર માઠી અસર પાડી છે. વેચાણ 1.338 અબજ યૂરો થયું છે, જે પાછલા વર્ષના 1.598 અબજ યૂરોથી 16.3 ટકા ઓછું છે. અપવાદો પહેલાં EBITDA 125 મિલિયન યૂરો હતું, જે અગાઉના વર્ષના 173 મિલિયન યૂરોના આંકડાની તુલનામાં 27.7 ટકાનો ઘટાડો છે. આ ઘટાડો મુખ્યત્વે સામાન્ય રીતે નબળી માંગને કારણે હતો, જેના કારણે વેચાણનું પ્રમાણ ઓછું થયું હતું. વધુમાં, 1 એપ્રિલ, 2025ના રોજ યુરેથેન સિસ્ટમ્સ બિઝનેસ યુનિટનું વેચાણ થયુ હતું – જેના પરિણામોને ત્રિમાસિક આંકડામાં શામેલ કરવાની જરૂર નથી – અને પ્રતિકૂળ ચલણ અસરોએ પણ જૂથની કમાણીમાં ઘટાડામાં યોગદાન આપ્યું છે. ત્રીજા ક્વાર્ટર માટે અપવાદરૂપ ચીજો પહેલાની EBITDAનો માર્જિન 9.3 ટકા હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 10.8 ટકા હતો. "વૈશ્વિક માંગમાં સતત નબળાઈ અમારા સહિત સમગ્ર રાસાયણિક ઉદ્યોગને અસર કરી રહી છે.

### કુલ ૨૭ ગુનાઓમાં જપ્ત કરાયેલ ૧૧ હજાર દારૂની બોટલ નષ્ટ કરાઈ

## ધ્રોલ દારૂનો નાશ: ૮૬ લાખનો જથ્થો જમીનદોસ્ત, બુટલેગરોમાં ફફડાટ



ધ્રોલ | જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આજે પોલીસ દ્વારા પ્રોહિબિશનના કાયદા હેઠળ જપ્ત કરવામાં આવેલા વિદેશી દારૂના વિશાળ જથ્થાનો જાહેરમાં નાશ કરવામાં આવ્યો છે. આ કાયદાકીય કાર્યવાહી પોલીસતંત્રની બુટલેગરો સામેની કડક નીતિનું સ્પષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. ધ્રોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કુલ ૨૭ અલગ-અલગ ગુનાઓમાં પકડાયેલો કરોડો રૂપિયાનો દારૂનો જથ્થો આજે રોલર ફેરવીને નષ્ટ કરવામાં આવ્યો હતો. પોલીસે કુલ ૧૧ હજાર દારૂની બોટલ પર રોલર ફેરવીને બુટલેગરોના કાળા કારોબારને જમીનદોસ્ત કર્યો છે. આ કાર્યવાહીના પગલે દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

ધ્રોલ પોલીસ છેલ્લા કેટલાક સમયથી પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી રહી છે, જેના પરિણામે છેલ્લા અમુક મહિનાઓમાં ૨૭ જેટલા ગુનાઓ નોંધાયા હતા અને મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરાયો હતો. આ તમામ કેસમાં જપ્ત કરાયેલો માલ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નષ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

નાશ કરાયેલા દારૂના જથ્થામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૬,૨૧૮ બોટલો અને ૨,૮૩૮ નંગ બિયરનો સમાવેશ થાય છે. આ તમામ દારૂનો કુલ આંકડો ૧૧,૦૩૯ બોટલ જેટલો થવા જાય છે. જપ્ત કરાયેલા આ સમગ્ર મુદ્દામાલની અંદાજિત કિંમત ૮૬,૦૫,૪૫૦ (છ્યાસી લાખ પાંચ હજાર ચારસો પચાસ રૂપિયા) જેટલી આંકવામાં આવી છે, જે ગેરકાયદેસર કારોબારના કદની ગંભીરતા દર્શાવે છે.

ધ્રોલ દારૂનો નાશ કરવાની આ પ્રક્રિયા ધ્રોલ આહીર કન્યા છાત્રાલયની પાછળ આવેલા સરકારી ખરાબામાં હાથ ધરવામાં આવી હતી. દારૂના જથ્થાને ગણીને, તેની યાદી તૈયાર કરીને, તેને ખુલ્લા મેદાનમાં એકત્રિત કરવામાં આવ્યો હતો.

### લાકડીયા પુલ પાસેથી ૧૪૪ બોટલો સાથે ત્રીસ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

## ભાવનગર દારૂની હેરાફેરીમાં વધુ બે મહિલાઓ ઝડપાઈ

(એજન્સી) ભાવનગર | તા.12

શહેરના લાકડીયા પુલ વિસ્તારમાં વહેલી સવારે એક મોટી ઘટના સામે આવી છે, જ્યાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર બાજ નજર રાખી રહેલી પોલીસે બે મહિલા બુટલેગરને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે રંગે હાથે ઝડપી પાડી છે. ગુપ્ત બાતમીના આધારે કાર્યવાહી કરીને પોલીસે માત્ર થોડા જ કલાકોમાં આ દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલી મહિલાઓ પાસેથી કુલ ૧૪૪ નંગ દારૂની બોટલો મળી આવી છે, જેની બજાર કિંમત ૩૦,૨૪૦ જેટલી આંકવામાં આવી છે. આ ઝડપાયેલા મુદ્દામાલ સાથે બંને મહિલાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભાવનગર દારૂના કાળા કારોબારમાં મહિલાઓની સંડોવણીના આ કિસ્સાએ શહેરીજનોમાં ચર્ચા જગાવી છે. પોલીસ સૂત્રો દ્વારા પોલીસ ટીમ સ્ટેશન રોડ પરના વૈશાલી ટોકીઝ નજીક નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી. તે સમયે, પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રસિંહ ભટુકસિંહ વાળાને તેમના ખાનગી સૂત્રો પાસેથી એક સચોટ બાતમી મળી હતી. બાતમી એવી હતી કે, ભાવનગરના આડોડીયાવાસ વિસ્તારમાં રહેતી જયશ્રીબેન દીપકભાઈ રાઠોડ અને રૂપાબેન પ્રકાશભાઈ પરમાર નામની બે મહિલાઓ વહેલી સવારે લગભગ ૫:૩૦ વાગ્યાના અરસામાં લાકડીયા પુલ નજીક દારૂના જથ્થા સાથે ઊભી છે.

**ભાવનગર દારૂના કારોબાર પર અંકુશ**


ભાવનગર શહેરના પોશ વિસ્તારોમાં પણ ભાવનગર દારૂની હેરાફેરી માટે મહિલાઓનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું આ કિસ્સાથી સ્પષ્ટ થાય છે. વહેલી સવારનો સમય પસંદ કરીને બુટલેગરો પોલીસની નજરથી બચવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ પોલીસની સતર્કતાને કારણે તેમની આ યોજના નિષ્ફળ ગઈ. લાકડીયા પુલ દારૂ જપ્તીની આ કાર્યવાહીએ બુટલેગરોને એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પોલીસ તંત્ર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પ્રત્યે જરાય ઢીલું વલણ અપનાવશે નહીં.

### મચ્છર નગર પાસે મુખ્ય રોડ પર પાર્ક કરેલી અર્ટીગા કારમાં આગ

## પાર્ક કરેલી અર્ટીગા જોતજોતામાં બળીને ખાખ થઈ

(એજન્સી) જામનગર | તા.12

બળીયા હનુમાન મંદિર પાસે મુખ્ય માર્ગ પર પાર્ક કરેલી એક ખાનગી કાર અચાનક ભડકે બળી ઉઠી હતી. જોતજોતામાં આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું કે ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. સદભાગ્યે, જે સમયે આ જામનગર કારમાં આગ લાગી ત્યારે કારમાં કોઈ હાજર ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કાર માલિકને મોટું નુકસાન થયું છે. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને મુખ્ય માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર પણ ખોરવાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ભરતગીરી ગોસ્વામીની માલિકીની GJ 10 TX 8024 નંબરની અર્ટીગા કારમાં આગ લાગી હતી. આ કાર મુખ્ય રોડ પર, બળીયા હનુમાન મંદિરની નજીક જ પાર્ક કરવામાં આવી હતી. પ્રાથમિક દૃષ્ટિએ, આગ લાગવાનું મુખ્ય કારણ ઈલેક્ટ્રિક વાયરિંગમાં થયેલી શોર્ટ સર્કિટ આગ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા, પરંતુ આગની જ્વાળાઓ એટલી ઊંચી હતી કે કોઈ પણ વ્યક્તિ નજીક જઈને આગ બુઝાવવાની હિંમત કરી શક્યું નહોતું.



ફાયર વિભાગના અધિકારીઓએ સ્થળ પર નિરીક્ષણ કર્યા બાદ પુષ્ટિ કરી હતી કે આગ લાગવાનું પ્રાથમિક કારણ કારના ઈલેક્ટ્રિક વાયરિંગમાં આવેલી ખામી અથવા શોર્ટ સર્કિટ આગ હોઈ શકે છે.
આ ઘટનાએ પાર્ક કરેલા વાહનોની સુરક્ષા અને તેમના ઈલેક્ટ્રિક મેઈન્ટેનન્સ અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. સામાન્ય રીતે, વાહનોમાં વીજળીના જોડાણોમાં ખામી, નબળી ગુણવત્તાના વાયરિંગ અથવા તેમાં થયેલા ફેરફારોને કારણે શોર્ટ સર્કિટ આગ લાગવાની સંભાવના રહે છે. સદભાગ્યે, આ બનાવમાં કોઈ વ્યક્તિ કારમાં નહોતું, અન્યથા મોટી જાનહાનિ થઈ શકતી હતી.
પોલીસ અને ફાયર વિભાગ દ્વારા હવે કાર માલિકના નિવેદનના આધારે આ જામનગર કારમાં આગની ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવશે, જેથી આગ લાગવાના ચોક્કસ કારણની પુષ્ટિ થઈ શકે. આ બનાવ શહેરીજનો માટે એક ચેતવણીરૂપ છે કે વાહનોની નિયમિત સર્વિસ અને વાયરિંગની ચકાસણી સમયસર કરાવવી અત્યંત જરૂરી છે.

### સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડે ટોટલ એન્વાયર્મેન્ટ ગ્રુપ માટે

## રિયલ એસ્ટેટ ડેવલપર દ્વારા ભારતના પ્રથમ લિસ્ટેડ ગ્રીન એનસીડીની વ્યવસ્થા કરી

બેંગાલુરુ | બેંગાલુરુ સ્થિત ટોટલ એન્વાયર્મેન્ટ ગ્રુપની પેટાકંપની ટોટલ એન્વાયર્મેન્ટ રિસોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે રૂ. 175 કરોડના લિસ્ટેડ રેટેડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ સફળતાપૂર્વક ઇશ્યૂ કર્યા છે જેની સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ દ્વારા વ્યવસ્થા કરાઈ હતી અને સબ્સ્ક્રાઇબ કરવામાં આવ્યો હતો. આ ઇશ્યૂ ભારતીય રિયલ એસ્ટેટ ડેવલપર દ્વારા પ્રથમ લિસ્ટેડ ગ્રીન એનસીડી છે. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડે આ ઇશ્યૂઅન્સ માટે એકમાત્ર એરેન્જર અને ગ્રીન કો-ઓર્ડિનેટર તરીકેની ભૂમિકા ભજવી હતી. આ એનસીડીમાંથી મળનારી રકમનો બેંગાલુરુમાં રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટના ડેવલપમેન્ટ માટે મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ - ગ્રીન હોમ્સ પ્લેટિનમ લેવલ ખાતે પ્રી-સર્ટિફાઈડ છે. આ ઇશ્યૂઅન્સને રિસ્ક મેનેજમેન્ટ અને ક્વોલિટી એશ્યોરન્સમાં સ્વતંત્ર નિષ્ણાંત બ્યૂરો વેરિટાસ તરફથી સેકન્ડ પાર્ટી ઓપિનિયન (એસપીઓ) મળ્યો છે.

## 13-14 નવેમ્બર ની રાત્રે 4 કલાક માટે રાંધેજા સ્થિત રેલવે ફાટક નં.15 માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના ગાંધીનગર હાઈવે થી માણસા વચ્ચે આવેલ રાંધેજા રેલવે ફાટક નં. 15 તા. 13-14 નવેમ્બર, 2025 ની રાત્રે 4 કલાક માટે માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આદરજ મોટી-વિઝાપુર રેલવે લાઈન ગેજ પરિવર્તન પ્રોજેક્ટ અંતર્ગત પ્રસ્તાવિત મશીન ટેમ્પિંગ કામ માટે ગાંધીનગર હાઈવે થી માણસા વચ્ચે આવેલ રાંધેજા રેલવે ક્રોસિંગ નં.15 તા. 13 નવેમ્બર, 2025 ના રોજ રાત્રે 23.00 વાગ્યાથી 14 નવેમ્બર, 2025 ના રોજ 03.00 વાગ્યા સુધી 4 કલાક માટે માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.

## શોપર્સ સ્ટોપે રાજકોટમાં નવો એક્સક્લુઝિવ પ્રીમિયમ સ્ટોર શરૂ કરીને હોમ સ્ટોપ ફૂટપ્રિન્ટનું વિસ્તરણ કર્યું

રાજકોટ | ભારતનું પ્રીમિયમ ફેશન, બ્યુટી અને ગિફ્ટિંગ ડેસ્ટિનેશન શોપર્સ સ્ટોપએ હોમ સ્ટોપના નવા પ્રીમિયમ સ્ટોરના લોન્ચ સાથે રાજકોટમાં તેમના ફૂટપ્રિન્ટનું વિસ્તર્યું છે, જે ગુજરાતમાં તેની હાજરીને વધુ મજબૂત બનાવે છે. આર.કે. આઈકૉનિક, અયોધ્યા ચોક નજીક, 150 ફૂટ રિંગ રોડ પર આવેલું આ 6,000 ચોરસ ફૂટનું સ્ટોર રાજકોટનું પહેલું પ્રીમિયમ લાર્જ-ફોર્મેટ હોમ સ્ટોર છે, જે એક જ છત નીચે પસંદગીયુક્ત અને ઉચ્ચ સ્તરીય હોમ શોપિંગ અનુભવ પ્રદાન કરે છે. કંપનીની વૃદ્ધિ યાત્રામાં 'હોમ સ્ટોપ' એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સ્તંભ છે અને તે જ્યાં જ્યાં કાર્યરત છે, ત્યાં તમામ બજારોમાં મજબૂત સફળતા મેળવી રહ્યું છે. રાજકોટનો નવો સ્ટોર ગ્રાહકોને એક અનન્ય અને પ્રીમિયમ હોમ શોપિંગનો અનુભવ આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. ફર્નિચર, બેડિંગ, બાથ અને કિચનવેર, ડેકોર એસેન્ટ્સ અને એપ્લાયન્સિસના વિશાળ અને વિચારપૂર્વક પસંદ કરાયેલા સંગ્રહ સાથે, આ સ્ટોર આધુનિક ડિઝાઈન, ઉત્તમ કારીગરી અને દૈનિક ઉપયોગિતાને એકત્ર કરે છે. સ્ટોરમાં પ્રીમિયમ બ્રાન્ડ્સનું આકર્ષક મિશ્રણ ઉપલબ્ધ છે, જેમાં સ્પ્રેડ, વન્ડરશેફ, ટ્રામોન્ટીના, બોરોસિલ, કોરેલ, બૂટિક લિવિંગ, સ્પેસિસ, માસપર, નોટિકા, ચુંબક, આયરિસ, બર્ગનર, વાયા અને રસેલ હોબ્સ જેવા બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે.

## ઈન્ડીક્યુબે વૃદ્ધિને વેગ આપ્યો: ₹28 કરોડનો નફો, ₹354 કરોડની આવક વાર્ષિક ધોરણે 38% વધી

બેંગલુરુ | ભારતના અગ્રણી ટેક-સક્ષમ વર્કસ્પેસ સોલ્યુશન્સ પ્રદાતાઓમાંની એક, ઈન્ડીક્યુબ સ્પેસીસ લિમિટેડે આજે 30 સપ્ટેમ્બર, 2025ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા. ઈન્ડીક્યુબ સ્પેસીસ લિમિટેડના અર્ધ વાર્ષિક પરિણામો અંગે IndiQube ના સહ-સ્થાપક અને CEO ઋષિ દાસે જણાવ્યું હતું કે, અમારી ગતિ મજબૂત બની રહી છે કારણકે અમે નાણાકીય વર્ષ 26 ના પહેલા છ મહિનામાં 668 કરોડની અમારી અત્યાર સુધીની સૌથી વધુ અર્ધવાર્ષિક આવક નોંધાવી છે. જે ભવિષ્યના વિકાસ માટે અમારી પાસે મજબૂત પાયો બન્યો છે. ઉપરાંત, Q2 FY26 માટે અમારો PAT વધીને 28 કરોડ થયો છે, જે નફાકારક અને સ્થિતિસ્થાપક વ્યવસાય બનાવવા પર અમારા સતત ધ્યાનને પ્રતિબિંબિત કરે છે. Q2 FY26 માં 21% ના સ્વસ્થ EBITDA માર્જિન સાથે, અમને અમારા માર્જિનમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે અને નાણાકીય વર્ષના બીજા છ મહિનામાં માટે મજબૂત બંધ થવાની આશા છે." ઈન્ડીક્યુબના સહ-સ્થાપક મેઘના અગ્રવાલે ઉમેર્યું હતું કે, "આ ક્વાર્ટરમાં અમને કેટલીક મોટી જીત મળી છે, જેમાં વિશ્વના સૌથી મોટા એસેટ મેનેજરને બેંગ્લોરમાં વર્કસ્પેસ લીઝ પર 1.4 લાખ ચોરસ ફૂટનો સાઈનઅપ અને ભારતના સૌથી મોટા ઓટોમેકર્સમાંના એક માટે હૈદરાબાદમાં 68,000 ચોરસ ફૂટનો ડિઝાઈન અને બિલ્ડ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

## પ્રતાપનગર યાર્ડમાં એન્જિનિયરીંગ કામ માટે બ્લૉકના કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

વડોદરા | પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના વિશ્વામિત્રી - ડભોઈ સેક્શનમાં આવેલ પ્રતાપનગર સ્ટેશન પર યાર્ડ રિમોડલિંગ કામ માટે એન્જિનિયરીંગ બ્લૉક લેવામાં આવશે, આ બ્લૉકના કારણે 14 નવેમ્બર 2025 ના રોજ કેટલીક ટ્રેનો રદ રહેશે. જેની વિગતો આ મુજબ છે. 1. ટ્રેન નં. 69201 પ્રતાપનગર - એકતાનગર મેમૂ ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 2. ટ્રેન નં. 69202 એકતાનગર - પ્રતાપનગર મેમૂ ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 3. ટ્રેન નં. 69203 પ્રતાપનગર - એકતાનગર મેમૂ ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 4. ટ્રેન નં. 69204 એકતાનગર - પ્રતાપનગર મેમૂ ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 5. ટ્રેન નં. 69205 પ્રતાપનગર - એકતાનગર મેમૂ ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 6. ટ્રેન નં. 69206 એકતાનગર - પ્રતાપનગર મેમૂ ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 7. ટ્રેન નં. 59117 પ્રતાપનગર - છોટાઉદેપુર પેસેન્જર ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 8. ટ્રેન નં. 59122 છોટાઉદેપુર - પ્રતાપનગર પેસેન્જર ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 9. ટ્રેન નં. 59125 પ્રતાપનગર - છોટાઉદેપુર પેસેન્જર ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 10. ટ્રેન નં. 59126 છોટાઉદેપુર - પ્રતાપનગર પેસેન્જર ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 11. ટ્રેન નં. 59123 પ્રતાપનગર - જોબટ પેસેન્જર ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે. 12. ટ્રેન નં. 59124 જોબટ - પ્રતાપનગર પેસેન્જર ટ્રેન 14 નવેમ્બર ના રોજ રદ રહેશે.

## થાનગઢમાં ટ્રકમાંથી મગફળીની બોરીઓની લૂંટ :બેલ્ટ તૂટતા હાઈવે પર ઢોળાયેલી મગફળી લોકોએ લૂંટી

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં એક ટ્રકમાંથી મગફળીની બોરીઓ રસ્તા પર ઢોળાઈ જતાં સ્થાનિક લોકો દ્વારા તેની લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના થાનગઢ બાયપાસ પર ધોળેશ્વર રેલ્વે ફાટક નજીક બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, થાનગઢના હિટરનગરમાં આવેલા FCI મગફળીના ગોડાઉનમાંથી ટેકાના ભાવે ખરીદેલી મગફળીનું વેચાણ ચાલી રહ્યું છે. મગફળી ભરેલો ટ્રક FCI



ગોડાઉનથી શ્રીરામ વે-બ્રિજ પર વજન કરાવી ચોટીલા તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન ધોળેશ્વર રેલ્વે ફાટક પાસે ટ્રકમાં મગફળીને બાંધેલો બેલ્ટ તૂટી ગયો હતો. જેના કારણે મગફળીની બોરીઓ નીચે પટકાઈ હતી. બોરીઓ રસ્તા પર ઢોળાતા જ સ્થાનિક લોકોએ તેની લૂંટ ચલાવવાનું શરૂ કર્યું હતું. ટ્રક ડ્રાઈવર અને FCI ગોડાઉનના કર્મચારીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી જતાં લૂંટ કરતા લોકોને રોકવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે થોડા સમય માટે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

### નેટ-ઝીરો લક્ષ્યાંક: કૂલબ્રૂક સાથે બે વર્ષમાં ઓછામાં ઓછા પાંચ પ્રોજેક્ટ વિસ્તૃત કરવાની યોજના

# અદાણી સિમેન્ટ ડીકાર્બોનાઇઝેશન: સિમેન્ટ ઉદ્યોગમાં ક્રાંતિ પ્રથમ વ્યાવસાયિક રોટોડાયનેમિક હીટર ગોઠવાશે

## રોટોડાયનેમિક હીટર: કેલ્સિનેશન તબક્કામાં જીવાશ્મ ઇંધણનો ઉપયોગ દૂર કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા 12

ભારતને સ્વચ્છ સિમેન્ટ ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં, અદાણી સિમેન્ટ અને ફિનલેન્ડની અગ્રણી કંપની કૂલબ્રૂક (Coolbrook) એ એક ઐતિહાસિક સમજૂતીની જાહેરાત કરી છે. આ કરાર હેઠળ આંધ્રપ્રદેશના બોયારેડ્ડીપલ્લી ઈન્ટિગ્રેટેડ સિમેન્ટ પ્લાન્ટમાં વિશ્વનું પ્રથમ વ્યાવસાયિક રોટોડાયનેમિક હીટર (RDH) ટેકનોલોજી તૈનાત કરવામાં આવશે, જે સિમેન્ટ ઉત્પાદનમાંથી કાર્બન ઉત્સર્જનને નોંધપાત્ર રીતે ઘટાડવાનો લક્ષ્યાંક ધરાવે છે.

સિમેન્ટ ઉત્પાદન પ્રક્રિયામાં કેલ્સિનેશન તબક્કો સૌથી વધુ જીવાશ્મ ઇંધણનો ઉપયોગ કરનારો અને કાર્બન ઉત્સર્જન કરનારો તબક્કો છે. કૂલબ્રૂક ની RDH સિસ્ટમ આ તબક્કામાં ઔદ્યોગિક સ્તરે સ્વચ્છ ગરમી પૂરી પાડશે. આ ટેકનોલોજીનો મુખ્ય ઉદ્દેશ્ય વૈકલ્પિક ઇંધણને સૂકવવા અને તેની કાર્યક્ષમતા વધારવા માટે સ્વચ્છ ગરમી પૂરી પાડવાનો છે, જેથી પરંપરાગત જીવાશ્મ ઇંધણ પરની નિર્ભરતા ઘટી શકે.આ પ્રોજેક્ટથી શરૂઆતમાં વાર્ષિક આશરે ૬૦,૦૦૦ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાની અપેક્ષા છે, અને સમય જતાં આ ઘટાડાની ક્ષમતા દસ ગણી વધી શકે છે.



સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ રોટોડાયનેમિક હીટર સિસ્ટમને અદાણી સિમેન્ટ ના પોતાના નવીનીકરણીય ઊર્જા પોર્ટફોલિયો દ્વારા સંપૂર્ણપણે વીજળી પૂરી પાડવામાં આવશે. આનાથી ખાતરી થાય છે કે ઉત્પન્ન થતી ઔદ્યોગિક ગરમી સંપૂર્ણપણે ઉત્સર્જન મુક્ત હશે.અદાણી ગ્રૂપના સિમેન્ટ બિઝનેસના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) વિનોદ બાહેતીએ આ પ્રોજેક્ટને કંપનીની સ્થિરતાની યાત્રામાં એક મુખ્ય પગલું ગણાવ્યું હતું. તેમણે કહ્યું, 'કૂલબ્રૂક ના રોટોડાયનેમિક હીટર ની વ્યાવસાયિક તૈનાતી અમારા ડીકાર્બોનાઇઝેશન લક્ષ્યાંકો હાંસલ કરવા માટેનો એક નિર્ણાયક મોટો કૂદકો છે. અમે જીવાશ્મ ઇંધણથી દૂર જવા અને નીચા-કાર્બન સિમેન્ટ ઉત્પાદન માટે એક નવું ધોરણ સ્થાપિત કરી રહ્યા છીએ.' કૂલબ્રૂક ના મુખ્ય કાર્યકારી અધિકારી, જૂનાસ રૌરામોએ આ ભાગીદારીને ઔદ્યોગિક ઇલેક્ટ્રિફિકેશન માટે એક સીમાચિહ્નરૂપ ગણાવી હતી. તેમણે કહ્યું, 'વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ સિમેન્ટ બજારો પૈકીના એક ભારતમાં અદાણી સિમેન્ટ સાથે ઔદ્યોગિક સ્તરનો પ્રથમ પ્રોજેક્ટ શરૂ કરવો એ પરિવર્તનકારી પગલું છે.'

### ભવિષ્યની યોજનાઓ અને નેટ-ઝીરો લક્ષ્યાંક

અદાણી સિમેન્ટ અને કૂલબ્રૂક વચ્ચે થયેલા આ સહયોગમાં આગામી બે વર્ષમાં રોટોડાયનેમિક હીટર ટેકનોલોજીનો ઉપયોગ અન્ય અદાણી સિમેન્ટ પ્લાન્ટોમાં વિસ્તારવાની યોજના પણ સામેલ છે. બંને કંપનીઓનો લક્ષ્યાંક છે કે આ સમયગાળામાં ઓછામાં ઓછા પાંચ વધારાના પ્રોજેક્ટ શરૂ કરવામાં આવે. આ પ્રથમ પેઢીનું RDH સિસ્ટમ આશરે ૧૦૦૦°C તાપમાન પર ગરમ વાયુઓ પ્રદાન કરશે, જે વૈકલ્પિક ઇંધણને સૂકવવામાં અને તેના કાર્યક્ષમ ઉપયોગમાં મદદ કરશે.અદાણી સિમેન્ટની વિસ્તૃત સ્થિરતા યોજનાઓમાં નાણાકીય વર્ષ ૨૦૨૮ સુધીમાં વૈકલ્પિક ઇંધણ અને સંસાધનોનો ઉપયોગ વધારીને ૩૦ ટકા કરવો અને ગ્રીન પાવરનો હિસ્સો વધારીને ૬૦ ટકા કરવો સામેલ છે. આ નવી ટેકનોલોજીની તૈનાતી સાથે, કંપની તેના નેટ-ઝીરો લક્ષ્યાંક (નેટ-ઝીરો એમિશન્સ) ના ૨૦૫૦ સુધીમાં લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં ઝડપથી આગળ વધશે.

### સેન્સેક્સમાં +595 પોઈન્ટનો ઉછાળો, લીલા નિશાનમાં શેરબજાર બંધ

મુંબઈ | બુધવારે 12 નવેમ્બરના રોજ એશિયન બજારોના સકારાત્મક વલણ વચ્ચે ભારતીય શેરબજારો ઉંચા સ્તરે ખુલ્યા. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના H1B વિઝા અંગેના નિવેદન બાદ IT શેરોમાં વધારાથી બજારને ટેકો મળ્યો. વધુમાં, ભારત-અમેરિકા વેપાર કરારના સમાચાર સ્થાનિક બજારમાં હકારાત્મક વલણમાં ફાળો આપી રહ્યા છે. ત્યાર બપોરે 3.30 કલાકે પણ શેરબજાર લીલા નિશાનમાં જ બંધ થયું. સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ પોઈન્ટના વધારા સાથે અંકે બંધ થયું જ્યારે નિફ્ટી પોઈન્ટના વધારા સાથે અંકે બંધ થયો. 1. અહેવાલો અનુસાર, આગામી દિવસોમાં ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારની જાહેરાત થઈ શકે છે. આ સ્થાનિક બજારમાં સકારાત્મક ભાવનામાં ફાળો આપી રહ્યું છે. 2. 2025 બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું છે, અને મોટાભાગના એક્ઝિટ પોલ્સ આગાહી કરે છે કે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) બિહારમાં સત્તા જાળવી શકે છે. 3. બીજા ક્વાર્ટર (Q2) ની કમાણીની મોસમ તેના અંતની નજીક છે. અત્યાર સુધી, ભારતીય કંપનીઓએ મજબૂત નાણાકીય પરિણામો નોંધાવ્યા છે, જેમાં કોઈ નકારાત્મક આશ્ચર્ય નથી. આ બજાર માટે એક સકારાત્મક સંકેત છે. વિશ્લેષકો માને છે કે ત્રીજા ક્વાર્ટર (Q3) થી કમાણીમાં સુધારો વધુ વેગ મેળવી શકે છે.

# News Brief

### એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ: FY26 Q2માં 13% આવક વધારો, નફો 25% અપ, મજબૂત વૃદ્ધિ

પુણે | એમક્યોર ફાર્માસ્યુટિકલ્સે 30 સપ્ટેમ્બર, 2025ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે તેના કન્સોલિડેટેડ નાણાકીય પરિણામો આજે જાહેર કર્યા હતા. આ ત્રિમાસિક ગાળામાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને વ્યવસાયો તરફથી મજબૂત કામગીરી જોવા મળી હતી. અમારી બધી મુખ્ય થેરાપીઝમાં મજબૂત પ્રદર્શન અને નવી પહેલ દ્વારા સમર્થન મળવાના લીધે સ્થાનિક વ્યવસાયમાં 10.6 ટકાનો વધારો થયો હતો. સ્થાનિક વ્યવસાય પર મુખ્ય ધ્યાન રહ્યું છે અને અમે અમારા પ્રોડક્ટ પોર્ટફોલિયોને વધારવા અને વ્યવસાય માટે ટીમને મજબૂત બનાવવાનું ચાલુ રાખીએ છીએ. અમે તાજેતરમાંભારતમાંબાયોલોજીકલઈન્જેક્ટેબલસેમાગ્લુટાઈડPovitztra® લોન્ચ કરવા માટે નોવો નોર્ડિસ્ક સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. કરારના ભાગ રૂપે એમક્યોર Poviztra® ના વ્યાપારીકરણ અને પ્રમોશન માટેની એક્સક્લુઝિવ ડિસ્ટ્રીબ્યુટર રહેશે. Poviztra® ક્રોનિક વેઇટ મેનેજમેન્ટ અને વધુ વજન અથવા સ્થૂળતા ધરાવતા વ્યક્તિઓમાં મુખ્ય પ્રતિકૂળ હૃદય રોગની ઘટનાઓના જોખમમાં ઘટાડો કરવા માટે લખવામાં આવે છે. ત્રિમાસિક ગાળા દરમિયાન અમે અમારી Zuventus પેટાકંપનીમાં લઘુમતી હિસ્સો હસ્તગત કરવાની કામગીરી પણ પૂરી કરી હતી. આંતરરાષ્ટ્રીય વ્યવસાયમાં મજબૂત પ્રદર્શન જોવા મળી રહ્યું છે અને તેમાં 16 ટકાની વૃદ્ધિ થઈ છે.

### એક્સિસ બેંકે ઈવીને પ્રમોટ કરવા માટે JSW MG મોટર ઈન્ડિયા સાથે ભાગીદારી કરી

નવી દિલ્હી | ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંકો પૈકીની એક એક્સિસ બેંકે જેએસડબ્લ્યુ એમજી મોટર સાથેના સહયોગમાં એક નવીનતમ ડ્યુઅલ લોન પ્રોગ્રામ રજૂ કર્યો છે જેને ઈલેક્ટ્રિક મોબિલિટીને ભારતીય ગ્રાહકો માટે વધુ સુલભ તથા ભવિષ્ય માટે તૈયાર હોય તે પ્રકારે બનાવવામાં આવ્યો છે. એમજીના અગ્રણી Battery-as-a-Service (BaaS) મોડલ પર આધારિત આ પહેલથી ગ્રાહકો વ્હીકલ અને તેની બેટરી માટે અલગ લોન લઈ શકે છે જે માલિકી મેળવવા માટેની સીધી કિંમતમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. આ પ્રોગ્રામ 100 ટકા સુધીના ઓન-રોડ ફંડિંગ અને બેટરી માટે 8 વર્ષ સુધીની ફ્લેક્સિબલ મુદત ઓફર કરે છે જે પરંપરાગત ઈંધણના ખર્ચને અનુમાનિત, લાંબા ગાળાના મૂલ્ય તથા ટકાઉ ડ્રાઈવિંગને વ્યવહારુ તથા બુદ્ધિગમ્ય પસંદગી બનાવે છે. આ ભાગીદારી અંગે એક્સિસ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મુનીશ શારદાએ જણાવ્યું હતું કે એક્સિસ બેંકમાં અમે ગ્રાહક-મૈત્રીપૂર્ણ ઉકેલો પૂરા પાડવા અને વ્હીકલ ફાઈનાન્સિંગમાં નવીનતા લાવવા માટે પ્રતિબદ્ધ છીએ. અમને અગ્રણી ડ્યુઅલ લોન પ્રોગ્રામ પર જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયા સાથે ભાગીદારી કરવાનો આનંદ છે, જે તમામ સેગમેન્ટમાં સ્માર્ટ અને ફ્લેક્સિબલ વિકલ્પો પ્રદાન કરીને ભારતમાં ઈવી ફાઈનાન્સિંગ ઈકોસિસ્ટમને આગળ વધારે છે.

### કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સ લિમિટેડનું વેચાણ બીજા ત્રિમાસિકમાં રૂ. 1,500 કરોડ વધ્યું

પુણે | આંતરરાષ્ટ્રીય બજારોમાં નોંધપાત્ર હાજરી ધરાવતી આંતરિક કમ્બશન એન્જિન, જનરેટર સેટ અને કૃષિ ઉપકરણોના ઉત્પાદનમાં અગ્રણી કંપની કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સ લિમિટેડએ આજે 31 માર્ચ, 2026ના રોજ પૂર્ણ થતાં નાણાકીય વર્ષના પ્રથમ છ માસ અને બીજા ત્રિમાસિક માટે અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પરિણામો અંગે કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સના મેનેજિંગ ડિરેક્ટર ગૌરી કિર્લોસ્કરે જણાવ્યું હતું કે, 'કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સ લિમિટેડે નાણાકીય વર્ષ 2026ના બીજા ત્રિમાસિકમાં તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, જે કંપનીની ગ્રોથ યાત્રામાં એક મહત્વપૂર્ણ સફળતા છે. અમે ત્રિમાસિકમાં પ્રથમ વખત રૂ. 1500 કરોડની આવકનો આંકડો પાર કર્યો છે, અને અર્ધવાર્ષિકમાં પ્રથમ વખત અત્યારસુધીનું સૌથી વધુ રૂ. 3027 કરોડનું વેચાણ નોંધાવ્યું છે. સ્ટેન્ડઅલોન બિઝનેસ સહિત તમામ સેગમેન્ટમાં ડબલ ડિજિટ વૃદ્ધિ નોંધાઈ છે, જે અમારી મજબૂત બજાર સ્થિતિ અને કાર્યકારી શ્રેષ્ઠતાને પ્રતિબિંબિત કરે છે. અમારા વ્યાપક વિતરણ નેટવર્ક, મજબૂત બ્રાન્ડ ઈક્વિટી તથા એન્જિન અને જનરેટર ટેકનોલોજીમાં જારી ઈનોવેશન દ્વારા સમર્થિત પાવર જનરેશન બિઝનેસ યુનિટે તેની મજબૂત કામગીરી ચાલુ રાખી છે. 10 ઓક્ટોબરના રોજ અમે અમારા B2C કામગીરીના વ્યૂહાત્મક પુનર્ગઠનની પણ જાહેરાત કરી હતી, આ બિઝનેસને અમે સ્લમ્પ સેલ મારફત અમારી સંપૂર્ણ માલિકીની પેટાકંપની લા-ગજ્જર મશીનરીઝ પ્રાઈવેટ લિમિટેડમાં ટ્રાન્સફર કરી રહ્યા છીએ.

### ભારત-યુએસ વેપાર સોદો: ટ્રમ્પનું નિવેદન, સોદો નજીક અને ટૂંક સમયમાં ટેરિફ ઘટશે

નવી દિલ્હી : વૈશ્વિક વેપાર સંશોધન પહેલ દ્વારા જારી કરવામાં આવેલા એક અહેવાલમાં ભારતે અમેરિકા સાથેના કોઈપણ વેપાર કરાર પર આગળ વધતા પહેલા ૨૫ ટકાના 'રશિયન તેલ' ટેરિફને પાછો ખેંચવા માટે દબાણ કરવું જોઈએ, તેવી ભલામણ કરવામાં આવી છે.GTRI નું કહેવું છે કે ભારતે પ્રથમ પ્રતિબંધિત રશિયન ફર્મો પાસેથી તેલની આયાત પૂર્ણપણે બંધ કરવી જોઈએ, ત્યારબાદ ૨૫ ટકા રશિયન તેલ પર ટેરિફ પાછો ખેંચીને પોતાની સ્પર્ધાત્મકતા પુનઃસ્થાપિત કરવી જોઈએ, અને તે પછી જ અમેરિકા સાથે સમાન ધોરણે સંતુલિત વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવી જોઈએ. GTRI ના રિપોર્ટમાં ત્રણ-તબક્કાની વ્યૂહરચના આપવામાં આવી છે. પ્રથમ તબક્કો, એટલે કે પ્રતિબંધિત રશિયન ફર્મો પાસેથી તેલની આયાત બંધ કરવાનું પગલું, ભારતે પૂર્ણ કરી દીધું છે, જેની નોંધ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ લીધી છે.હવે ભારતે બીજા તબક્કા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ: યુએસ ડ્યુટી ઘટાડવા માટે દબાણ કરવું. એકવાર રશિયન તેલ પર ટેરિફ ની આયાત પર અંકુશ આવ્યા પછી, ભારતે વોશિંગ્ટન પર ૨૫ ટકાના ટેરિફને પાછો ખેંચવા માટે દબાણ કરવું આવશ્યક છે.

### વૈશ્વિક વૃદ્ધિમાં ભારતનું નેતૃત્વ જળવાશે

## વર્લ્ડ બેંક મુખ્ય અર્થશાસ્ત્રી: ભારતની વૃદ્ધિ 6.3% થી 7% વચ્ચે જળવાઈ રહેશે

નવી દિલ્હી : ભારતનું વિશાળ સ્થાનિક બજાર દેશને બાહ્ય વિકાસ પ્રત્યે ઓછું સંવેદનશીલ બનાવે છે, કારણ કે દેશની આર્થિક શક્તિ તેના કદ, લવચીકતા અને વસ્તી વિષયક લાભમાં રહેલી છે. આ વાત વર્લ્ડ બેંક મુખ્ય અર્થશાસ્ત્રી ઓરેલિયન ક્રુસે એક ખાસ મુલાકાતમાં જણાવી હતી.

કેરએજ ગ્લોબલના એક કાર્યક્રમની બાજુમાં ANI સાથે વાત કરતા ક્રુસે કહ્યું કે, 'ભારત પહેલેથી જ એક વિશાળ બજાર છે. તેથી, જે પ્રકારની બાહ્ય સંવેદનશીલતા નાના ખુલ્લા અર્થતંત્રો (Small Open Economies) સામનો કરે છે, તે ભારત જેવા દેશ માટે ઘણી ઓછી બંધનકર્તા છે. ભારતનું સ્થાનિક બજાર વિશાળ હોવાથી, તે વૈશ્વિક અસ્થિરતાનો ઓછો ભોગ બને છે.'

ક્રુસે ભારપૂર્વક જણાવ્યું કે ભારતના અનુકૂળ વસ્તી વિષયક પરિબળો આગામી દાયકાઓમાં મજબૂત વૃદ્ધિને ટેકો આપવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું, 'ભારતની કાર્યકારી વયની વસ્તી સતત વધી રહી છે અને લગભગ ૨૦૫૦ સુધી વધતી રહેશે, જે અનુકૂળ અવલંબન ગુણોત્તર (Dependency Ratio) સાથે છે. આ ભારત માટે એક વાસ્તવિક સંપત્તિ છે અને તે મોટા ભાગના વિકાસને સમજાવે છે.' વર્લ્ડ બેંક મુખ્ય અર્થશાસ્ત્રી એ નોંધ્યું કે વર્લ્ડ બેંક અને આઈએમએફ (IMF) બંને માને છે કે ભારત વૈશ્વિક વૃદ્ધિમાં પોતાનું નેતૃત્વ જાળવી રાખશે.

### મ્યુચ્યુઅલ ફંડ AUM વધીને રૂ.૭૯.૮૭ લાખ કરોડની ઐતિહાસિક સપાટીએ પહોંચી

## ઈક્વિટી ફંડોમાં રોકાણ પ્રવાહ ૧૯ ટકા ઘટયો: રોકાણકારો આઈપીઓ અને સેકન્ડરી માર્કેટમાં વધુ સક્રિય

મુંબઈ : ભારતીય મૂડી બજારમાં ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન રોકાણનો પ્રવાહ બદલાયો હોવાના સંકેતો મળી રહ્યા છે. એક તરફ, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ એસેટ અન્ડર મેનેજમેન્ટ (AUM) સપ્ટેમ્બરના રૂ.૭૫.૬૧ લાખ કરોડની તુલનાએ ઓક્ટોબરમાં વધીને રૂ.૭૯.૮૭ લાખ કરોડની નવી ઊંચાઈએ પહોંચી છે, પરંતુ બીજી તરફ, ઈક્વિટી ફંડોમાં રોકાણ પ્રવાહ સપ્ટેમ્બર ૨૦૨૫ના રૂ.૩૦,૪૨૨ કરોડની તુલનાએ ૧૯ ટકા ઘટીને રૂ.૨૪,૬૯૧ કરોડ નોંધાયો છે.આ ઘટાડા પાછળના મુખ્ય કારણોમાં દેશના પ્રાઈમરી માર્કેટમાં જંગી રકમના આઈપીઓ આવવા અને સેકન્ડરી માર્કેટમાં ટૂંકાગાળાનો તેજીનો દોર જોવા મળવો છે. આ બે સેગ્મેન્ટમાં રોકાણકારો વધુ સક્રિય થતાં મ્યુચ્યુઅલ ફંડોમાંથી રોકાણનો પ્રવાહ ધીમો પડ્યો છે. વળી, ઘણા ફંડોની નેટ એસેટ વેલ્યુ (NAV)માં થયેલા ઉતાર-ચઢાવે રોકાણકારોને સાવચેત બનવા પ્રેર્યા છે. જ્યારે ઈક્વિટી ફંડોમાં રોકાણ પ્રવાહ ઘટ્યો છે, ત્યારે મ્યુચ્યુઅલ ફંડોમાં સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (SIP) થકી રોકાણનો મજબૂત આધાર ટકી રહ્યો છે. ઓક્ટોબરમાં SIP થકી રોકાણ એક ટકા વધીને રૂ.૨૯,૫૨૯ કરોડનું નોંધાયું છે, જે દર્શાવે છે કે સામાન્ય રોકાણકાર લાંબાગાળાના રોકાણ પ્રત્યે પ્રતિબદ્ધ છે. ઈક્વિટી AUM પણ વધીને રૂ.૩૫.૧૬ લાખ કરોડ થઈ છે. ફ્લેક્સીકેપ ફંડો રોકાણકારોને ફેવરિટ બની રહ્યા, જેમાં સપ્ટેમ્બરની તુલનાએ ૨૭ ટકાના વધારા સાથે સૌથી વધુ રૂ.૮,૯૨૮ કરોડનો રોકાણ પ્રવાહ રહ્યો.જોકે, મિડ-કેપ ફંડોમાં રોકાણ પ્રવાહમાં ૨૫ ટકા અને સ્મોલ કેપ ફંડોમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો છે.ડિવિડન્ડ યીલ્ડ ફંડો (રૂ.૧૭૮ કરોડ) અને ઈએલએસએસ ફંડો (રૂ.૬૬૫ કરોડ) માં રોકાણ જાવક (આઉટફ્લો) જોવા મળી હતી. પાછલા બે મહિના (ઓગસ્ટ અને સપ્ટેમ્બર) માં રોકાણ જાવક રહ્યા બાદ ઓક્ટોબરમાં ડેટ ફંડોમાં મોટો સુધારો જોવા મળ્યો છે. ડેટ ફંડોમાં રૂ.૧.૫૯ લાખ કરોડનો જંગી નેટ રોકાણ પ્રવાહ પોઝિટીવ રહ્યો છે.

### અદાણી એન્ટરપ્રાઈઝિસ રાઈટ્સ ઈશ્યૂ: રૂ. ૨૫,૦૦૦ કરોડ એકત્ર કરશે, શેરધારકોને ૨૪% ડિસ્કાઉન્ટ પર શેર મળશે

અમદાવાદ : અદાણી ગ્રુપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ (AEL) એ આંશિક પેઈડ-અપ ઈક્વિટી શેર્સના ઇશ્યૂ દ્વારા મૂડી એકત્ર કરવા માટે રૂ. ૨૪,૯૩૦.૩૦ કરોડનો જંગી રાઈટ્સ ઈશ્યૂ જાહેર કર્યો છે. આ પગલું અદાણી ગ્રુપ દ્વારા ભંડોળ એકત્ર કરવાના સૌથી મોટા પ્રયાસોમાંનું એક છે, જે ભવિષ્યની વૃદ્ધિની પહેલોને ટેકો આપવા અને મૂડી માળખું મજબૂત કરવા પર કંપનીનું સતત ધ્યાન દર્શાવે છે. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલી કંપનીની રાઈટ્સ ઈશ્યૂ સમિતિની બેઠકમાં આ ઓફરની વિગતવાર શરતોને મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણય ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બીએસઈ (BSE) અને એનએસઈ (NSE) તરફથી પ્રાપ્ત થયેલી સૈદ્ધાંતિક મંજૂરીના અનુસંધાનમાં લેવામાં આવ્યો છે. કંપનીએ રાઈટ્સ ઈશ્યૂ માટે ઈશ્યૂ પ્રાઈસ શેરદીઠ રૂ. ૧,૮૦૦ નક્કી કરી છે. આ કિંમત વર્તમાન બજાર કિંમત કરતાં આશરે ૨૪ ટકા ડિસ્કાઉન્ટ રજૂ કરે છે, જે વર્તમાન શેરધારકો માટે આકર્ષક તક પૂરી પાડે છે. રાઈટ્સ ઈશ્યૂ હાલના શેરધારકોને ડિસ્કાઉન્ટ ભાવે વધારાના શેર ખરીદવાની મંજૂરી આપે છે.

### ફિનટેક સેક્ટરનો દબદબો રોકાણકારોનો સકારાત્મક પ્રતિસાદ જળવાઈ રહ્યો

## ગ્રોવ IPO લિસ્ટિંગ: પ્રથમ દિવસે ૧૨ ટકાના ઉછાળા સાથે મજબૂત પ્રવેશ ફિનટેક સેક્ટરમાં રોકાણકારોનો વિશ્વાસ અકબંધ

મુંબઈ : ભારતના ઓનલાઈન રોકાણ પ્લેટફોર્મ ગ્રોવએ બુધવારે સ્ટોક એક્સચેન્જો પર ધમાકેદાર પ્રવેશ કર્યો છે. બહુપ્રતીક્ષિત આઈપીઓ લિસ્ટિંગના પ્રથમ દિવસે જ, ગ્રોવનો શેર તેના ઈશ્યુ ભાવ રૂ.૧૦૦ ની સામે રૂ.૧૧૨ પર લિસ્ટ થયો, જે ૧૨ ટકાનો મજબૂત ઉછાળો દર્શાવે છે. આ મધ્યમ, છતાં સકારાત્મક શરૂઆત ભારતીય ફિનટેક સેક્ટર પ્રત્યે રોકાણકારોની તંદુરસ્ત ભાવનાને પ્રતિબિંબિત કરે છે. કંપનીનો રૂ.૬,૬૩૨ કરોડનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ રોકાણકારોની તમામ શ્રેણીઓમાં જબરદસ્ત પ્રતિસાદ મેળવવામાં સફળ રહ્યો હતો. આ ઈશ્યુ તેના ત્રીજા અને અંતિમ દિવસે ૧૭.૬ ગણો ભરાયો હતો.ગ્રોવ IPO લિસ્ટિંગ પહેલાં જ આઈપીઓમાં રોકાણકારોની ભારે માંગ જોવા મળી હતી.ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સના સેગમેન્ટમાં સૌથી મજબૂત માંગ જોવા મળી, જેનો હિસ્સો ૨૨.૦૨ ગણો સબસ્ક્રાઈબ થયો હતો.બિન-સંસ્થાકીય રોકાણકારો અને રિટેલ રોકાણકારો ના સેગમેન્ટમાં અનુક્રમે ૧૪.૨ ગણું અને ૯.૪ ગણું સબસ્ક્રિપ્શન નોંધાયું હતું.આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે, બજારના મોટા ખેલાડીઓ તેમજ સામાન્ય રોકાણકારો બંનેએ કંપનીના વિકાસની સંભાવનાઓમાં મોટો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.ગ્રોવ એક ડિજિટલ પ્લેટફોર્મ પ્રદાન કરે છે જે વપરાશકર્તાઓને મ્યુચ્યુઅલ ફંડ્સ, સ્ટોક્સ, ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ, એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ, આઈપીઓ, ડિજિટલ ગોલ્ડ અને યુએસ સ્ટોક્સ સહિત વિવિધ રોકાણ વિકલ્પોમાં સરળતાથી રોકાણ કરવાની સુવિધા આપે છે. સરળ પહોંચ અને ડિજિટલ નવીનતા દ્વારા સંચાલિત, આ રોકાણ પ્લેટફોર્મ ભારતના અગ્રણી રોકાણ પ્લેટફોર્મ્સમાંનું એક બની ગયું છે.કંપનીની આવકના મિશ્રણની વાત કરીએ તો, બ્રોકિંગ આવકનો સૌથી મોટો ફાળો આપનાર છે. કંપનીની કુલ આવકમાં બ્રોકિંગનો હિસ્સો લગભગ ૮૫ ટકા જેટલો છે.

### ભારતનું ડિજિટલ હૃદય ગણાતું મુંબઈ બન્યું દેશનું સૌથી મોટું ડેટા સેન્ટર હબ

નવી દિલ્હી : ભારતની ડિજિટલ ક્રાંતિમાં એક નવા યુગનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આર્થિક રાજધાની મુંબઈએ દેશના ડેટા સેન્ટર ક્ષેત્રે જબરદસ્ત પ્રભુત્વ સ્થાપિત કર્યું છે. દેશની કુલ ડેટા સેન્ટર ક્ષમતામાં એકલા મુંબઈનો હિસ્સો ૫૩ ટકા જેટલો નોંધાયો છે, જેના કારણે તે દેશનું સર્વોચ્ચ ડેટા સેન્ટર હબ બની ગયું છે. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં, ભારતીય ડેટા સેન્ટર ક્ષમતા આશરે ૧,૫૩૦ મેગાવોટ (MW) સુધી પહોંચી ગઈ છે, જેમાંથી અડધાથી વધુ ક્ષમતા મુંબઈના ફાળે જાય છે. આ સફળતા પાછળ મુંબઈની વિશ્વભરના ઈન્ટરનેટ એક્સચેન્જ પોઈન્ટ્સ અને સબમરીન કેબલ લેન્ડિંગ સ્ટેશનો સાથેની ભૌગોલિક નિકટતા મુખ્ય કારણભૂત છે, જે ભારતને દુનિયા સાથે જોડે છે. પ્રથમ નવ મહિના (જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૫) દરમિયાન, ભારતે પ્રથમ વખત ૧.૫ ગીગાવોટ ક્ષમતાનો આંકડો પાર કર્યો છે, જે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં દેશની ઝડપી પ્રગતિ દર્શાવે છે. આ સમયગાળામાં લગભગ ૨૬૦ MWની નવી ક્ષમતા ઉમેરવામાં આવી છે. આ વૃદ્ધિ પાછળ મુખ્યત્વે ઝડપી ડિજિટલાઈઝેશન, સરકારની સહાયક નીતિઓ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)માં વધી રહેલું કોર્પોરેટ રોકાણ જવાબદાર છે.

### અર્થશાસ્ત્રીઓ અને કૃષિ ક્ષેત્રના હિસ્સેદારો સાથે પ્રથમ તબક્કાની બેઠક પૂર્ણ

## બજેટ પૂર્વેની બેઠક MSME: નાણામંત્રીએ લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોના હિસ્સેદારો સાથે પરામર્શ કર્યો

નવી દિલ્હી : આગામી યુનિયન બજેટ ૨૦૨૬-૨૭ ની તૈયારીઓ વચ્ચે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બુધવારે નવી દિલ્હીમાં લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ક્ષેત્રના હિસ્સેદારો સાથે ત્રીજી બજેટ પૂર્વેની બેઠક ની અધ્યક્ષતા કરી.નાણા મંત્રાલય દ્વારા વાર્ષિક બજેટ તૈયારી પ્રક્રિયાના ભાગ રૂપે યોજવામાં આવતા પરામર્શની શ્રેણીમાં આ બેઠક મહત્ત્વપૂર્ણ તબક્કો છે. આ પરામર્શ પ્રક્રિયાનો હેતુ નાણામંત્રીને ઉદ્યોગ સંગઠનો, અર્થશાસ્ત્રીઓ, વેપારી સંગઠનો અને સામાજિક ક્ષેત્રના પ્રતિનિધિઓ સહિત વિવિધ સહભાગીઓ પાસેથી સૂચનો, માંગણીઓ અને ઈનપુટ્સ એકત્રિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.આ બેઠકમાં



MSME ક્ષેત્રે હાલમાં સામનો કરી રહેલા મુખ્ય પડકારો અને તેમની વૃદ્ધિ તેમજ વૈશ્વિક સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે જરૂરી પગલાં પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. MSME એ ભારતીય અર્થતંત્રનું એક મુખ્ય એન્જિન છે, અને આ ક્ષેત્રને બજેટમાં યોગ્ય ટેકો મળે તે સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.નાણાં મંત્રાલયે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે આગામી યુનિયન બજેટ ૨૦૨૬-૨૭ ના સંદર્ભમાં MSME ના હિસ્સેદારો સાથે ત્રીજા બજેટ પૂર્વેની બેઠક ની અધ્યક્ષતા કરી.' આ બેઠકમાં કેન્દ્રીય નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરી, આર્થિક બાબતોના વિભાગના સચિવ, નાણાં મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને MSME મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.નાણામંત્રી નિર્મલા સીતારમણ પરામર્શ ની આ શ્રેણીનો પ્રારંભ સોમવારે થઈ ચૂક્યો હતો, જ્યાં તેમણે નવી દિલ્હીમાં દેશના અગ્રણી અર્થશાસ્ત્રીઓ સાથે પ્રથમ બજેટ પૂર્વેની બેઠકની અધ્યક્ષતા કરી હતી. ત્યારબાદ ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના હિસ્સેદારો સાથે પણ બેઠક યોજાઈ હતી.

### ઈલેક્ટ્રિક વાહનોની માંગ | પોસ્કો ગ્રુપ ટોચની વૈશ્વિક લિથિયમ ઉત્પાદક બનવા તરફ અગ્રેસર

## પોસ્કો લિથિયમ રોકાણ: ઓસ્ટ્રેલિયા અને આર્જેન્ટિનામાં USD ૮૮૭ મિલિયનનું જંગી રોકાણ

સિઓલ : દક્ષિણ કોરિયાની અગ્રણી સ્ટીલ ઉત્પાદક કંપની પોસ્કો હોલ્ડિંગ્સ (POSCO Holdings) એ તેની વૈશ્વિક લિથિયમ પુરવઠા શૃંખલામાં પોતાનું સ્થાન મજબૂત કરવા માટે એક મોટી વ્યૂહાત્મક જાહેરાત કરી છે. કંપનીએ ઓસ્ટ્રેલિયા અને આર્જેન્ટિનામાં ઉચ્ચ-ગ્રેડની લિથિયમ સંપત્તિઓ સુરક્ષિત કરવા માટે ૧.૨ ટ્રિલિયન વોન (USD ૮૮૭ મિલિયન) નું જંગી રોકાણ કરવાની યોજના જાહેર કરી છે. આ રોકાણ કંપનીને વિશ્વની ટોચની લિથિયમ ઉત્પાદક બનાવવાની મહત્વાકાંક્ષાનો એક ભાગ છે.

પોસ્કો જૂથે ભારપૂર્વક જણાવ્યું છે કે કાચા માલની સ્પર્ધાત્મકતા સુરક્ષિત કરવી એ વૈશ્વિક લિથિયમ નિર્માતા બનવા માટે નિર્ણાયક છે. કંપની વૈશ્વિક લિથિયમ પુરવઠા નેટવર્કને વૈવિધ્યસભર અને મજબૂત બનાવતા પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે.

પોસ્કો હોલ્ડિંગ્સ ઓસ્ટ્રેલિયાની અગ્રણી




ખાણકામ પેઢી મિનરલ રિસોર્સિસ (Mineral Resources) દ્વારા રચવામાં આવનારી નવી હોલ્ડિંગ કંપનીમાં USD ૭૬૫ મિલિયન ના બદલામાં ૩૦ ટકા હિસ્સો હસ્તગત કરશે. સુરક્ષિત પુરવઠો: આ રોકાણથી પોસ્કોને પશ્ચિમી ઓસ્ટ્રેલિયામાં મિનરલ રિસોર્સિસની વોડગીના (Wodgina) અને માઉન્ટ મેરિયન (Mt. Marion) ખાણોમાંથી વાર્ષિક ૨,૭૦,૦૦૦ ટન લિથિયમ કોન્સન્ટ્રેટ (ધ્યાન કેન્દ્રિત) નો સ્થિર પુરવઠો મળશે.

ઉત્પાદન ક્ષમતા: આટલું લિથિયમ કોન્સન્ટ્રેટ લગભગ ૩૭,૦૦૦ ટન લિથિયમ હાઈડ્રોક્સાઈડ નું ઉત્પાદન કરી શકે છે, જે આશરે ૮,૬૦,૦૦૦ ઈલેક્ટ્રિક વાહનો (EVs) ને પાવર આપવા માટે પૂરતું છે.વ્યૂહાત્મક લાભ: આ સોદો માત્ર મુખ્ય સામગ્રીનો સતત પુરવઠો જ સુનિશ્ચિત કરતો નથી, પરંતુ કંપનીને ખાણ કામગીરીમાં ભૂમિકા અને સંભવિત ડિવિડન્ડ આવક પણ પ્રદાન કરે છે. આ ભાગીદારી વૈશ્વિક લિથિયમ પુરવઠા શૃંખલામાં તેનું સ્થાન મજબૂત કરશે.અલગ વ્યૂહાત્મક પગલામાં, પોસ્કોએ ૫ નવેમ્બરના રોજ USD ૬૫ મિલિયનનું રોકાણ કરીને લિથિયમ સાઉથ ડેવલપમેન્ટ કોર્પોરેશન (LIS)ની આર્જેન્ટિનાની પેટાકંપનીમાં ૧૦૦ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે. આ પેટાકંપની આર્જેન્ટિનાના સૌથી ધનિક લિથિયમ પ્રદેશોમાંના એક, હોમ્બ્રે મુઅર્ટો (Hombre Muerto) સોલ્ટ લેક માં ખાણકામ અધિકારો ધરાવે છે. કંપનીએ જણાવ્યું છે કે આ ખરીદી ૨૦૧૮માં મેળવેલી છૂટછાટો પર આધારિત છે, જેનાથી નવા અનામતો ઉમેરાયા છે અને વિસ્તારમાં તેની હાલની લિથિયમ કામગીરી નજીક તેની પગદંડી વિસ્તરી છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, કારતક વદ-08

# મુસાફરોનું અકાળે મૃત્યુ ન થવું જોઈએ

વિકાસના નામે, અમે ઝડપી વાહનો માટે રસ્તા બનાવ્યા છે, પરંતુ મુસાફરી અકસ્માતમુક્ત રહે તે સુનિશ્ચિત કર્યું નથી. રસ્તાના બાંધકામમાં ટેકનિકલ ખામીઓ, ટ્રક ટ્રાફિક અંધાધૂંધી અને હાઈવે બ્લોકેજને કારણે પરિવારો અકાળે પોતાના જીવ ગુમાવે છે તે હૃદયદ્રાવક છે. તંત્રની ચાલાકી એ છે કે વળતર અને તાત્કાલિક તપાસની જાહેરાત કરવામાં આવે છે, પરંતુ માર્ગ અકસ્માતોના મૂળ કારણોને સંબોધવામાં આવતા નથી. આ અકસ્માતો માટે જવાબદારી નક્કી કરવામાં આવતી નથી. દરરોજ, રસ્તાની બાજુમાં પાર્ક કરેલા ટ્રક સાથે ઝડપી વાહન અથડાવાના સમાચાર આવે છે, જેના પરિણામે અનેક નિર્દોષ લોકો મૃત્યુ પામે છે. આ કટોકટીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ અને માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને બે અઠવાડિયામાં રાજસ્થાનના ફલોદીમાં થયેલા ભયાનક માર્ગ અકસ્માતના કારણો અંગે વિગતવાર જવાબ દાખલ કરવા કડક નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ ભયાનક અકસ્માતની સ્વતઃ નોંધ લેતા આ સૂચનાઓ જારી કરી હતી. હકીકતમાં, આ કમનસીબ અકસ્માતનું કારણ રસ્તાની બાજુમાં અયોગ્ય રીતે પાર્ક કરાયેલ ટ્રક હતી. મુસાફરોથી ભરેલી એક ઝડપી ગતિએ આવતી ટેમ્પો ટ્રાવેલર તેની સાથે અથડાઈ. અકસ્માત એટલો ભયાનક હતો કે ચાર બાળકો અને દસ મહિલાઓ સહિત પંદર લોકોનાં મોત નીપજ્યાં. ઘણા લોકો ઘાયલ પણ થયા. સામાન્ય રીતે, કોઈપણ મોટા અકસ્માતમાં, ફક્ત ભોગ બનેલા લોકોની સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવે છે, અને સરકાર વળતરની જાહેરાત કરીને પોતાની ફરજ પૂર્ણ કરે છે તેવું માને છે. વધુમાં વધુ, આપણી ચર્ચાઓ કોણ દોષિત હતું તેની આસપાસ ફરે છે: શું ડ્રાઈવર બેદરકારીથી વાહન ચલાવી રહ્યો હતો, શું તે દારૂ પી રહ્યો હતો, કે પછી ઊંઘી ગયો હતો, અથવા વાહનમાં તકનીકી ખામીને કારણે અકસ્માત થયો હતો. પરંતુ વાસ્તવમાં, આપણે અકસ્માતોનું કારણ બનેલી તકનીકી અને વાસ્તવિક ખામીઓને અવગણીએ છીએ. એક તરફ, રસ્તાના બાંધકામમાં કોન્ટ્રાક્ટરો દ્વારા ભૂલો કરવામાં આવે છે, અને બીજી તરફ, રસ્તાની બાજુમાં આડેધડ રીતે બાંધવામાં આવેલી ખાણીપીણીની દુકાનો પણ છે, જ્યાં ટ્રક ડ્રાઈવરો ઘણીવાર તેમના વાહનો ખોટી રીતે પાર્ક કરે છે. પરંતુ દરેક અકસ્માતમાં, હંમેશા એવા પરિબળો હોય છે જે તાત્કાલિક કારણમાં ફાળો આપે છે, પરંતુ આપણે ઘણીવાર તેમને અવગણીએ છીએ. આવા મહત્વપૂર્ણ પરિબળને અવગણવાથી ભવિષ્યમાં આવા અકસ્માતો થવાની સંભાવના વધી જાય છે. તે વિડંબના છે કે જ્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટોલ વસૂલાત કેન્દ્રો પુષ્કળ પ્રમાણમાં હોય છે, ત્યારે તેઓ અકસ્માતમુક્ત રહે તે માટે કોઈ ગંભીર પ્રયાસો કરવામાં આવતા નથી. રસ્તાઓ પર અતિક્રમણ કરતા ઢાબાઓની વધતી સંખ્યા હજુ પણ અંકુશમાં નથી. કોન્ટ્રાક્ટરે રસ્તાના નિર્માણમાં તમામ ટેકનિકલ ધોરણોનું પાલન કર્યું છે કે કેમ તેની કોઈ ગંભીર તપાસ થઈ નથી. ચોક્કસપણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ અને માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયની જવાબદારી છે કે તેઓ અકસ્માતમુક્ત ધોરીમાર્ગો સુનિશ્ચિત કરવા માટે નિયમિત નિરીક્ષણ કરે. આનાથી નિર્દોષ જાનહાનિનું ચક્ર સમાપ્ત થશે. આ વિભાગો અને મંત્રાલયો ફક્ત ટોલ વસૂલવા માટે જ નહીં, પરંતુ સલામત રસ્તાઓ સુનિશ્ચિત કરવા માટે પણ જવાબદાર છે. ચોક્કસપણે, અકસ્માતમુક્ત રસ્તાઓ સુનિશ્ચિત કરવા માટે રસ્તાના બાંધકામની ગુણવત્તા અને ઉચ્ચ સલામતી ધોરણોનો અમલ પણ એટલો જ મહત્વપૂર્ણ છે. વધુમાં, ટ્રકોને રસ્તાના કિનારે પાર્ક કરતા અટકાવવા માટે કડક કાયદા અને દેખરેખનો અમલ થવો જોઈએ. રસ્તાના કિનારે અયોગ્ય રીતે પાર્ક કરેલા ટ્રકો સાથે વાહનો અથડાતા દેશમાં સેંકડો લોકો મૃત્યુ પામે છે, છતાં દોષિત ટ્રક ડ્રાઈવરોને કડક સજા થતી નથી. બીજી બાજુ, ડ્રાઈવરોએ ગતિ મર્યાદા અને અન્ય સાવચેતીઓનું કડક પાલન કરવું જોઈએ. સરકારોની પણ જવાબદારી છે કે તેઓ હાઈવે પર ગતિ મર્યાદાનું નિયમન કરે અને મુશ્કેલીમુક્ત મુસાફરી સુનિશ્ચિત કરે.

**માતાનામઢના યુવા દંપતિના કરૂણ મોત, એક સગીર ઘાયલ**

# રતડીયા ઉગેડી વચ્ચે ટ્રક-ઈકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો





**યુવા દંપતીના મોતથી નાના એવા ગામમાં ભારે ગમગીની ભર્યું વાતાવરણ સર્જાયું**



મહેશ એલ.સોની | નખત્રાણા

મંગળવારની રાત્રે ભુજ લખપત હાઈવે ઉપર રતડીયા ફાટક પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં માતાના મઢ ગામના યુવા દંપતી વિશાલસિંહ રતનશી સોઢા તેમજ તેમના પત્ની આરતીબા વિશાલસિંહ સોઢાના કમકમાટી ભર્યા મોત નિપજતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. તેમજ નાના એવા ગામમાં ભારે ગમગીની ભર્યું વાતાવરણ સર્જાયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ રાત્રે નવેક વાગ્યાની આસપાસ નખત્રાણાથી પોતાની ઈકો ગાડી નંબર GJ12 EF 5371સાથે સોઢા પરિવાર માતાનામઢ પરત ફરી રહ્યો હતો. ત્યારે રતડીયા ફાટક નજીક GJ 12 x 2224 નંબરની ટ્રક સાથે અથડાઈ હતી જેમાં ઈકોના આગળના ભાગનો કુડદો બોલી ગયો હતો જેમાં બેઠેલા વિશાલસિંહનું તો ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે તેમના ધર્મ પત્ની આરતીબાને સારવાર અર્થે લઈ જવાતા રસ્તામાં જ મોત નિપજ્યું હતું. જ્યારે તેમની સાથે રહેલા કાકાઈ ભાઈ નિકુલ સિંહ લાલુભા સોઢાને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં ઉગેડી સરપંચ કરણભાઈ રબારી તેમજ રાહદારીઓએ ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. આગળની તપાસ પોલીસ દ્વારા આરંભવાઈ છે.

**ફીટ ઈન્ડિયા, ફીટ મીડિયા પ્રોગ્રામ અંતર્ગત, રેડક્રોસ સોસાયટી અમદાવાદ અને માહિતી વિભાગના સંયુક્ત ઉપક્રમે**

# જૂનાગઢમાં મીડિયાના કર્મીઓ માટે હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ



જૂનાગઢમાં રેડ ક્રોસ,આઝાદ ચોકના ભવનમાં રેડ ક્રોસ સોસાયટી રાજ્ય બ્રાન્ચ અમદાવાદ અને સરકારના માહિતી વિભાગના સંકલનથી રાજ્યવ્યાપી અભિયાનના ભાગરૂપે જુનાગઢ ખાતે પત્રકારો માટે આરોગ્ય કેમ્પ યોજાયો હતો. હાલ રેડક્રોસ સોસાયટી દ્વારા દરેક જિલ્લામાં પત્રકારો માટે હેલ્થ સ્ક્રિનિંગ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. ગયા વર્ષે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મીડિયા કર્મીઓ માટે આરોગ્ય તપાસ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. જેને ખૂબ સારો પ્રતિસાદ મળતા રેડક્રોસ સોસાયટી દ્વારા ચાલુ વર્ષે પણ આ મહત્વનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. કામગીરીની સતત વ્યસ્તતા વચ્ચે મીડિયાના પ્રતિનિધિ અને તંત્રીશ્રીઓ હેલ્થ પ્રત્યે પણ તકેદારી રાખે અને અગત્યના બધા જ ટેસ્ટ એક સાથે થઈ જાય તો તબીબી માર્ગદર્શન પણ લઈ શકાય એવા ઉપક્રમે આ મીડિયા હેલ્થ સ્ક્રિનિંગ કાર્યક્રમ રાજ્ય સરકારના માર્ગદર્શન અને સંકલનથી ચાલી રહ્યો છે. જેમાં રેડક્રોસ સોસાયટીના અમદાવાદ ના મુખ્ય હોદ્દેદારો તેમજ દરેક જિલ્લા કક્ષાએ માનદ કાર્યકરો આયોજકો પણ સંકલન કરી રહ્યા છે.જેના ભાગરૂપે મીડિયા કર્મીઓનું હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પ એ માહિતી અને પ્રસારણ વિભાગ, રાજ્ય સરકાર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તરફથી એક સારો પ્રયાસ કાર્યરત કરવામાં આવ્યો છે. જેમાં જનતા સમાચાર પહોંચાડવા માટે સતત કાર્યરત મીડિયા ક્ષેત્રના કર્મીઓ માટે તમામ પ્રકારના હેલ્થ રીપોર્ટસ નિ:શુલ્ક કરી આપવામાં આવે છે. તા.૧૨-૧૧-૨૦૨૫ ના રોજ જૂનાગઢમાં આવેલ ઈન્ડિયન રેડક્રોસ સૂનાયટી ખાતે પ્રાદેશિક માહિતી કચેરી જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે મીડિયા કર્મીઓ માટે હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ થી વધુ મીડિયાના મિત્રોએ ભાગ લીધો હતો.

**15 નવેમ્બરે રિપોર્ટ સોંપવા હાઈકોર્ટનો આદેશ**

# ગીર બોર્ડર પરનાં એકમોની તપાસણી સમય મર્યાદામાં પૂર્ણ થવી અશક્ય

કિશોર આર.સોલંકી | જાફરાબાદ

ગીરની બોર્ડર પરના એકમોની તપાસ અંગેના હાઈકોર્ટના આદેશ બાદ રેવન્યુ અને વન વિભાગ દોડતું થયું છે. સાસણ આસપાસના ૪૦ જેટલા એકમોમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે. હાઈકોર્ટ ના આદેશ મુજબ તા.૧૫ સુધીમાં તપાસની કામગીરી પૂર્ણ કરી રિપોર્ટ આપવાનો છે પરંતુ હવે માત્ર ચાર દિવસ બાકી રહ્યા છે. ત્યારે ૧૦૦ જેટલા રિસોર્ટમાં તપાસ પૂર્ણ થવાની શક્યતા નથી.જ્યાં સૌથી વધુ રિસોર્ટ, હોટલ, ફાર્મ હાઉસ છે તેવા સાસણ પંથકમાં ૧૦૦ જેટલાં એકમોની તપાસ હજુ બાકી: તંત્રવાહકો માં દોડધામ જૂનાગઢ, ગીર-સોમનાથ અને અમરેલી ગેરકાયદેસર બાંધકામો ધમધમી રહ્યા છે. રેવન્યુ અને વન વિભાગની મીઠી નજર તળે બેરોકટોક બાંધકામ કરવામાં આવ્યા ત્યારે તંત્રએ કોઈ કાર્યવાહી ન કરી. સમગ્ર મામલે હાઈકોર્ટે ત્રણેય જિલ્લામાં ગીરની બોર્ડર પરના ૧૦ કિલોમીટરના એરિયામાં તપાસ કરવા રેવન્યુ અને વન વિભાગને તા.૧૫ નવેમ્બર સુધીમાં રિપોર્ટ કરવા આદેશ કર્યો છે. આ આદેશ બાદ ગીર-સોમનાથ જિલ્લાના તાલાળા, સુત્રાપાડા, ઉના, ગીરગઢડા પંથકમાં, અમરેલી જિલ્લાના ધારી, સાવરકુંડલા, ખાંભા વિસ્તારમાં જ્યારે જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે.સૌથી વધુ રિસોર્ટ તાલાળા અને સાસણ પંથકમાં છે. સાસણ ની આસપાસના રિસોર્ટમા મેંદરડા મામલતદારની ટીમ દ્વારા સાસણ અને મેંદરડા વન વિભાગને સાથે રાખી તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૪૦ જેટલા એકમોની તપાસ કરવામાં આવી છે.

# "જૂનાગઢમાં પેટ અને હરસ ને લગતા રોગોનો ફ્રી નિદાન કેમ્પ'


નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ દર્દીનારાયણની સેવાના ૧૭ વર્ષ પૂર્ણ કરી ૧૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે જૂનાગઢની 'બારમેડા સર્જીકલ હોસ્પિટલ' દ્વારા દર્દીઓની સેવા કાજે પેટ ને લગતા તમામ રોગો જેવા કે જૂનો દુ:ખાવો, ગેસ, એસિડિટી, એપેન્ડીકસ, કબજિયાત, પથરી વગેરે તથા હરસ, મસા, ભગંદર વગેરેના દર્દીઓ માટે તા. ૧૬/૧૧/૨૦૨૫ ને રવિવારના રોજ બારમેડા સર્જિકલ હોસ્પિટલ, હિરાપન્ના કોમ્પલેક્ષ, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ ખાતે 'ફ્રી નિદાન કેમ્પ' યોજાશે. જેમાં ૩૭ વર્ષના અનુભવી, પેટના દર્દોના નિષ્ણાંત ગેસ્ટ્રો સર્જન ડો. શૈલેશભાઈ બારમેડા દ્વારા તદન ફ્રીમા નિદાન કરી આપવામાં આવશે. PMJAY કાર્ડ હેઠળ ફ્રી ઓપરેશનની સગવડ પણ મળી રહેશે. ઉપરોક્ત કેમ્પમાં વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત સંખ્યામાં દર્દીઓને તપાસી શકાશે.

**ઘટના જૂનાગઢના યુવાન પ્રવાસી રિઝવાન સાંધના મોબાઈલ કેમેરામાં કેદ થઈ**

# સાસણ ગીરમાં અદભૂત દ્રશ્ય: મેટિંગમાં રસ ન ધરાવતી સિંહણોની લડાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ત્રણ સિંહણો એક સિંહ પર ભારે પડી, લડાઈ બાદ તમામ સિંહ પરિવાર એકઠો થઈ રૂટ પર ચાલ્યો કમલેશ્વર વિસ્તારમાં રવિવારે બનેલી આ દુર્લભ ઘટના પ્રવાસીના કેમેરામાં કેદ સાસણ ગીર વન્યજીવન અભયારણ્યના કમલેશ્વર વિસ્તારમાં, ચાર ચોક પાસે, રવિવારે સવારે એક એવું દ્રશ્ય જોવા મળ્યું કે જેની કલ્પના પણ ઓછા લોકો કરી શકે. ત્રણ સિંહણો એક સિંહ પર ભારે પડી ગઈ, જ્યારે બીજો સિંહ આ ઘટના માત્ર જોતો રહ્યો. આ નાટકીય લડાઈ માત્ર મેટિંગના મુદ્દાએ થઈ, જયારે સિંહણોને મેટિંગમાં રસ ન હતો. આ ઘટના જૂનાગઢના યુવાન પ્રવાસી રિઝવાન સાંધના મોબાઈલ કેમેરામાં કેદ થઈ ગઈ હતી. રવિવારની સવારે પ્રવાસ માટે આવેલા રિઝવાને આ દ્રશ્યો કેદ કરવાની તક મળી, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે બે નર સિંહો સલમાન અને ભુપત ત્રણ સિંહણો અને તેમના બચ્ચાઓ સાથેના આ પરિવારમાં છે. સલમાને મેટિંગ માટે પ્રયત્ન કર્યો, પણ સિંહણો તૈયાર ન હતી. તેથી તેમણે સલમાન પર પંજા, દાંત અને ગર્જના સાથે હુમલો કર્યો. બીજો સિંહ ભુપત આ લડાઈને શાંતિથી જોતો રહ્યો હતો જાણે તે જંગલના કાયદા અનુસાર તેની ભૂમિકા પૂરી કરતો હોય.આ લડાઈ જંગલમાં ભાગ્યેજ જોવા મળતી ઘટના છે, જે એશિયાટીક સિંહોના વર્તનને દર્શાવે છે. જાણકારોના મતે, સિંહણો પોતાની ઈચ્છા અનુસાર જ મેટિંગ કરે છે, અને જો તેમને ના કહેવાની જરૂર પડે તો તેઓ આક્રમક બની શકે છે. આ ઘટના કમલેશ્વર ડેમની નજીક બની, જે ગીરનું જીવનદાયી તળાવ છે અને જ્યાં સિંહો સહિતના પ્રાણીઓની વસ્તી વધુ છે. લડાઈ પછીનું દ્રશ્ય વધુ આશ્ચર્યજનક હતું. તમામ સિંહો ફરીથી એકઠા થઈને રૂટ પર ચાલતા જોવા મળ્યા, જાણે કંઈ થયું જ ન હોય. આ પરિવારમાં બચ્ચાઓ પણ સામેલ હતા, જે સિંહ સમુદાયની એકતાનું પ્રતીક છે.

**માર્ગ અને મકાન વિભાગ દ્વારા**

# અમરેલીમાં ચોમાસા દરમિયાન ક્ષતિગ્રસ્ત રસ્તાઓના પેચવર્કની કામગીરી શરૂ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ- પંચાયત હસ્તકના રસ્તાઓના પેચવર્ક ની કામગીરી શરૂ અમરેલી જિલ્લામાં વરસાદને કારણે માઈનોર સરફેસ ડેમેજ થવાથી માર્ગોને થયેલું નુકશાન પૂર્વવત કરવા પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત માર્ગોની સુધારણાના કાર્યો હાથ ધરાયા છે.દુરસ્તીકરણ કાર્યમાં તાજેતરમાં અભરામપરા એપ્રોચ રોડ, અમરાપુર ઢોલરવા કમીગઢ રસ્તાનું કામ શરૂ કર્યું છે. તેમજ તમામ તાલુકામાં ગ્રામ્ય રસ્તાના ડામર પેચવર્ક રિપેરિંગ શરૂ કરવામાં આવી છે. આ માર્ગ મરામત નું કાર્ય વહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. ચોમાસા બાદ હાથ ધરાયેલા માર્ગ સુધારણાના આ કાર્યનો પ્રારંભ જિલ્લાના છેવાડાના વિસ્તારના માર્ગોથી કરવામાં આવ્યો છે. અહીં ડામર પેચવર્ક સાથે માર્ગની સરફેસ દુરસ્ત કરી રાહદારીઓ અને વાહન ચાલકો માટે સુગમ્ય બનાવવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે તમામ ક્ષતિગ્રસ્ત માર્ગોના મરામતની આપેલી સૂચના બાદ અમરેલી જિલ્લામાં ચોમાસામાં નુકસાન પામેલ રોડના પેચવર્ક ડામરથી કરવાની શરૂઆત કરવામાં આવી છે.

# ડાયલ 112 - જનરક્ષક : પ્રજાની સેવા, સુરક્ષા માટે ખડે પગે 112

દિપક રાવલ | દાહોદ



૩૧ ઓગસ્ટથી શરૂ થયેલી ડાયલ ૧૧૨ જનરક્ષક સેવા આજે સમગ્ર રાજ્યમાં જનતાની સુરક્ષા માટે અવિરત સેવા આપી રહી છે. હાલ દાહોદ જિલ્લામાં કુલ ૨૫ PCR વેન જનતાની સેવા માટે કાર્યરત છે, જે જિલ્લા સુરક્ષા માટે કટીબદ્ધ છે. દાહોદમાં સવારે ૯:૪૨ વાગ્યે ૧૧૨ કંટ્રોલ રૂમ પર કોલ આવ્યો. સામે રેખાબેન વિનેશભાઈ વણકર હતા. એમણે જણાવ્યું કે, એક અજાણ્યો છોકરો મળી આવ્યો હતો. સાંભળતાં જ ૧૧૨ ની ટીમ તરત જ સૂચવેલ સ્થળ માટે રવાના થઈ અને માત્ર ૩ મિનિટમાં, એટલે કે ૯:૪૫ કલાકે તે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી. ૧૧૨ ની ટીમે તપાસ દરમિયાન છોકરાએ પોતાનું નામ નૈતિક એલકાર, ગામ રૂતભવર, તાલુકો છોટા ગોલવાડ, જિલ્લો શાજાપુર (મધ્યપ્રદેશ) હોવાનું જણાવ્યું. જેથી ૧૧૨ ટીમે ઝડપી કાર્યવાહી કરીને છોકરાને સુરક્ષિત રીતે રેખાબેન વિનેશભાઈ વણકર (CWC સભ્ય સચિવ), ચિલ્ડ્રન હોમ દાહોદને સોંપી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી. ૧૧૨ ની ટીમમાં પોલીસ અધિકારીશ્રી કેતનભાઈ પ્રતાપભાઈ (PC, બકલ નંબર: 07) તેમજ ડ્રાઈવરશ્રી ફૈઝ અલી અમીર અલી કાઝી (GRD નંબર: 256778) હતા.

# ધર્મેશભાઈ કોઠારી-ચેતનભાઈ ટાંકના જન્મદિવસે ગૌમાતાને દાન

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ મહાનગરપાલિકા, જૂનાગઢના માન.કમિશ્નરશ્રી તેજસ પરમારની સુચના મુજબ જૂનાગઢ મનપાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે સતત કાર્યવાહી કાર્યરત છે. જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. મનપા સંચાલિત ગૌશાળામાં મનપા, જૂનાગઢના કર્મચારીશ્રી ધર્મેશભાઈ કોઠારીના જન્મદિન નિમિતે રૂ.૧૧૫૧/- નું રોકડ દાન તેમજ ડે.મેયરશ્રીના પી.એ.શ્રી ચેતનભાઈ ટાંક દ્વારા તેમના જન્મદિન નિમિતે રૂ.૨૫૦/- નું રોકડ દાન આપવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.



ભુજના ધમધમતા સ્ટેશન રોડના રાતરાણી હોટલ પાસેના પારસ નાથ બિલ્ડિંગ પરથી એક વ્યક્તિએ છલાંગ લગાવીને પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. તેણે આત્મહત્યા જેવું પગલું ક્યા કારણ સર ભર્યું હશે તેની ખરી માહિતી પોલીસ તપાસ બાદ જાણવા મળશે હાલ તો આત્મહત્યા છે કે હત્યા છે એવી અટકળો સેવાઈ રહી છે. ઇન્સેટ તસવીરમાં પારસનાથ બિલ્ડિંગ દ્રશ્યમાન થાય છે.

# સરદાર પટેલની 150મી જન્મજયંતિ અંતર્ગત બનાસકાંઠામાં યુનિટી માર્ચનું કરાશે આયોજન

પાલનપુર

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે તેમની અવિસ્મરણીય રાષ્ટ્રીય સેવાઓને સ્મરણ કરવા માટે બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા તમામ વિધાનસભા વિસ્તાર મુજબ યુનિટી માર્ચનું આયોજન કરાશે. યુનિટી માર્ચના સુચારુ આયોજનને લઈને જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી પાલનપુર ખાતે સબંધિત અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઈ હતી. પદયાત્રામાં જિલ્લા તથા તાલુકા સ્તરના અધિકારીઓ, સરકારી કર્મચારીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ તથા સામાન્ય નાગરિકો ઉત્સાહપૂર્વક જોડાશે. સરદાર પટેલના જીવનમૂલ્યો, રાષ્ટ્ર એકતા અને અખંડતાના સંદેશને જન જન સુધી પહોંચાડવા માટે આ પદયાત્રાનું આયોજન કરાશે. આ બેઠકમાં જિલ્લાના અધિકારીશ્રી/ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન**

# પાંચવાડા PHC ખાતે મોબાઈલ TB એક્સ-રે વાન દ્વારા 183 દર્દીની તપાસ

દિપક રાવલ | દાહોદ

ગરબાડા તાલુકાના પાંચવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૦૦ દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પ દરમિયાન મોબાઈલ ટીબી એક્સ-રે વાનની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં કુલ ૧૮૩ શંકાસ્પદ દર્દીઓના ટીબી એક્સ-રે ટેસ્ટ કરવામાં આવ્યા. ઉપરાંત દર્દીઓ માટે વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર તેમજ ડાયાબિટીસ જેવી વિવિધ આરોગ્ય તપાસણીઓ પણ હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમની સફળતા માટે આરોગ્ય વિભાગની વિવિધ ટીમો – મેડિકલ ઓફિસર, તાલુકા ટીબી સુપરવાઈઝર, પિરામલ ફાઉન્ડેશનના કોમ્યુનિટી કોર્ડિનેટર, પીએચસી સુપરવાઈઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO), મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (MPHW), ફીમેલ હેલ્થ વર્કર (FHW), આશા ફેસિલિટેટર તથા આશા બહેનો – એ સક્રિય સહયોગ આપ્યો હતો. આ પ્રકારના આરોગ્ય કાર્યક્રમો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ટીબી જેવી ગંભીર બીમારીની વહેલી તકે ઓળખ અને નિર્મૂલન દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે, જે "ટીબી મુક્ત ભારત"ના લક્ષ્ય તરફ દૃઢ પગલું સાબિત થશે. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા ક્ષય અધિકારીશ્રી તથા તાલુકા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી હતી.

# પાલનપુર-માલણ-હાથીદ્રા-વિરમપુર માર્ગના નવીનીકરણનું કામ શરૂ કરાયું

પાલનપુર | માર્ગ અને મકાન વિભાગ પાલનપુર હસ્તકના પેટા વિભાગ પાલનપુર દ્વારા એમ.ડી.આર. કક્ષાના પાલનપુર- માલણ- હાથીદ્રા- વિરમપુર માર્ગના નવીનીકરણનું કામ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર ભારે વાહન વ્યવહાર અને વરસાદના કારણે ખાડા પડ્યા હતા, જેના પરિણામે વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લઈ માર્ગનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. આ માર્ગ અંબાજી હાઈવે સાથે જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે, જેનાથી પાલનપુર તાલુકાના આશરે ૧૨થી વધુ ગામો સીધા જોડાય છે. માર્ગના નવીનીકરણથી સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, ખેડૂતો તથા વેપારીઓને મુસાફરીમાં સહેલાઈ થશે અને વાહનવ્યવહાર વધુ સુગમ બનશે.

# મતદારયાદી સુધારણામાં બનાસકાંઠાની BLO મનીષાબેનની ઉત્કૃષ્ટ કામગીરી

પાલનપુર



બનાસકાંઠા જિલ્લામાં હાલ ચાલી રહેલી મતદારયાદી ખાસ સઘન સુધારણા અંતર્ગત ૧૨- પાલનપુર વિધાનસભા મતદાર વિભાગના ભાગ નં. ૪૪ એગોલાની મહિલા બુથ લેવલ અધિકારી સુશ્રી મનીષાબેન પ્રજાપતિએ ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. તેમણે પોતાના ભાગના કુલ ૪૫૦ ફોર્મ્સ ફક્ત ૪૮ કલાકના ટૂંકા સમયગાળામાં ડિજિટલ રીતે ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરી ઉત્તમ સેવા પ્રદાન કરી છે. બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મિહિર પટેલ દ્વારા સુશ્રી મનીષાબેન પ્રજાપતિને તેમની આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ BLO મનીષાબેનની કામગીરીની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે,બનાસકાંઠા જિલ્લાના તમામ બુથ લેવલ અધિકારીઓ અને ચૂંટણી કર્મચારીઓ દ્વારા પણ આવું જ ઉત્સાહ અને હકારાત્મક વલણ અપનાવી મતદારયાદી સંબંધિત તથા અન્ય રાષ્ટ્રીય કામગીરી સમયસર અને અસરકારક રીતે પૂર્ણ કરવામાં આવશે તેવી આશા વ્યક્ત કરી હતી. આવો સૌ સાથે મળીને મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હેઠળ "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય" ઝુંબેશને આગળ વધારીએ.

**આતંકવાદી ગતિવિધિઓ સંદર્ભે એડવાન્સ તકેદારીના આદેશ**

# રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયનો સુરક્ષા કવચ સઘન કરવાનો મોટો આદેશ

ગાંધીનગર | રાજ્યમાં પ્રવર્તમાન આતંકવાદી ગતિવિધિઓ સંબંધી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્યના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આજે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં તમામ શહેર પોલીસ કમિશનરશ્રીઓ અને જિલ્લાઓના પોલીસ વડાઓને અનિચ્છનીય બનાવ અટકાવવા તકેદારીના ભાગરૂપે એડવાન્સ લેવલની તૈયારીઓ કરવા માટે જરૂરી સૂચનાઓ આપીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. અખબારી અહેવાલ મુજબ, આ બેઠકમાં પોલીસ વડાએ એ.ટી.એસ. (ATS) સહિત રાજ્યના તમામ ફિલ્ડ યુનિટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત (સ્ટ્રેન્ધન) કરવા માટે વિસ્તૃત ચર્ચા હાથ ધરી હતી. આ ઉપરાંત, તેમણે તમામ જિલ્લાના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG કામગીરી સમીક્ષા)ની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

પોલીસ વડા વિકાસ સહાય દ્વારા એસઓજીને વિવિધ ૩૦ મુદ્દાઓ પર રજિસ્ટરની યોગ્ય નિભાવણી કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી સુરક્ષા સંબંધિત કોઈ પણ નાની વિગત પણ છૂટી ન જાય. બેઠકમાં ખાસ કરીને ગંભીર ગુનાઓ સાથે જોડાયેલા આરોપીઓ પર સતત નજર રાખવાની સૂચના આપવામાં આવી હતી.

## ક્વિક ન્યૂઝ

### ભગવાન બિરસા મુંડાના જન્મદિવસ ઉજવણી માટે પૂર્વ આયોજન બેઠક યોજાઈ



જગદીશ ત્રિવેદી | મહીસાગર ભારત સરકાર દ્વારા ભગવાન બિરસા મુંડાના જન્મદિવસ, ૧૫ નવેમ્બરને 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ આગામી ઉજવણીના ભાગરૂપે, ૧૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી માટે મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા કલેક્ટર શ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને પૂર્વ આયોજનની તૈયારી માટે બેઠક યોજાઈ.બેઠકમાં કાર્યક્રમનું ઓવર ઓલ સુપરવિઝન, મંડપ/સ્ટેજ નિર્માણ તથા સાઉન્ડ સિસ્ટમ, સ્ટેજ બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, આમંત્રણ કાર્ડ વિતરણ, પોલીસ બંદોબસ્ત અને પાર્કિંગ વ્યવસ્થા, આરોગ્ય અને ઈમરજન્સી સેવાઓ, સંપૂર્ણ સફાઈ અને સેનીટેશન અને વૃક્ષારોપણની કામગીરી જેવી વિવિધ કામગીરીની ચર્ચા કરવામાં આવી હતી.

### મહીસાગર જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ સમારકામની કામગીરી પૂરજોશમા

જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લામાં કમોસમી વરસાદને કારણે માર્ગોને ભારે નુકસાન થયું હતું. જેને ધ્યાનમાં રાખીને, જિલ્લા વહીવટી તંત્ર અને મહીસાગર જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા સજાગ થઈ લુણાવાડા-સંતરામપુર રોડ પર રિપેરિંગનું કાર્ય પૂરજોશમાં શરૂ કરવામાં આવ્યુ છે.



આ કામગીરીના પ્રથમ તબક્કામાં, ડાહ્યાપુર જંક્શનથી લઈને કાનાવાડ અને રીંછડી ગામો સુધીના માર્ગના સમારકામની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ સમારકામમાં માર્ગ પર પડેલા ખાડાઓ ભરવા અને જરૂરી પેચ વર્ક પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જેથી કરીને માર્ગની સપાટી મજબૂત અને અવરજવર માટે સલામત બની શકે.

### મહીસાગર જિલ્લામાં કામ કરતા તમામ શ્રમિકો/કામદારોની માહિતી પોલીસને આપવી ફરજિયાત

જગદીશ ત્રિવેદી | મહીસાગર જીલ્લામાં નવા બંધાતા મકાનોમાં તેમજ નગરપાલિકા/ગ્રામપંચાયત વિસ્તારમાં મજુરી કામ અને ટેલિફોન કંપની દ્વારા ખોદાતા ખાડાઓનુ મજુરીકામ મેળવી તેમજ અન્ય મજુરી કામ કરવા બહાના હેઠળ કેટલાક ઈસમો રોકાણ કરી પરિસ્થિતિનો સર્વે કરી માહિતગાર થઈ મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. તેમજ લેબર કોન્ટ્રાક્ટરો/મુકાદમો/રોજગારી આપનાર સંસ્થાઓ/એકમો તરફથી કામગીરી માટે રાખેલ શ્રમિકો/કામદારોનો કોઈ પુર્વ ઈતિહાસ, નાગરિકતા તથા ઓળખ કર્યા સિવાય રોજગારી આપી દેવામાં આવતી હોય છે જે દેશની આંતરિક સુરક્ષા માટે અયોગ્ય અને અનિચ્છનિય છે. જેથી સરકારશ્રી કક્ષાએથી પણ રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/સંસ્થાઓમાં શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પુર્વ ઈતિહાસ,નાગરિકતા અને ઓળખ અંગે વેરીફીકેશન/ચકાસણી કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ છે.

## જાફરાબાદ વાપાળીયા બાજુમાં આવેલ મહત્વ ની શૈક્ષણિક સંસ્થાઓનો મેઈન રરોડ સાવ ખખડધજ હાલતમાં

# રોડની હાલત અતિશય ખરાબ હોવાથી લોખંડના સળિયા દેખાવા લાગ્યા છે





**રોજેરોજ વિધાર્થીઓ અવરજવર કરતા હોય રોડ ઉપર દેખાતા સળિયા જીવલેણ સાબિત થાય તે પહેલાં કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું તંત્ર જાગે**

**શું આ રોડ બાબતે નિંદ્રાધીન તંત્ર ધ્યાનમાં લેશે..?? કે પછી કોઈ વિધાર્થીઓ કે રાહદારીઓ નો ભોગ લેવાશે ત્યારે ગંભીરતા લેવામાં આવશે..??**

કિશોર આર. સોલંકી | જાફરાબાદ| તા 11

જાફરાબાદ ના વાપાળીયા બાજુમાં આવેલ સરકારી સ્કૂલના રોડ રસ્તા ઓ અતિશય ખખડધજ હાલતમાં હોય અહીં આ રોડ ઉપર કાકડી ઓ કપચી ઓ દેખાતા ટુ વ્હીલર ચાલકો ના વિલ આવતા કપચી ઓ ઉડી રહી છે. ન કરે નારાયણ ને આ ટુ વ્હીલર ના વિલ માંથી ઉડતી કપચી કોઈના માથા ફોડી નાખે તેવી રીતે ઉડી રહી છે. તેમાંય રોડ ઉપર દેખાતા લોખંડના સળિયા કોઈ ગંભીર અકસ્માત નોતરે તેવી સ્થિતિમાં રોડ હોય પરંતુ મહત્વ ની સ્કુલ ઓ આવેલ હોવા છતા પણ કોઈ પણ ખાતું તસ્દી લેતું નથી આ બાબતે ત્રણેય સ્કુલ ના શિક્ષકો દ્વારા આ રોડ બાબતે લાગતા વળગતા ખાતાઓમાં લેખિત રજૂઆત તથા જનપ્રતિનિધિ તથા પદાધિકારીઓ ને મૌખિક તથા લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ ધ્યાન ઉપર લેતું નથી વર્ષોથી આ રોડ સાવ ખખડધજ હાલતમાં હોય પરંતુ લાગતા વળગતું ખાતું તસ્દી લેતું નથી આ વાપાળીયા વિસ્તારમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ, સરકારી આરટીઆઈ, મૉડેલ સ્કૂલ તેમજ ગર્લ્સ હોસ્ટેલ, વિગેરે મહત્વ ની શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. અહીંયા હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા જાય છે. પરંતુ અહીં જવા માટે જે એક કીલો મીટર નો રોડ તદ્દન બિસ્માર હાલતમાં અને ખખડધજ હોય આ રોડ ઉપર કોકરેટ તેમજ લોખંડના સળિયા બહાર નીકળી ગયા હોય તેથી વિધાર્થીઓ ને તેમજ સ્ટાફ ને તેમજ રાહદારીઓ ને અતિશય વિકટ પરિસ્થિતિમાં મુકાવું પડે છે. આ રસ્તા ઉપર કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા યુધ્ધ ના ધોરણે રોડ બનાવવો જરૂરી છે. અને અત્રે નોંધવું જરૂરી છે કે આ રસ્તો નગરપાલિકા ના અંડરમાં આવે છે. છતાં પણ આ રોડ બનાવવામાં અતિશય ઢીલી નીતિ અપનાવવામાં આવે છે. કોઈ અકળ કારણોસર માટે ભાવી નાગરિકો ( વિધાર્થીઓ) ના હિતને લક્ષમાં લઈ અને કોઈ મોટી દુર્ઘટના ન બને તે પહેલા આ રોડ બનાવવા માટે લોકો ની ઉગ્ર માગણી છે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની છાત્રા

# સાઉથ ઝોન આંતર યુનિ. જુડોની બહેનોની સ્પર્ધામાં તૃષાબેન ઝાલાએ સિધ્ધી હાંસલ કરી



નરેન્દ્ર દવે | જૂનાગઢ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સહશૈક્ષણિક પ્રવૃતિમાં રસ કેળવતા થાય, રમત-ગમત ક્ષેત્રે પોતાનું કેશલ્ય કેળવે દિશામાં યુનિ.નાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ પ્રોત્સાહન પુરૂ પડે તે દિશામાં માર્ગદર્શીત થતા રહે છે. યુનિ. અને યુનિ. સંલગ્ન કોલેજોનાં વિદ્યાર્થીઓ રમત-ગમત ક્ષેત્રે શ્રેષ્ઠત્તમ પ્રદાન કરે તે દિશામાં વિવિધ રમતોનું આયોજન થતુ રહે છે. તાજેતરમાં સોમનાથ કોમર્સ કોલેજ કોડીનારની ઝાલા તૃષાબેને સેગ યુનિવર્સીટી ભોપાલ જુડોની રમતમાં ૬૩ કીલો વેઈટ કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં કુ.તૃષાએ પોતાનાં પ્રતિસ્પર્ધીઓને હરાવી આ સ્પર્ધામાં વિજેતા ૧૬ સ્પર્ધોકોમાં ચોથુ સ્થાન અંકીત કર્યુ હતુ. આગામી સમયમાં બહેનોની જુડો સ્પર્ધામાં ભાગ લેવા કુ.તૃષા પંકજભાઇ ઝાલા આંતર ઝોનલ સ્પર્ધામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિનું પ્રતિનીધીત્વ કરશે. વેસ્ટઝોન કક્ષાએ ઉત્કૃષ્ઠ સિધ્ધી હાંસલ કરનાર યુનિ.ની વિદ્યાર્થીની કુ.તૃષા ઝાલાને અભિનંદન પાઠવતા કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે આવશ્યક જીવન કૌશલ્યો વિકસાવવામાં રમતગમત પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## ન્યૂઝ ઈન બૉક્સ

### વઘઇ બોટાનિકલ ગાર્ડન ખાતે સ્વદેશી વસ્તુઓના મેળો - ૨૦૨૫નું આયોજન



(એજન્સી) ડાંગ | તા 11

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના સ્વપ્નને સાકારિત કરવાના હેતુ સાથે ડાંગ જિલ્લાના વઘઈ નજીક આવેલ બોટાનિકલ ગાર્ડન ખાતે ડાંગ વન વિભાગ દ્વારા આયોજીત સ્વદેશી વસ્તુઓના મેળા - ૨૦૨૫ નું ઉદ્ઘાટન વઘઈ તાલુકા પ્રમુખ ચંદરભાઈ ગાવિત દ્વારા કરવામાં આવ્યું .સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહન મળે મહિલાઓ આત્મનિર્ભર બને તેવા આશયથી આયોજિત આ મેળામાં ડાંગની સખીમંડળની બહેનો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક ઉત્પાદનો, હળદર, મરી-મસાલા, ડ્રેસ, ઘર સજાવટની વસ્તુઓ, અથાણા, વાંસની બનાવટની વસ્તુઓને ખરીદીને સ્વદેશી અને આત્મનિર્ભર ભારતના મંત્રને સાકારિત કરવાનો ડાંગની જનતાંને અનુરોધ કરવામાં આવ્યો છે.

### નખત્રાણા મારૂ કંસારા સોની સમાજના મહિલા અગ્રણીનું અવસાન થતાં શોક ફેલાયોં

મહેશ એલ. સોની | નખત્રાણા મૂળ ટોડિયાના હાલે હાલે મણીનગર નખત્રાણા રહેતા તેમજ ભુજ ના સોના ચાંદીના અગ્રણી વેપારી લાયન્સ ક્લબ પ્રેસિડેન્ટ ચંદ્રકાંતભાઈ બુદ્ધભટ્ટી તેમજ નખત્રાણા સોના ચાંદીના



વેપારી મનોજભાઈ બુદ્ધભટ્ટીના માતુશ્રી સ્વ. ગોદાવરી બેન ગોરધનભાઈનું ૮૧ વર્ષ ની જૈફ વયે અવસાન થતાં નખત્રાણા સહિત આસપાસના વિસ્તારમાં શોક ફેલાયો હતો. તેઓ પોતાના સરળ તેમજ ધાર્મિક સ્વભાવના લીધે દરેક વર્ગમાં લોકપ્રિય હતા. તેમની પ્રાર્થના સભા નખત્રાણા વિરાણી મોટી રોડ પર આવેલા રૂડી સતી માના મંદિરે આજ રોજ તારીખ ૧૩ /૧૧/૨૦૨૫ ગુરુવારના સાજે ૪:૦૦ થી ૫:૦૦ રાખવામાં આવી છે.

### ગુજરાત સ્ટેટ એલીઝીબીલીટી ટેસ્ટ (જી-સેટ)ની પરીક્ષા ૧૬ નવેમ્બરે યોજાશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ ગુજરાતનાં યુવાનોને પોતાની શિક્ષણક્ષેત્રની ઉજ્જવળ કારકિર્દીનાં ઘડત્તર માટે મહત્વની એવી ગુજરાત સ્ટેટ એલીઝીબીલીટી ટેસ્ટ (જી-સેટ)ની પરીક્ષા આગામી ૧૬મી નવેમ્બરે રાજ્યભરનાં ૧૧ કેન્દ્ર દ્વારા યોજાનાર છે. ઉલ્લેખનિય છે કે ગુજરાતનાં કુલ ૧૧ કેન્દ્રો દ્વારા ૪૨૮૦૮ જેટલા યુવાઓ પરીક્ષા આપનાર છે. આ પરીક્ષાની જૂનાગઢ જિલ્લાની કાર્યવાહી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા સંચાલત થનાર છે. જી-સેટની જૂનાગઢ જિલ્લાની પરીક્ષાનાં નોડલ અધિકારી તરીકે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં અંગ્રેજી વિભાગનાં વડા પ્રો.ફિરોઝ શેખ દ્વારા જૂનાગઢ શહેરનાં ત્રણ પરીક્ષા કેન્દ્ર એમ.એમ. ઘોડાસરા મહિલા કોલેજ, શ્રી પી.કે.એમ.કોલેજ, શાસ્ત્રી સ્વામિ ધર્મજીવન દાસજી ટેક્નીકલ કોલેજોનાં કુલ ૧૦૮ જેટલા બ્લોકમાં યોજાનાર પરીક્ષામાં ૨૩૫૦ યુવાઓ પરીક્ષા આપનાર છે.

## મહીસાગરના ખાનપુર APMCમાં ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ...

જગદીશ ત્રિવેદી | મહીસાગર ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય મૂલ્ય મળી રહે તે દિશામાં રાજ્ય સરકારના પ્રયાસોના ભાગરૂપે, મહીસાગર જિલ્લાના ખાનપુર APMC ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ખરીદીમાં સરકાર દ્વારા ૧૪૫૨/- પ્રતિ ક્વિન્ટલ નો ભાવ નક્કી કરવામાં આવ્યો છે, જે ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત



થઈ રહ્યો છે.ખાનપુર APMC ચેરમેન શ્રી ભૂલાભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખાનપુર APMC ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો શુભારંભ થઈ ચૂક્યો છે. સરકારે આ વર્ષે ખેડૂતને મગફળીના યોગ્ય ભાવ મળે તે માટે ૧૪૫૨/- રૂપિયા જેટલો ઊંચો ભાવ આપીને ખેડૂતને મજબૂત કરવાનું કામ કર્યું છે. વળી, સરકારે માત્ર મગફળી જ નહીં, પણ સોયાબીન, મગ અને અડદ સહિતના વિવિધ પાકોની ખરીદી માટે ૧૫,૦૦૦ કરોડનો માતબર લક્ષ્યાંક નક્કી કર્યો છે, જે ખેડૂતોને આર્થિક સુરક્ષા પૂરી પાડશે.

## કમોસમી વરસાદ બાદ ડાંગ જિલ્લામાં પંચાયત, માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગ કામો પુરજોશમાં



(એજન્સી) ડાંગ | તા 11

તાજેતરમાં વરસેલાં કમોસમી વરસાદ બાદ ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગ તથા પુલના વિકાસના વિવિધ કાર્યો પુરજોશમાં શરૂ કરવામાં આવ્યા છે.જિલ્લાના પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં બિટુમિન રોડના કામો, પુલના માળખાકીય તથા સમાપ્તી કાર્યો ઝડપથી હાથ ધરવામાં આવ્યા છે, જેથી વરસાદ બાદ માર્ગવ્યવસ્થા વધુ સુગમ અને સુરક્ષિત બને.

આ સાથે જ વિભાગના ઈજનેરી સ્ટાફ દ્વારા સ્થળપરસતતદેખરેખસાથેગુણવત્તાયુક્ત કામો કરવામાં આવી રહ્યા છે.તાજેતરમાં જડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા પુલના સુપરસ્ટ્રક્ચરનું સમાપ્તી અને પરાપેટ પેઈન્ટિંગ કાર્ય, મશીન વડે બિટુમિન પાથરી પેવર અને રોલરથી સમતલ માર્ગ નિર્માણ, ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તમામ કાર્યો સમયમર્યાદામાં અને ગુણવત્તા ધોરણો મુજબ પૂર્ણ કરવા માટે ખાસ ધ્યાન જેવાં વિભાગના મહત્વના કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યના મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા જિલ્લાના તમામ કાર્યને ઝડપથી અને કાર્યક્ષમતાથી પૂર્ણ કરવા માટે પુરજોશ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

## ઉપલેટાનાં ભાયાવદરમાં જોખમી પુલ પર બેરીકેટ લગાવવામાં આવ્યા

વિજય રાડીયા | ભાયાવદર| તા 11

ભાયાવદરમાં મીની બસ સ્ટેન્ડ થી લઈ રેલવે સ્ટેશન સુધીનાં જુનવાણી ત્રણ પુલ નબળા હોવાથી કલેકટરના જાહેરનામા નાં હુકમ મુજબ આર .એન. બી વિભાગ દ્વારા પુલની બંને સાઈડ એન્ગલ મારવામાં આવ્યા ત્યારબાદ



એંગલ પણ કાઢી નાખવામાં આવ્યું હતું ડાઈવર્ઝન પણ કાઢેલ હતા પણ કામખોરપે ચડી ગયું હતું અને ફરીથી ડાયવર્ઝન શરૂ કરવામાં આવ્યા છે અને નબળા પુલના રસ્તા ઉપર બેરીકેટ મૂક્યા અને હોમગાર્ડ ને મૂકવામાં આવ્યા હતા. જેથી કરી ભારે વાહન અવર-જવર ના કરે તેમના માટે ભાયાવદર થી આ રસ્તો ઘણા ગામને જોડે છે કોલકી. ખારચીયા. રબારીકા. પાનેલી. સિદસર. જામનગર જેવા અનેક ગામોને જોડાય છે.

### મહીસાગર જિલ્લાની તમામ શાળાઓ મારફતે....

## સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત બાળકોને પુનઃશિક્ષા સાથે જોડવા ૧૪ થી ૨૩ નવેમ્બર સુધી સર્વેક્ષણ હાથ ધરાસે

જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ મારફત સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત એક વિશેષ સર્વેક્ષણનું આયોજન કરવામાં આવ્યું છે. આ સર્વેનો મુખ્ય ઉદ્દેશ્ય ૬ થી ૧૮ વર્ષની વયજૂથના એવા બાળકોને શોધી કાઢવાનો છે, જેઓ જુદા જુદા કારણોસર શાળા બહાર છે અને જેમનું ધોરણ ૧ થી ૧૨ નું શિક્ષણ અધૂરું છે. આ સર્વેક્ષણમાં શાળા બહારના બાળકો તેમજ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો સહિતના તમામ બાળકોને આવરી લેવામાં આવશેઆ સર્વેક્ષણ કાર્યક્રમ તા. ૧૪.૧૧.૨૦૨૫ થી તા. ૨૩.૧૧.૨૦૨૫ દરમિયાન મહીસાગર જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ દ્વારા હાથ ધરવામાં આવશે. આ સર્વે દ્વારા એકત્ર કરાયેલા ડેટાના આધારે, આવા બાળકોને તેમની ઉંમર અને અગાઉના શૈક્ષણિક સ્તરને અનુરૂપ યોગ્ય શિક્ષણ પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે, જેથી તેઓ પણ પોતાનું શિક્ષણ પૂર્ણ કરી શકે.

## મહીસાગર જિલ્લામાં તા. ૧૫, ૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખાસ કેમ્પનું આયોજન

### જિલ્લાના દરેક મતદાન મથક પર થશે ખાસ કેમ્પનું આયોજન

જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લામાં તારીખ ૨૮ ઓક્ટોબરથી તા.૧ જાન્યુઆરી ૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સઘન સુધારણા (SIR) કાર્યક્રમ-૨૦૨૬ ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. મહીસાગર જિલ્લાના તમામ બુથ લેવલ ઓફિસર દ્વારા તા.૦૪/૧૧/૨૦૨૫થી તા.૦૪/૧૨/૨૦૨૫ સુધીમાં એન્યુમેરેશન(ગણતરી) ફોર્મ દરેક મતદારોના ઘરે ઘરે જઈ તેનું વિતરણ કરવામાં આવશે અને ભરેલ ફોર્મ પરત જમા લઈ ઓનલાઈન અપલોડ કરવામાં આવશે.જેના ભાગરૂપે તા. ૧૫, ૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦થી બપોરે ૧:૦૦ કલાક સુધી BLO તેમના મતદાન મથક પર હાજર રહી મતદારોના ગણતરી ફોર્મ ભરવામાં મદદ કરશે, તેમજ બાકી રહેલા મતદારોનું મેપિંગ કરશે. તથા મતદારોનું નામ અથવા તેમના માતા-પિતા/દાદા-દાદીનું નામ વર્ષ ૨૦૦૨ની મતદારયાદીમાં શોધવા તથા વર્ષ ૨૦૦૨ની મતદારયાદીમાં માતા-પિતા/દાદા-દાદીનું નામ ન હોય તેવા કિસ્સામાં ક્યા પુરાવા રજુ કરવા તે અંગે BLO જરૂરી માર્ગદર્શન આપશે.

# દિલ્હીમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા નિર્દોષ લોકોનું દર્દ પરમાત્મા ને થયું હશે



**રે...રે...રે..રે..મનુષ્ય તું તો સાવ મનુષ્ય મટી ગયો,**
**ભૂખ તરસ ભૂલી ને તું ખુદના લોહીનો તરસ્યો થયો,**
**પ્રાણીઓને હું શું સમજાવું?માણસ ભૂલ્યો છે ભાન,**
**ધર્મ,જાત,નાત આતો તારા બનાવેલ બધા ફાંટાઓ છે,**
**અલ્યા! તું જન્મ્યો માણસ અંતે માણસ જ મરવાનો છે,**

દિલ્હી,મુંબઈ, અમદાવાદ વગેરે ભારત ના શહેરોમાં થયેલ આતંકી હુમલાઓમાં સ્લીપર સેલ નો સહયોગ પૂરેપૂરો સાબિત થયેલ એ જાણકારી મળ્યા બાદ થાય છે કે આઝાદી વખતે મહાત્મા ગાંધીજી નો "ભાઈ ચારા" વાળો નિર્ણય ખોટો સાબિત થઈ રહ્યો છે.રખડતા પ્રાણી ને પણ રોટલાના ટુકડાની કિંમત હોય છે પરંતુ ભારત માં વસ્તા સ્લીપર સેલ નો મકસદ "પાકિસ્તાન"ના આતંકી સંગઠનો ની આતંકવાદી પ્રવૃતિઓ ભારત માં ચલાવવાનો છે. આતંકવાદીઓના હાથનું રમકડું બની ચૂકેલ સ્લીપર સેલ ને જીવતે જી નિર્જીવ બની જતા જન્મદાતા ભૂમિ ને રક્ત રંજીત કરતા પહેલા વિચાર કરતા નથી.આતંકવાદ એ સમગ્ર મનુષ્ય જાતિ માટે દુશ્મન સમાન છે કદાચ જે લોકો આતંક વાદીઓને ફંડ,ભોજન અને હથિયાર વગેરે ની મદદ કરતા હશે એ લોકો પણ અંધારા માં તલવાર બાજી કરી રહ્યા છે આતંક વાદ= વિશ્વાસઘાત.આતંક વાદ ને સગા સબંધીઓ,પ્રેમ,ખુદ ના પ્રાણ ની પણ પડી નથી હોતી. ચાવી દીધેલ રમકડા ની કાર ને જે કમાડ આપો એ અનુસાર દોડ્યા કરે છે. આતંકી આકા ઓનો મકસદ મનુષ્ય જાતિ નો વિનાશ કરવો એવું વધારે લાગે છે.જંગલ માં હિંસક પ્રાણીઓ બીજા પ્રાણીઓનો ખોરાક માટે શિકાર કરે એ સામન્ય છે "જીવો જીવસ્ય ભોજનમ" મતલબ ભોજન માટે એક પ્રાણી બીજા પ્રાણી ને કે મનુષ્ય પ્રાણી ને અથવા પ્રાણી મનુષ્ય નો શિકાર કરતા હોય છે. ભૂમિ કે ધર્મ માટે હિંસક બની ને પ્રાણી મનુષ્ય નો અથવા મનુષ્ય પ્રાણીઓનો શિકાર કરતા નથી. સેક્યુલર દેશ ભારતમાં આતંકી હુમલાઓ થાય છે ત્યારે વિશ્વ એ એનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે,કેમ? જે ભૂમિના ભાગલા હિન્દુ અને મુસ્લિમ ના નામે પડ્યા હતા એ ભૂમિ માં વસ્તા લાખો કરોડો હિન્દુઓએ મહાત્મા ગાંધી ની એક હાકલ પર ભાઈચારા ના ધર્મ નું પાલન કરી ને મુસ્લિમ ભાઈઓ ને હિજરત કરવા માટે મજબૂર કર્યા નહતા.દિલ્હી માં ડોક્ટર આતંકીઓનું ષડયંત્ર જોઈને કદાચ ગાંધીજી પણ પોતાના નિર્ણય માટે લજવાઈ જાત.



પરમાત્માનું દર્દ
- રુપાલી દવે

"કાફિર" શબ્દ ખબર નહી ક્યાંથી આવ્યો હશે? આ વિશ્વ ના પ્રત્યેક ધર્મ એ દુશ્મની ભૂલી આપસ માં શાંતિ,લોક કલ્યાણ અને ભાઈચારા નો સંદેશ આપે છે. હકીકત માં તીન તલાક ની પ્રથા ને નાબૂદ કરીને એના માટે કડક કાયદો બનાવ્યો આ સ્ટેપ તો સ્ત્રીઓ માટે ફાયદાકારક સાબિત થવું જોઈતું હતું.પરંતુ એના બદલે વિધવા,ત્યકતા, ડિવોર્સી સ્ત્રીઓની પ્રગતિ નો રસ્તો મહિલા આતંકી ગેંગ માં પરિવર્તિત થયો. પીડિત સ્ત્રીઓના હક અધિકાર માટે લડવા માટે મજબૂત બનાવવા ના બદલે એને આતંકી પ્રવૃતિઓમાં સામેલ થવા મજબૂર કરવી એ સમગ્ર મુસ્લિમ સમાજ ની નિષ્ફળતા સમજી શકાય. વર્તમાન માં સરકાર એ તીન તલાક વિરુદ્ધ નો કાયદો એટલો કડક બનાવ્યો છે કે વિના કારણ તલાક આપનાર પુરુષ એ વાંકા વળી ને પણ પત્નીને એનો હક અધિકાર ફરજિયાત આપવો પડશે.વિચારો આપણા આસપાસ આવા સ્લીપર સેલ વસ્તા નહી હોય એની ખાતરી શું? દિલ્હી માં આતંકી બનાવ બન્યો ત્યારે સાજિશ કર્તા ના નામ બહાર આવતા જ એના પડોશીનું નિવેદન હતું કે "આ લોકો તો ખૂબ સજ્જન અને સારા માણસો હતા આટલું મોટું કાતિલ કામ કરી શકે એવું લાગતું નહતું" વાસ્તવિકતા તો એ છે કે ભારતીય લોકો એ સજાગ થઈ જવાનો સમય આવી ગયો છે મકાન ભાડે આપતા પહેલા પોલીસ વેરિફિકેશન ફરજિયાત કરાવી જરૂરી છે.

યુ.એસ ના વડાપ્રધાન ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા યુક્રેન અને ઈઝરાયલ અને ગાઝા વચ્ચે ના યુદ્ધ ને સમાપ્ત કરવા મધ્યસ્થી બની ને શાંતિ વાર્તાઓ કર્યા કરતા હતા પરંતુ એમને જાણ હતી કે પાકિસ્તાન ની અંદર વસવાટ કરતા આતંકી સંગઠનો ભારત સહિત બધા જ દેશો માટે ખાતર નાક છે છતાંય એણે પાકિસ્તાન ને અધધધ ડોલર ની સહાયતા કરી છે ને ત્યાર થી શાંતિ થી પથારી પકડી ને બેઠેલ પાકિસ્તાન નું આતંકી ભૂત અવાર નવાર ભારત ને નુકશાન પહોંચાડવા ના ષડયંત્ર રચવા માં કાર્યરત બની ગયું છે. આ સ્પષ્ટ દેખાડે છે કે એને "શાંતિ વાર્તા" વગેરે માં નાનો સરખો પણ રસ નથી એના માટે એના ઉત્પાદનો વિશ્વભરમાં વહેચાય ને એની વાહ વાહ "અહો રૂપમ અહો ધ્વનિ" થયા કરે. કદાચ યુ.એસ ના ઈતિહાસ માં પ્રથમ એવા શાસક છે કે જેને યુ.એસ કરતા એના ખુદના બિઝનેસ ની સફળતા વધારે મહત્વની છે. સોરી ટુ સે યુ.એસ જેવા સમૃદ્ધ અને પ્રગતિશીલ દેશ માટે બરાક ઓબામા,બાયડન,જ્યોર્જ બુશ વગેર જેવા બુદ્ધિ શાળી અને વિચારશીલ વિચારક જ જોઈએ.

ભારત ને હલાવવું કે તોડવું એ અન્ય વિદેશી તાકાત સાથે આતંકીઓથી પણ અશક્ય છે. સ્લીપર સેલ ને બાદ કરતા ભારતીય મુસ્લિમો એ ભારત ને કાયમ વફાદાર રહ્યા છે. ભારત ની આર્થિક,સામાજિક ક્ષેત્રે એનો ફાળા નું યોગદાન વધારે છે. આતંક વાદીઓ જેના રહેમરાહ એ નિર્દોષ લોકો પર રાયફલ ચલાવી રહ્યા છે એ લોકો નો મકસદ આતંક વાદ નથી એનો મુખ્ય મકસદ વિશ્વ ના દેશોમાં પોતાનું વર્ચસ્વ જમાવવા નું છે ફાસ્ટ ફોરવર્ડ ની રમત માં ફર્સ્ટ નંબર પર આવવું છે. નીચ હલકી માનસિકતા ધરાવતા દેશોના મોહરા પાછળનો અસલી ચહેરો "ડરપોક" હોય છે એટલે તો બીજા ખંભે રાખીને બંદૂક ચલાવી રહ્યા છે.ભલે બહાર નો ચહેરો દંભ સાથેનો અહિંસક હશે પરંતુ નિર્દોષ મહિલા માણસ ને પોતાના ફાયદા માટે આતંકી બનાવતા આવા દેશો મનુષ્યજાતિ ના સાચા અર્થમાં દુશ્મન સમજવા જોઈએ. ભારત માં આતંકી હુમલાઓની ગણતરી કરવા બેઠશું તો પાકિસ્તાન પ્રાયોજિત આતંકી હુમલા ની સંખ્યા રશિયા અને યુક્રેન વચ્ચે ના યુદ્ધ ની માફક વિનાશક છે એમાં લાખો નિર્દોષ લોકોના પ્રાણ ની આહુતિઓ વિના કારણ અપાય છે.

ભારત એના વિકાસ અને સમૃદ્ધિ ની તાકાત સાથે આતંકીઓની સફળ નિષ્ફળ હરકતો બાદ પણ અડીખમ ઊભું રહેશે અને રહેવાનું છે. વર્તમાન સમયમાં અધધ ટેરિફ નો ભોગ બન્યા બાદ પણ ભારત આંતરરાષ્ટ્રીય રેસ મા સફળતા પૂર્વક દોડી રહ્યું છે. આઝાદી બાદ પણ પાકિસ્તાન ભારતની ભીખ થી જીવતું હતું ને વર્તમાન સમયમાં યુ.એસ ની ભીખ થી જીવી રહ્યું છે.આંતકી સંગઠન આકાઓ ના ઓર્ડર અનુસાર ચાલતી સરકાર ના લીધે ત્યાંના લોકો ની દશા નો અભ્યાસ ભારત માં વસ્તા સ્લીપર સેલ અને કાશ્મીર ની આઝાદી માંગતા કાશ્મીરીઓ એ કરવો આવશ્યક છે.

દિલ્હી, મુંબઈ, અમદાવાદ વગેરે વગેરે શહેરોમાં આતંકી હુમલામાં સ્લીપર સેલનો પૂરેપૂરો સહયોગ જોતા થાય છે કે આઝાદી વખત નો મહાત્મા ગાંધીજી નો "ભાઈ ચારા" નિર્ણય ખોટો સાબિત થઈ રહ્યો છે.રખડતા પ્રાણી ને પણ રોટલાના ટુકડાની કિંમત હોય છે પરંતુ ભારત માં વસ્તા સ્લીપર સેલ નો મકસદ "પાકિસ્તાન" ની આતંકવાદી પ્રવૃતિઓ ચલાવવી છે.આ લોકો આતંકવાદીઓના હાથનું રમકડું બની ને જીવતે જી નિર્જીવ બની ગયેલા વિશ્વાસઘાત એ પણ જન્મદાતા ભૂમિ સાથે સતત થયા કરે છે. દિલ્હી માં આતંકી હુમલા માં મૃત્યુ પામેલા નિર્દોષ લોકોનું દર્દ મનુષ્ય કરતા પણ વધારે પરમાત્મા ને થયું હશે,કેમ? માણસ નું માણસ પણું મરી જતા પરમાત્મા દર્દ માં વિચારતા હશે કે ધરા પર પુનઃ મહિષાસુર ની તાકાત વધાવતા માણસ ની સંખ્યા કરતા હિંસક પ્રાણીઓની સંખ્યા માં ધરખમ વધારો થયો લાગે છે

દિલ્હી ની આતંકી ઘટના માં માર્યા ગયેલા નિર્દોષ લોકોના આત્મા ને પરમાત્મા શાંતિ અર્પે.

ઓમ શાંતિ .

# ક્રિતી સેનન ખુલાસો : રાત્રે ૨ વાગ્યે બોલિવૂડના આ સ્ટારનો ફોન આવ્યો




**અભિનેત્રી હાલમાં તેની આગામી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'ને લઈને ચર્ચામાં છે : ટ્વિંકલ અને કાજોલના શોમાં ક્રિતીએ આ રસપ્રદ વાતનો કર્યો ખુલાસો**

મુંબઈ: બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી ક્રિતી સેનન ખુલાસો કરતાં જણાવ્યું કે એકવાર રાત્રે બે વાગ્યે તેમને એક જાણીતા અભિનેતાનો ફોન આવ્યો હતો, જેના કારણે તે ચોંકી ગઈ હતી. 'ટૂ મચ વિથ ટ્વિંકલ એન્ડ કાજોલ' શોમાં વાતચીત દરમિયાન ક્રિતીએ આ રસપ્રદ કિસ્સો શેર કર્યો હતો. અભિનેત્રી હાલમાં તેમની આગામી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'ના કારણે ચર્ચામાં છે. ક્રિતી સેનન ખુલાસો કરતાં જણાવ્યું કે જે વ્યક્તિના પોસ્ટર તેમના રૂમમાં હંમેશા લાગેલા રહેતા હતા, તે બીજું કોઈ નહીં પણ અભિનેતા ઋત્વિક રોશન હતા. અભિનેત્રીના કહેવા મુજબ, જ્યારે તેમની ફિલ્મ 'હીરોપંતી' રિલીઝ થઈ, ત્યારે સહ-અભિનેતા ટાઈગર શ્રોફે ખાસ કરીને ઋત્વિક માટે એક સ્ક્રીનિંગ રાખી હતી, જેની જાણ ક્રિતીને નહોતી. અભિનેત્રીએ જણાવ્યું, 'હું સૂઈ રહી હતી અને રાત્રે બે વાગ્યે મારો ફોન વાગ્યો, તે એક અજાણ્યો નંબર હતો. મેં ટ્રૂકોલર પર ચેક કર્યું તો ખબર પડી કે ઋત્વિક રોશન કોલ કરી રહ્યા હતા.' મને આ સમજવામાં થોડો સમય લાગ્યો કે તે કેમ કોલ કરી રહ્યા છે. આટલી મોડી રાત્રે ફોન આવતાં ક્રિતીએ તે સમયે ફોન ઉપાડ્યો નહોતો અને સવાર પડવાની રાહ જોઈ હતી. રાત્રે અજાણ્યો નંબર જોઈને અને પછી ઋત્વિક રોશનનું નામ જોઈને ક્રિતીએ સવારે તેમને ફોન પાછો કર્યો. ત્યારે ખબર પડી કે ઋત્વિક રોશને 'હીરોપંતી'માં તેના અભિનયના વખાણ કરવા માટે આ કોલ કર્યો હતો. આ વાત જાણીને ક્રિતીને ખૂબ જ આશ્ચર્ય અને આનંદ થયો હતો. 'તેરે ઈશ્ક મેં' ફિલ્મ વિશે: ક્રિતી સેનનની આગામી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' એક ભાવનાત્મક પ્રેમ કહાણી છે, જેનું નિર્દેશન આનંદ એલ રાયે કર્યું છે. હિમાંશુ શર્મા અને નીરજ યાદવે આ ફિલ્મની વાર્તા લખી છે. આ ફિલ્મ ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ હિન્દી અને તમિલમાં રિલીઝ થવાની છે.

# આર્યન ખાન જન્મદિવસ: સુહાના, અનન્યા અને સેલેબ્સે પાઠવ્યા ખાસ સંદેશ

મુંબઈ: બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાન જન્મદિવસ (૧૨ નવેમ્બર) ઉજવી રહ્યા છે. ૨૮ વર્ષીય સ્ટાર કિડ, જેણે નેટફ્લિક્સની સિરીઝ 'ધ બા***ડ્ર્સ ઑફ બૉલિવૂડ' સાથે દિગ્દર્શનમાં પદાર્પણ કર્યું છે, તેમને આ ખાસ દિવસે સોશિયલ મીડિયા પર ચાહકો અને બોલિવૂડ જગત તરફથી ખૂબ પ્રેમ અને શુભેચ્છાઓ મળી રહી છે. આર્યન ખાનની બહેન અને અભિનેત્રી સુહાના ખાને ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર બર્થ-ડે બોય સાથેનો એક સુંદર ફોટો શેર કર્યો હતો. આ તસવીર સાથે સુહાનાએ પ્રેમભર્યો સંદેશ લખ્યો: 'આર્યન ખાન જન્મદિવસની શુભેચ્છાઓ. તને સૌથી વધુ પ્રેમ કરું છું.' અનન્યા પાંડેએ પણ સોશિયલ મીડિયા પર આર્યન સાથેની એક યાદગાર તસવીર શેર કરી હતી, જેમાં સુહાના, શનાયા કપૂર અને તેમની માતા મહીપ કપૂર પણ જોવા મળી રહ્યા છે. અનન્યાએ પોસ્ટમાં કેપ્શન લખ્યું: 'સ્માઈલ, આજે તારો જન્મદિવસ છે.' શનાયા કપૂરે પણ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર આર્યનને જન્મદિવસની શુભેચ્છા પાઠવતો એક કોલાજ ફરી શેર કર્યો હતો. આ કોલાજમાં 'ધ બા***ડ્ર્સ ઑફ બૉલિવૂડ'ના સેટ પરનો ફોટો અને બાળપણનો એક ફોટો સામેલ હતો. અભિનેત્રી કાજોલે પણ આર્યન ખાનને શુભેચ્છા પાઠવી હતી. તેમણે 'ધ બા***ડ્ર્સ ઑફ બૉલિવૂડ'ના પ્રીમિયર નાઈટનો શાહરુખ ખાન અને આર્યન સાથેનો એક સેલ્ફી પોસ્ટ કર્યો અને લખ્યું: 'નવી શરૂઆત અને મોટા સપનાઓ માટે શુભેચ્છાઓ. તમારો જન્મદિવસ અદ્ભુત રહે.' આર્યનની સિરીઝના કલાકાર રાઘવ જુયાલે આર્યન ખાન સાથે બાઈક રાઈડનો એક મજેદાર વીડિયો શેર કર્યો અને લખ્યું: 'જન્મદિવસની શુભકામનાઓ, ભાઈ. તું નંબર ૧ છે.' આ ફિલ્મ દ્વારા કમબેક કરનાર અભિનેતા રાજત બેદીએ આર્યન માટે એક સુંદર કવિતા લખી, જેમાં તેમણે આર્યનના વિઝન અને સપનાઓને બિરદાવ્યા. જણાવી દઈએ કે, આર્યન ખાનની પ્રથમ ડિરેક્ટર તરીકેની સિરીઝ 'ધ બા***ડ્ર્સ ઑફ બૉલિવૂડ' ૧૮ સપ્ટેમ્બરના રોજ પ્રીમિયર થઈ હતી. આ સિરીઝ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ડાર્ક સાઈડ પર આધારિત છે, જ્યાં સફળતા ઘણીવાર મોટી કિંમત પર મળે છે.





**પ્રિયંકા ચોપરા રાજમૌલિ: 'ગ્લોબટ્રોટર'માં 'મંદાકિની'નો ખૂંખાર લૂક**

## અભિનેત્રી પ્રિયંકાનો બંદૂક સાથે પીળી સાડીમાં 'ફાયર' અવતાર રિલીઝ

હૈદરાબાદ: એસએસ રાજમૌલિની બહુપ્રતીક્ષિત એક્શન-એડવેન્ચર ફિલ્મ, જેમાં મહેશ બાબુ મુખ્ય ભૂમિકામાં છે, તેના મેકર્સે આખરે પ્રિયંકા ચોપરા જોનાસના પાત્ર **'મંદાકિની'**નો ફર્સ્ટ લૂક જાહેર કર્યો છે. આ પ્રોજેક્ટ, જેનું હંગામી શીર્ષક 'SSMB29' છે, તે પ્રિયંકાની ભારતીય સિનેમામાં ભવ્ય વાપસી અને 'RRR' તથા 'બાહુબલિ'ના દૂરંદેશી ફિલ્મ નિર્માતા સાથેનો તેમનો પ્રથમ સહયોગ છે. ફર્સ્ટ-લૂક પોસ્ટરમાં પ્રિયંકા ચોપરા રાજમૌલિની ફિલ્મમાં ખૂબ જ ઉગ્ર અને પ્રભાવશાળી અવતારમાં જોવા મળી રહી છે. પીળી સાડી પહેરેલી અભિનેત્રી પવન ફૂંકાતા નાટકીય વાતાવરણમાં, પથરાળ ભૂપ્રદેશ પર બંદૂક ચલાવતા આગળ વધતી જોવા મળે છે. અભિનેત્રીના ચહેરા પરની તીવ્રતા તેના પાત્રની મજબૂતી દર્શાવે છે. અભિનેત્રીએ પોતે સોશિયલ મીડિયા પર આ પોસ્ટર શેર કરતાં લખ્યું, 'તે આંખને દેખાય છે તેના કરતાં વધુ છે... મંદાકિનીને હાય કહો.'

### એસએસ રાજમૌલિની ફિલ્મનું સત્તાવાર ટાઈટલ ૧૫ નવેમ્બરે જાહેર થશે

'ગ્લોબેટ્રોટર'ને તાજેતરના વર્ષોની સૌથી મહત્વાકાંક્ષી ભારતીય ફિલ્મોમાંથી એક માનવામાં આવે છે. આ ફિલ્મનો કોન્સેપ્ટ આફ્રિકન એક્સપ્લોરેશન એડવેન્ચરથી પ્રેરિત હોવાનું કહેવાય છે. અગાઉ, દિગ્દર્શક રાજમૌલિએ મહેશ બાબુના ૫૦મા જન્મદિવસ પર તેમનો ફર્સ્ટ-લૂક પોસ્ટર પણ જાહેર કર્યો હતો. જેમાં તેમના ખરબચડા છાતીના ક્લોઝ-અપ પર ત્રિશૂળ અને નંદી પેન્ડન્ટ સાથેની રુદ્રાક્ષની માળા જોવા મળી હતી, જેનાથી ફિલ્મમાં પૌરાણિક કથાના સંકેતો હોવાની ચર્ચા શરૂ થઈ હતી. આ ઉપરાંત, દિગ્દર્શકે પૃથ્વીરાજ સુકુમારનના પાત્ર **'કુંભા'**નો પણ પરિચય કરાવ્યો હતો, જેને તેમણે 'ખૂંખાર અને નિર્દય' ગણાવ્યો હતો. તેમનો ફર્સ્ટ લૂક ઓલ-બ્લેક આઉટફિટમાં, હાઈ-ટેક વ્હીલચેર પર બેઠેલો જોવા મળ્યો હતો.

## ગિરિજા ઓક: ઈન્ટરનેટનો નવો ક્રશ

# ઈન્ટરનેટ પર મરાઠી અભિનેત્રી ગિરિજા ઓક વાયરલ: તસવીર ધૂમ મચાવી રહી છે



મુંબઈ: સુંદર વાદળી સાડીમાં પોતાના જીવનના અનુભવો શેર કરતી એક મોહક મહિલાનો વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. આ મહિલા છે અભિનેત્રી ગિરિજા ઓક વાયરલ, જે હવે ઈન્ટરનેટનો નવો 'ક્રશ' બની ગઈ છે. જોકે, મરાઠી થિયેટર અને સિનેમા જગતમાં ગિરિજા ઓક જાણીતું નામ છે, પણ હિન્દી સર્કિટમાં તેમણે આમિર ખાનની 'તારે ઝમીન પર' અને શાહરૂખ ખાનની 'જવાન' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. વાદળી સાડીમાં ગિરિજા ઓક વાયરલ થતાં જ ઈન્ટરનેટ તેના પ્રેમમાં પડી ગયું છે. એક વપરાશકર્તાએ 'X' પર પૂછ્યું, 'આ વાદળી સાડીમાં કોણ છે? જો તમે જાણતા હોવ તો નામ જણાવો.' જ્યારે અન્ય લોકો તેમની એક્ટિંગ સ્કિલ્સના વખાણ કરી રહ્યા છે. એક પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે મરાઠી અભિનેત્રી ગિરિજા ઓક વાદળી સાડીમાં એક ફોટો વાયરલ થયા બાદ ટ્વિટર પર સૌથી વધુ ચર્ચાતા નામોમાંની એક બની ગઈ છે. ગિરિજા ઓકનો જન્મ ૨૭ ડિસેમ્બર, ૧૯૮૭ના રોજ નાગપુરમાં થયો હતો. તે પીઢ મરાઠી અભિનેતા ગિરીશ ઓકની પુત્રી છે. તેમણે ઠાકુર કોલેજ ઑફ સાયન્સ એન્ડ કોમર્સમાંથી બાયોટેકનોલોજીની ડિગ્રી મેળવી છે અને ફિલ્મ નિર્માતા સુહૃદ ગોડબોલે સાથે તેમના લગ્ન થયા છે. બોલિવૂડમાં તેમણે ૨૦૦૭માં આમિર ખાનની 'તારે ઝમીન પર'માં જબીનનું પાત્ર ભજવ્યું હતું અને ૨૦૨૩માં શાહરુખ ખાનની 'જવાન'માં પણ જોવા મળ્યા હતા.

**પ્રિયંકાનો ખુલાસો: નિક જોનાસના ૪ મનપસંદ હિન્દી શબ્દો કયા?**

# ખાના, પાની, પ્યાર... અને 'પનીર' શબ્દથી અભિનેત્રીએ ચોંકાવ્યા



મુંબઈ: બોલિવૂડ અને હોલિવૂડની અભિનેત્રી પ્રિયંકા ચોપરા જોનાસે તાજેતરમાં એક મોટો પ્રિયંકા ચોપરા ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે તેમના પતિ અને સિંગર-ગીતકાર નિક જોનાસના મનપસંદ હિન્દી શબ્દો કયા છે. બુધવારે અભિનેત્રીએ પોતાના 'X' હેન્ડલ પર 'Ask Me Anything' સેશનનું આયોજન કર્યું હતું. સોશિયલ મીડિયાના એક યુઝરે પ્રિયંકાને સવાલ કર્યો કે, 'તમે નિકને હિન્દીમાં કયા શબ્દો બોલતા શીખવ્યા? P.S. I LOVE YOU!!! ⋆AskPCJ'. આ સવાલનો જવાબ આપતાં પ્રિયંકાએ લખ્યું, 'ખાના, પાની, પ્યાર, પનીર પણ મને લાગે છે કે તેણે આ બધું જાતે જ શીખી લીધું છે! @ nickjonas'. નિકના મનપસંદ હિન્દી શબ્દોની યાદીમાં 'પનીર'નું નામ જોઈને ચાહકોને આશ્ચર્ય થયું હતું. આ સેશન દરમિયાન, અન્ય એક યુઝરે તેમને તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે પૂછ્યું અને શું તેમણે ત્યાંની બિરયાનીનો સ્વાદ ચાખ્યો છે? જવાબમાં અભિનેત્રીએ કહ્યું, 'ફિલ્મમાં મારા માટે હજુ શરૂઆતનો સમય છે, પણ તે અદિરી પોયિંદી (તેલુગુમાં અદ્ભુત!) છે!!!! ઉપરાંત, હૈદરાબાદની બિરયાની દુનિયામાં શ્રેષ્ઠ છે.' પ્રિયંકા ચોપરા સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય રહે છે અને ઘણીવાર પોતાની અંગત જિંદગીની ઝલક શેર કરે છે. ગયા મહિને તેમણે ઓર્લેન્ડોના વેકેશનની તસવીરો પોસ્ટ કરી હતી.

# શોએબ ઈબ્રાહિમ ફરહાનાના સમર્થન પર ટ્રોલ થયા

## 'વાત ધર્મ પર આવી ગઈ'



**બિગ બોસ ૧૯ની સ્પર્ધકને સપોર્ટ કરતાં એક્ટર પર ધર્મના નામે આક્ષેપ**

મુંબઈ: ટીવી અભિનેતા શોએબ ઈબ્રાહિમે તાજેતરમાં સોશિયલ મીડિયા પર ખુલાસો કર્યો કે તે આ વર્ષે 'બિગ બોસ ૧૯'ની સ્પર્ધક ફરહાના ભટ્ટને સપોર્ટ કરી રહ્યા છે. જોકે, તેમણે આ જાહેરાત કરતાં જ ટ્રોલર્સે તેમને નિશાન બનાવ્યા અને આરોપ લગાવ્યો કે તે ધર્મના કારણે શોએબ ઈબ્રાહિમ ફરહાનાનું સમર્થન કરી રહ્યા છે. શોએબ ઈબ્રાહિમે પોતાના Q&A સેશનમાં આ ટ્રોલ પોસ્ટનો જવાબ આપ્યો. યુઝરે લખ્યું હતું, 'તમે મુસ્લિમ છો, અને એટલે જ તમે ફરહાનાને સપોર્ટ કરી રહ્યા છો, કારણ કે તે પણ મુસ્લિમ છે.' આ અંગે શોએબે શાંતિથી કહ્યું, 'તો, હવે વાત ધર્મ પર આવી ગઈ છે. ના, એવું બિલકુલ નથી. મને ફરહાનાની રમત ગમે છે, જે રીતે તે રમી રહી છે તે મને ગમે છે. તે એકલી બધાની સામે ઊભી છે, અને તે એક મજબૂત મહિલા છે; તેથી જ મને તેની રમત ગમે છે.' શોએબ ઈબ્રાહિમ ફરહાનાને ધર્મના આધારે સમર્થન આપી રહ્યા છે તેવા આરોપોને નકારી કાઢતા, શોએબે ટ્રોલર્સને ભૂતકાળ યાદ કરાવ્યો. તેમણે કહ્યું, 'ગયા વર્ષે હું કરણવીર મેહરાને સપોર્ટ કરી રહ્યો હતો, જ્યારે વિવિયન ડીસેના પણ હતા. તમે મારા પર એક ધર્મની તરફેણ કરવાનો આરોપ લગાવી રહ્યા છો, પણ ના, એવું નથી. મને ખરેખર કરણવીર મેહરાની રમત ગમી હતી અને તે જીત્યા તેથી હું ખૂબ ખુશ હતો.' ફરહાના ભટ્ટ વિશે વાત કરતાં શોએબે તેના સકારાત્મક પાસાઓ ગણાવ્યા અને તેને મજબૂત ગણાવી. તેમણે કહ્યું, 'મને ફરહાનાની રમત ગમે છે. હા, તેમાં કોઈ શંકા નથી કે ક્યારેક તે ઓવરબોર્ડ જાય છે, પરંતુ જો તમે તેને રમતની દ્રષ્ટિએ જુઓ તો તે આખું ઘર ચલાવી રહી છે.' શોએબની વાત સાંભળી રહેલી, 'બિગ બોસ ૧૨'ની વિજેતા અને તેમની પત્ની દીપિકા કક્કરે ઉમેર્યું, 'પરંતુ વીકેન્ડની સૌથી સારી વાત એ હતી.



# સેબ્રિના કાર્પેન્ટર ફિલ્મ: 'એલિસ ઈન વન્ડરલેન્ડ' પર મ્યુઝિકલ બનાવશે

**પોપ સ્ટાર સેબ્રિના પ્રથમ મોટી સ્ટુડિયો ફિલ્મ માટે તૈયાર છે**



મુંબઈ: પોપ સિંગર અને અભિનેત્રી સેબ્રિના કાર્પેન્ટર હવે હોલિવૂડના મોટા પડદા પર મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. યુનિવર્સલ પિક્ચર્સે લુઈસ કેરોલની ક્લાસિક નવલકથા 'એલિસ'સ એડવેન્ચર્સ ઈન વન્ડરલેન્ડ' પર આધારિત એક નવા મ્યુઝિકલ પ્રોજેક્ટને લીલી ઝંડી આપી દીધી છે, જેમાં સેબ્રિના કાર્પેન્ટર ફિલ્મની હેડલાઈન બનશે. આ ફિલ્મનું લેખન અને દિગ્દર્શન 'હસ્ટલર્સ' અને 'ધ મેડલર' જેવી ફિલ્મો માટે જાણીતા ફિલ્મ નિર્માતા લોરેન સ્કાફારિયા કરશે. સેબ્રિના કાર્પેન્ટર ફિલ્મમાં માત્ર અભિનય જ નહીં કરે, પરંતુ તે યુનિવર્સલ-આધારિત માર્ક પ્લેટ પ્રોડક્શન્સ દ્વારા માર્ક પ્લેટ સાથે મળીને ફિલ્મનું નિર્માણ પણ કરશે. આ પ્રોજેક્ટમાં એલોય એન્ટરટેઈનમેન્ટના લેસ્લી મોર્ગનસ્ટાઈન અને એલિસા કોપ્લોવિટ્ઝ ડટન પણ પ્રોડ્યુસર્સ તરીકે જોડાશે. સેબ્રિનાએ અગાઉ નેટફ્લિક્સની ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ તાજેતરના વર્ષોમાં તે પોતાની સંગીત કારકિર્દી પર વધુ ધ્યાન આપી રહી હતી. ગયા અઠવાડિયે જ તેમને તેમના સાતમા સ્ટુડિયો આલ્બમ 'મેન્સ બેસ્ટ ફ્રેન્ડ' માટે 'આલ્બમ ઓફ ધ યર', 'રેકોર્ડ ઓફ ધ યર' અને 'સોંગ ઓફ ધ યર' સહિત છ ગ્રેમી નોમિનેશન મળ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટને લગતા સૂત્રોએ જણાવ્યું કે ૨૦૨૪માં સેબ્રિના કાર્પેન્ટર ફિલ્મનો આ કોન્સેપ્ટ યુનિવર્સલ સમક્ષ પોતે જ લાવી હતી. જેમ જેમ પ્રોજેક્ટ આકાર લેતો ગયો, તેમ તેમ લોરેન સ્કાફારિયા લેખક અને દિગ્દર્શક તરીકે તેમાં જોડાયા. લોરેન સ્કાફારિયાએ તાજેતરમાં એચબીઓ (HBO)ની 'આઈ લવ એલ.એ.' અને એમી-વિજેતા સિરીઝ 'સક્સેશન'ના એપિસોડ્સનું દિગ્દર્શન કર્યું છે. તેમની ૨૦૧૯ની હિટ ફિલ્મ 'હસ્ટલર્સ'એ બોક્સ ઓફિસ પર $૧૦૦ મિલિયનથી વધુની કમાણી કરી હતી. રસપ્રદ વાત એ છે કે, નેટફ્લિક્સે પણ ૨૦૨૦માં 'એલિસ ઈન વન્ડરલેન્ડ'ના મ્યુઝિકલ અનુકૂલનનું હસ્તગત કર્યું હતું, પરંતુ તે પ્રોજેક્ટ આગળ વધ્યો નહોતો. લિસ કેરોલની ૧૮૬૫ની આ નવલકથા પેઢીઓથી ફિલ્મ નિર્માતાઓ અને કલાકારો માટે પ્રેરણાનો સ્ત્રોત રહી છે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ક્રિકેટની શિસ્તનો ભંગ ICCએ નહિદ રાણા પર મેચ ફીના ૨૫% નો આર્થિક દંડ ફટકાર્યો

● આઈરિશ ખેલાડી પર બોલ ફેંકવા બદલ બાંગ્લાદેશી બોલર નહિદ રાણાને દંડ



સિલહટ: બાંગ્લાદેશના યુવા ફાસ્ટ બોલર નાહિદ રાણાને તેમની મેદાન પરની ગેરવર્તણૂક બદલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) તરફથી મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. આઈર્લેન્ડ સામે ચાલી રહેલી પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન નાહિદ રાણાએ આઈરિશ બેટ્સમેન કૈડ કાર્માઈકલ તરફ જોરથી બોલ ફેંક્યો હતો, જે બેટ્સમેનના પેડ પર વાગ્યો હતો. ICCએ તેમની આ હરકતને આચાર સંહિતાના લેવલ-વનનું ઉલ્લંઘન ગણીને મેચ ફીના ૨૫ ટકાનો દંડ લગાવ્યો છે. ICCએ આ અંગે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું કે, નાહિદ રાણાને ખેલાડીઓ અને તેના સહયોગી કર્મીઓ માટેની ICC આચાર સંહિતાના અનુચ્છેદ ૨.૯ના ઉલ્લંઘનનો દોષી ઠેરવવામાં આવ્યો છે. આ નિયમ આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન કોઈ ખેલાડી પર અથવા તેની નજીક અયોગ્ય અને/અથવા ખતરનાક રીતે બોલ (અથવા ક્રિકેટ ઉપકરણનો અન્ય કોઈ સામાન) ફેંકવા સાથે સંબંધિત છે. આ દંડની સાથે નાહિદ રાણાના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. ૨૪ મહિનાના સમયગાળામાં આ તેમનો પહેલો ગુનો છે.

**રાણાએ પોતાની ભૂલ સ્વીકારી..**આ ઘટના સિલહટમાં ચાલી રહેલી બાંગ્લાદેશ અને આયર્લેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચના પહેલા દિવસે બની હતી. ઝડપી બોલર નાહિદ રાણાએ આયર્લેન્ડની ઈનિંગ્સની ૨૭મી ઓવરમાં બેટ્સમેન કૈડ કાર્માઈકલ તરફ ઝડપથી બોલ ફેંક્યો હતો, જે તેના પેડ પર વાગ્યો હતો. આ મેદાન પરના અમ્પાયરો સેમ નોગાઝકી અને અહસાન રઝા, ત્રીજા અમ્પાયર રિચાર્ડ ઈલિંગવર્થ અને ચોથા અમ્પાયર તનવીર અહેમદ દ્વારા આરોપો ઘડવામાં આવ્યા હતા. જોકે, ICCના એલાઈટ પેનલના મેચ રેફરી એન્ડી પાઈક્રોફ્ટ દ્વારા સૂચવવામાં આવેલો દંડ નાહિદ રાણાએ સ્વીકારી લીધો હોવાથી કોઈ સત્તાવાર સુનાવણીની જરૂર પડી ન હતી. ક્રિકેટના મેદાન પર ખેલાડીઓ પાસેથી શિસ્ત અને રમતગમતની ભાવના જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે, જેનો નાહિદ રાણાએ ભંગ કર્યો છે.

## દક્ષિણ આફ્રિકાના નામે ડંકો: ICC એવોર્ડ્સમાં બાજી મારી, વૉલ્વર્ડ અને મુથુસ્વામી છવાયા



દુબઈ: આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા ઑક્ટોબર મહિના માટેના સર્વશ્રેષ્ઠ મહિલા અને પુરુષ ખેલાડીઓના નામની ઘોષણા કરવામાં આવી છે. રસપ્રદ વાત એ છે કે આ બન્ને પ્રતિષ્ઠિત એવોર્ડ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓએ જ જીત્યા છે. મહિલા વન-ડે વિશ્વ કપ ૨૦૨૫માં સૌથી વધુ રન બનાવનાર સુકાની એલ. વૉલ્વર્ડને ICC મહિલા પ્લેયર ઓફ ધ મંથનો પુરસ્કાર મળ્યો છે, જ્યારે સેનુરન મુથુસ્વામીએ ICC પુરુષ પ્લેયર ઓફ ધ મંથનો પુરસ્કાર પોતાના નામે કર્યો છે. ભારત અને શ્રીલંકાની યજમાનીમાં યોજાયેલા મહિલા ODI વિશ્વ કપ ૨૦૨૫માં દક્ષિણ આફ્રિકાના સુકાની એલ. વૉલ્વર્ડે અદભૂત પ્રદર્શન કર્યું હતું અને ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી. તેમના આ શાનદાર દેખાવ માટે તેમને ઑક્ટોબર માસના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. વૉલ્વર્ડે આ મહિનામાં કુલ આઠ વન-ડે મેચ રમી હતી, જેમાં તેમણે ૯૭.૯૧ના સ્ટ્રાઈક રેટથી કુલ ૪૭૦ રન બનાવ્યા હતા. વૉલ્વર્ડે આ પુરસ્કાર જીત્યા પછી કહ્યું હતું કે, 'ભારતમાં યોજાયેલા વિશ્વ કપમાં ટીમના પ્રદર્શન પછી આ એવોર્ડ જીતવો એ મારા માટે સન્માનની વાત છે.' ICC પ્લેયર ઓફ ધ મંથ પુરુષ વિભાગમાં ડાબોડી સ્પિનર સેનુરન મુથુસ્વામીની પસંદગી થઈ છે. તેમણે આ એવોર્ડ માટે પાકિસ્તાનના નોમાન અલી અને અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાનને પાછળ છોડ્યા છે.

### સાઉથ આફ્રિકા ODI સિરીઝ પહેલા બે દિગ્ગજોને ફરમાન... રોહિત શર્માએ વિજય હઝારે ટ્રોફી રમવા માટે મંજૂરી આપી દીધી : વિરાટ કોહલીએ હજી પોતાનો નિર્ણય સ્પષ્ટ કર્યો નથી

# ડોમેસ્ટિક ક્રિકેટ રમ્યા વિના ટીમ ઈન્ડિયામાં નહીં મળે જગ્યા

● નિવૃત્તિ પછી મેચ ફિટનેસ માટે ડોમેસ્ટિક ક્રિકેટ જરૂરી, ODI વર્લ્ડ કપ માટે સિલેક્શનનો દરવાજો અહીંથી ખૂલશે: બોર્ડ

**રોહિત-કોહલીના ODI ભવિષ્ય પર સવાલ: BCCI નો કડક નિર્ણય**

● બંને સ્ટાર ખેલાડીઓએ બે ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છેકરાઈ નથી : ઓસ્ટ્રેલિયા સામે રોહિતનું શાનદાર પ્રદર્શન રહ્યું હતું

મુંબઈ

ટીમ ઈન્ડિયા ના બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી ના ODI ક્રિકેટના ભવિષ્ય અંગેની અટકળો વચ્ચે, બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) એ એક કડક નિર્ણય લીધો છે. અહેવાલ મુજબ, BCCI એ સ્પષ્ટ કરી દીધું છે કે જો આ બંને અનુભવી ખેલાડીઓ ને ODI ટીમ માટે ધ્યાનમાં લેવા હોય, તો તેમણે ડોમેસ્ટિક ક્રિકેટમાં ભાગ લેવો પડશે. વિરાટ કોહલી અને રોહિત શર્મા બંનેએ ટેસ્ટ અને T20I ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે અને હવે તેઓ માત્ર ૫૦-ઓવરના ફોર્મેટમાં સક્રિય છે. આ કારણે તેમની મેચ ફિટનેસનો સવાલ મોટો બન્યો છે. સાઉથ આફ્રિકા સામેની ODI શ્રેણી માટે ટીમની પસંદગી થવાની છે, તે પહેલાં તેમનું વિજય હઝારે ટ્રોફીમાં રમવું ફરજિયાત બની શકે છે.





### રોહિતે મંજૂરી આપી, કોહલીની રાહ જોવાય છે

એક મીડિયા અહેવાલ મુજબ, રોહિત શર્મા એ મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) ને જાણ કરી દીધી છે કે તે વિજય હઝારે ટ્રોફી રમવા માટે ઉપલબ્ધ રહેશે. બીજી તરફ, વિરાટ કોહલી એ હજી સુધી આ ડોમેસ્ટિક વન-ડે ટૂર્નામેન્ટમાં તેની ઉપલબ્ધતા વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. BCCI ના સૂત્રોએ મીડિયાને જણાવ્યું કે, 'બોર્ડ અને ટીમ મેનેજમેન્ટે બંનેને સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે જો તેઓ ભારત માટે રમવા માંગતા હોય, તો તેમણે ડોમેસ્ટિક ક્રિકેટ રમવું પડશે. કારણ કે બંનેએ બે ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે, તેથી મેચ ફિટ રહેવા માટે તેમણે ડોમેસ્ટિક ક્રિકેટ રમવું જરૂરી છે.'

### ૨૦૨૭ વર્લ્ડ કપ માટે તૈયારી

ભારતનું પ્રદર્શન ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં નબળું રહ્યું હતું, ત્યારે BCCI ના સમાન નિર્દેશ બાદ રોહિત અને કોહલી બંને રણજી ટ્રોફી રમવા પાછા ફર્યા હતા. જો આ બંને સ્ટાર ખેલાડીઓ ૨૦૨૭ ODI વર્લ્ડ કપ ની ટીમમાં સ્થાન મેળવવા માંગતા હોય, તો તેમને આ જ પ્રકારની ઉપલબ્ધતા દર્શાવવી પડશે. BCCI ના સિલેક્શન કમિટીના ચીફ અજિત અગરકરે પણ થોડા સમય પહેલા જ ડોમેસ્ટિક ક્રિકેટ રમવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે જો ખેલાડીઓ પાસે લાંબો બ્રેક હોય, તો તેમણે પોતાને તીક્ષ્ણ અને તૈયાર રાખવા માટે ઘરેલુ ક્રિકેટ રમવું જ જોઈએ.

## જુરેલનું પ્રદર્શન શાનદાર

## ટીમ ઈન્ડિયાના કોચનો મોટો ખુલાસો ઋષભ પંત અને જુરેલ બંને રમશે!

● કોચ રિયાન ટેન ડેશકાટેએ પ્લેઈંગ XI પર મોટો સંકેત આપ્યો ધ્રુવ જુરેલ અને ઋષભ પંત બંનેનું સ્થાન ટીમમાં પાકું છે




કોલકાતા: ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૧૪ નવેમ્બરથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ મેચ માટે ટીમ ઈન્ડિયામાં વિકેટકીપરના સ્થાનને લઈને ચાલી રહેલી મૂંઝવણ લગભગ ઉકેલાઈ ગઈ છે. ટીમના સહાયક કોચ રિયાન ટેન ડેશકાટેએ સંકેત આપ્યો છે કે સિરીઝના ઓપનરમાં ઋષભ પંત અને ધ્રુવ જુરેલ બંનેને પ્લેઈંગ XI માં સ્થાન મળી શકે છે. પંત ઈંગ્લેન્ડ પ્રવાસ પછી પહેલીવાર ટીમમાં પાછો ફર્યો છે, પરંતુ જુરેલ હાલમાં જે શાનદાર ફોર્મ માં છે, તેને જોતા તેને ટીમમાંથી બહાર રાખવો અશક્ય બની ગયો છે. સામાન્ય રીતે એક ટીમમાં બે વિકેટકીપરને સમાવવા મુશ્કેલ હોય છે, પણ ડચ કોચ ડેશકાટે માને છે કે ટીમ મેનેજમેન્ટ આ સમસ્યાનો ઉકેલ લાવી શકે છે.

**જુરેલને બહાર કાઢવો અશક્ય...**બુધવારે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ડેશકાટેએ જણાવ્યું કે, 'ટૂંકા જવાબમાં કહું તો, તમે તેને (જુરેલને) આ ટેસ્ટ માટે છોડી શકતા નથી. પરંતુ સ્વાભાવિક રીતે તમે માત્ર ૧૧ ખેલાડીઓ ની પસંદગી કરી શકો છો. તેથી અન્ય કોઈએ બહાર બેસવું પડશે. પરંતુ, છેલ્લા છ મહિનામાં જે રીતે ધ્રુવ જુરેલ એ પ્રદર્શન કર્યું છે, ખાસ કરીને ગયા અઠવાડિયે બેંગ્લોરમાં દક્ષિણ આફ્રિકા સામે બે સદી ફટકારી છે, તેને જોતા તે ચોક્કસપણે આ અઠવાડિયે રમશે.' કોચે સ્પષ્ટપણે જણાવ્યું કે, પંત અને જુરેલ બંનેના સ્થાન અંગે લગભગ કોઈ પ્રશ્ન નથી. તેમણે કહ્યું, 'હું ખૂબ જ આશ્ચર્યચકિત થઈશ જો તમે આ અઠવાડિયે આ ટેસ્ટમાં ધ્રુવ જુરેલ અને ઋષભ પંત ને રમતા નહીં જુઓ.'

**ઓલરાઉન્ડરની પસંદગીનું રહસ્ય અકબંધ...**જોકે, સ્પિન બોલિંગ વિભાગમાં વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ અને રવીન્દ્ર જાડેજા જેવા ઓલરાઉન્ડરોની ભરમાર હોવાથી, કોચ મૂંઝવણમાં છે. કુલદીપ યાદવ નિ:શંકપણે ભારત નો નંબર ૧ સ્પિનર છે અને ઘરઆંગણાની પરિસ્થિતિઓમાં તેની પસંદગી થવાની શક્યતા છે. ટેન ડેશકાટેએ સ્પિન બોલિંગ ઓલરાઉન્ડરોમાંથી ક્યા બેને પ્રાધાન્ય આપવામાં આવશે તેની પુષ્ટિ કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે, 'મારા મતે, વાશી, અક્ષર, જાડેજા - આ ત્રણેય ખરેખર બેટ્સમેન છે. તેથી તે અમને ઘણી બધી લવચીકતા આપે છે.' આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ટીમ મેનેજમેન્ટની નજર ધ્રુવ જુરેલ અને ઋષભ પંત બંનેને એકસાથે સમાવીને બેટિંગને મજબૂત બનાવવા પર છે.

## ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ રીલીઝ લીસ્ટ: 3 મોટા ખેલાડીઓ પર તલવાર, ₹૧૯.૭૫ કરોડ છૂટા!

**લિયામ લિવિંગસ્ટોન સહિત ત્રણ ખેલાડીઓ IPL ૨૦૨૬માં ટીમથી બહાર થઈ શકે છે**

બેંગલુરુ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ આઈપીએલ ૨૦૨૫ માં ઈતિહાસ રચીને પહેલું ટાઈટલ જીત્યું હતું અને હવે ટીમ ૨૦૨૬ માં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરશે. જોકે, ટાઈટલ જીત્યા પછી પણ ટીમ મેનેજમેન્ટ કેટલાક મોટા ફેરફારોના મૂડમાં છે, ખાસ કરીને નબળું પ્રદર્શન કરનારા ખેલાડીઓને પડતા મૂકવાની તૈયારી છે. નવેમ્બર ૧૫ પહેલાં ટીમ દ્વારા રિલીઝ કરવામાં આવનાર ખેલાડીઓની યાદી લગભગ નક્કી થઈ ગઈ છે, જેનાથી ટીમનું પર્સ ૧૯.૭૫ કરોડ જેટલું વધવાની શક્યતા છે.





યુવા ભારતીય ઝડપી બોલરો યશ દયાલ અને રસીખ સલામ દરને ટીમમાંથી બહારનો રસ્તો દેખાડવામાં આવી શકે છે

### લિવિંગસ્ટોનનું પત્તું કપાશે ૮.૭૫ કરોડનો બોજ હળવો થશે?

આરસીબીની રિલીઝ લિસ્ટમાં સૌથી મોટું નામ ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોનનું છે. ટીમે તેમને ૮.૭૫ કરોડની મોટી રકમ આપીને ખરીદ્યા હતા, પરંતુ તેમનું પ્રદર્શન અપેક્ષા મુજબ રહ્યું નહોતું. આઈપીએલ ૨૦૨૫ માં લિવિંગસ્ટોન માત્ર ૧૧૨ રન જ બનાવી શક્યા હતા. ટીમ પાસે પહેલાથી જ ટિમ ડેવિડ, જિતેશ શર્મા અને કૃણાલ પંડ્યા જેવા મિડલ ઓર્ડરના મજબૂત વિકલ્પો ઉપલબ્ધ છે. આથી, મોંઘા ભાવના આ ખેલાડીને આરસીબી રીલીઝ લીસ્ટમાં મૂકીને પોતાની રકમ બચાવી શકે છે.

## IPL 2026 ઓક્શન પહેલા ગુજરાત ટાઈટન્સના મોટા નિર્ણયો: રિલીઝ લિસ્ટ



અમદાવાદ: IPL 2025માં જોરદાર પ્રદર્શન કરીને પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને રહેલી અને પ્લેઓફ સુધી પહોંચનારી ગુજરાત ટાઈટન્સની ટીમ હવે IPL 2026ના ઓક્શન પહેલા ૧૫ નવેમ્બરની રિટેન્શન ડેડલાઈન માટે સજ્જ થઈ ગઈ છે. કેપ્ટન શુભમન ગિલ, સાઈ સુદર્શન અને રશીદ ખાન ટીમના મુખ્ય આધારસ્તંભ બની રહેશે, ત્યારે ફ્રેન્ચાઈઝીએ પર્સ બેલેન્સ જાળવવા અને ટીમને મજબૂત કરવા માટે કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવા પડશે. ટ્રેડ (ખેલાડીઓની અદલાબદલી)ની અટકળો અને કેટલાક ખેલાડીઓના નબળા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને, GT મિની-ઓક્શન પહેલા ગણતરીપૂર્વક કેટલાક બોલ્ડ કોલ લે તેવી શક્યતા છે. કેપ્ટન શુભમન ગિલે ૨૦૨૫માં ૧૫ મેચોમાં ૫૦ની શાનદાર એવરેજ અને ૧૫૫.૮૮ના સ્ટ્રાઈક રેટથી ૬૫૦ રન બનાવીને ટીમને આગળથી નેતૃત્વ આપ્યું હતું.


## અમદાવાદની મહેનત રંગ લાવી!

## કોમનવેલ્થ ગેમ્સ 2030 ભારતમાં યોજાશે : પીટી ઉષાએ સંકેત આપ્યો




નવી દિલ્હી

ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA)ના અધ્યક્ષ અને ભારતીય એથ્લેટિક્સના 'પાયોલી એક્સપ્રેસ' પી.ટી. ઉષાએ હાલમાં જ એક મહત્ત્વનો સંકેત આપ્યો છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની અંગેની સત્તાવાર જાહેરાત ખૂબ જ જલ્દી કરવામાં આવશે, જે સંભવતઃ ૨૫-૨૬ નવેમ્બરની આસપાસ ગ્લાસગોમાં યોજાનારી આગામી વાર્ષિક સામાન્ય સભા (AGM) દરમિયાન થઈ શકે છે.



### અમદાવાદની દાવેદારી મજબૂત

સૂત્રો દ્વારા મળેલા અહેવાલ મુજબ, કોમનવેલ્થ સ્પોર્ટના કાર્યકારી બોર્ડે ગયા મહિને જ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ના શતાબ્દી સંસ્કરણની યજમાની માટે અમદાવાદના નામની ભલામણ કરી દીધી છે. આ ભલામણ બાદ હવે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ગ્લાસગોમાં યોજાનારી કોમનવેલ્થ સ્પોર્ટ જનરલ એસેમ્બલીમાં આ અંગેનો અંતિમ નિર્ણય લેવામાં આવશે. કોમનવેલ્થ સ્પોર્ટની ઈવેલ્યુએશન કમિટીએ ઉમેદવાર શહેરોનું સખત મૂલ્યાંકન કર્યું હતું, જેમાં ટેકનિકલ ડિલિવરી, રમતવીર અનુભવ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગવર્નન્સ જેવા અનેક માપદંડોને ધ્યાનમાં લેવાયા હતા. આ પ્રક્રિયામાં અમદાવાદ (ભારત) અને અબુજા (નાઈજીરીયા)એ તેમના પ્રભાવશાળી પ્રસ્તાવો રજૂ કર્યા હતા.

**ગુજરાતને ગૌરવ અપાવનાર કારણો...**

અમદાવાદના પ્રસ્તાવમાં ભારતની કોમનવેલ્થ મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને આધુનિક રમતગમતની વિવિધતાને અનુરૂપ ગેમ્સનું આયોજન કરવાની ક્ષમતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભારત કોમનવેલ્થમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે અને રમતગમતમાં એક મજબૂત ઈતિહાસ ધરાવે છે. ૨૦૨૨ બર્મિંગહામ ગેમ્સમાં ભારતે મેડલ ટેબલમાં ચોથું સ્થાન મેળવ્યું હતું.

**ફિટનેસ પાર ધ્યાન** // ૩૯ વર્ષે પણ યુવા ખેલાડીને ટક્કર આપે એવી શારીરિક તૈયારી

## મેન્યુઅલ ન્યુઅરની ધમાકેદાર ફોર્મ જાળવવા રોજ પરસેવો પાડે છે

**શું જર્મનીની ફૂટબોલ ટીમમાં વાપસીનો વિચાર શક્ય છે?**

**દરરોજ ફિઝિયોથેરાપી, વર્કઆઉટ અને વધારાની સ્ટ્રેન્થ એક્સરસાઈઝ કરે છે**



મ્યુનિક: જર્મની અને બાયર્ન મ્યુનિકના મહાન ગોલકીપર મેન્યુઅલ ન્યુઅરે જાણે સમયને પાછળ ધકેલી દીધો હોય તેવું લાગી રહ્યું છે. ૩૯ વર્ષની ઉંમરે પણ આ અનુભવી ખેલાડીએ કડક અને શિસ્તબદ્ધ ફિટનેસ કાર્યક્રમ દ્વારા તેની શારીરિક ક્ષમતા યુવા ખેલાડીઓ જેવી જ જાળવી રાખી છે. જર્મનીના મીડિયા રિપોર્ટ મુજબ, ન્યુઅર ક્લબમાં પોતાનું મહત્ત્વ સાબિત કરવા માટે બમણી મહેનત કરી રહ્યા છે. તેઓ દરરોજ ફિઝિયોથેરાપિસ્ટની મુલાકાત લે છે, દરેક તાલીમ સત્ર પહેલા જીમમાં કસરત કરે છે, અને ટીમની પ્રેક્ટિસ પછી પણ અઠવાડિયામાં બે વાર ૩૦ મિનિટની વધારાની સ્ટ્રેન્થ (શક્તિ) એક્સરસાઈઝ કરે છે

**યુવા હરીફાઈ ન્યુઅર માટે પ્રેરણા...**ક્લબના આંતરિક સૂત્રોનું કહેવું છે કે અર્બિગના આગમનથી મેન્યુઅલ ન્યુઅરને નવી પ્રેરણા મળી છે. આ દિગ્ગજ ખેલાડી સ્પર્ધામાં ટકી રહેવાનું પસંદ કરે છે, અને યુવા પડકારની હાજરીએ તેમનામાં શ્રેષ્ઠ પ્રદર્શન જાળવવાનો જુસ્સો ફરી જગાડ્યો છે. જોકે, તેમણે હજી સુધી નવા કરાર પર સહી કરી નથી, પરંતુ તેમનું શાનદાર ફોર્મ અને ફિટનેસ ક્લબના બોસને જર્મનીના આ આઈકનને નવી ડીલ આપવા મનાવી શકે છે.

**પીચ પર અદ્ભુત પ્રદર્શન...**ન્યુઅરના કડક ફિટનેસ કાર્યક્રમની અસર મેદાન પર સ્પષ્ટ દેખાય છે. ૨૦૨૫/૨૬ની આ સિઝનમાં, તેમણે અત્યાર સુધીમાં ૧૪ મેચ રમી છે અને ૬ ક્લીન શીટ નોંધાવી છે. મેન્યુઅલ ન્યુઅરના શાનદાર ગોલકીપિંગને કારણે બાયર્ન મ્યુનિક આ સિઝનમાં એક પણ મેચ હાર્યું નથી, ફક્ત યુનિયન બર્લિન સામેની એક મેચ ડ્રો રહી હતી.

**શું જર્મનીમાં વાપસી શક્ય છે?** યુરો ૨૦૨૪ પછી મેન્યુઅલ ન્યુઅરે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી હતી, પરંતુ જર્મનીની ટીમમાં ગોલકીપિંગ સંકટ ઊભું થયું છે. માર્ક-આન્દ્રે ટેર સ્ટેગનને બાર્સેલોનામાં પૂરતો સમય મળતો નથી, જ્યારે ઓલિવર બૌમન પાસે મોટી ટૂર્નામેન્ટનો અનુભવ ઓછો છે.

## પાકિસ્તાનના આગા અને અબરારનો જલવો ICC ODI રેન્કિંગમાં કારકિર્દીની શ્રેષ્ઠ છલાંગ

**શ્રીલંકા સામે અણનમ ૧૦૫ રન બનાવી આગા ૧૪ સ્થાન ઉપર ચઢ્યો**



રાવલપિંડી

પાકિસ્તાનના બેટ્સમેન સલમાન અલી આગા અને સ્પિનર અબરાર અહેમદે તાજેતરમાં દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા સામે ઘરઆંગણે રમાયેલી શ્રેણીમાં પ્રભાવશાળી પ્રદર્શન કરીને ICC મેન્સ ODI પ્લેયર રેન્કિંગ્સમાં તેમની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ સ્થાન હાંસલ કર્યું છે. બેટ્સમેન સલમાન અલી આગાએ શ્રીલંકા સામેની પ્રથમ ODIમાં ૮૭ બોલમાં અણનમ ૧૦૫ રનની મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી. આ પહેલા દક્ષિણ આફ્રિકા સામેની સિરીઝમાં ૬૯ અને ૫ અણનમ રન બનાવવાના કારણે તેને મોટો ફાયદો થયો છે. આ શાનદાર પ્રદર્શનના આધારે આગાએ બેટિંગ રેન્કિંગમાં ૧૪ સ્થાનની છલાંગ લગાવીને ૧૬મું સ્થાન મેળવ્યું છે. હવે તે ODI ફોર્મેટમાં પાકિસ્તાન તરફથી બાબર આઝમ (૭મા ક્રમે) પછી બીજા નંબરનો સર્વોચ્ચ ક્રમાંકિત ખેલાડી બની ગયો છે, જે ગુજરાત સહિતના ક્રિકેટ ચાહકો માટે ખુશીની વાત છે.

**બોલર અબરાર અહેમદનો તરખાટ**

બીજી તરફ, સ્પિનર અબરાર અહેમદે દક્ષિણ આફ્રિકા સામે ૩ વિકેટ માટે ૫૩ રન અને ૪ વિકેટ માટે ૨૭ રનનો પ્રભાવશાળી દેખાવ કર્યો હતો. આના કારણે તે બોલર્સની રેન્કિંગમાં ૧૭ સ્થાનની મોટી છલાંગ લગાવીને ૨૦મા ક્રમે પહોંચી ગયો છે. આ ફોર્મેટમાં તે હવે પાકિસ્તાનના ટોચના બોલર શાહીન શાહ આફ્રિદી (૧૬મા ક્રમે)થી માત્ર ચાર સ્થાન જ પાછળ છે.

**અન્ય ખેલાડીઓનું રેન્કિંગ...**બેટિંગ રેન્કિંગમાં શ્રીલંકાના ચરિત અસલંકા (૬ઠ્ઠા સ્થાને), દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટન ડી કોક (૧૫મું સ્થાન), પાકિસ્તાનના સૈમ અયુબ (૩૫મું સ્થાન) અને મેથ્યુ બ્રીત્ઝકે (૪૯મું સ્થાન) પણ આગળ વધ્યા છે. બોલિંગ રેન્કિંગમાં શ્રીલંકાના વનિન્દુ હસરંગા (૯મું સ્થાન) અને અસિતા ફર્નાન્ડો (૨૫મું સ્થાન) એ સુધારો કર્યો છે. પાકિસ્તાનના ઝડપી બોલર હારિસ રઉફ પણ ૩ સ્થાન ઉપર ચઢીને ૨૮મા સ્થાને પહોંચ્યો છે, જ્યારે નેપાળનો સંદીપ લામિછાને ૪૮મા ક્રમે છે. T20I રેન્કિંગમાં ભારતના શુભમન ગિલ ઓસ્ટ્રેલિયા સામે ૪૬ અને ૨૯ અણનમ રન બનાવીને બેટ્સમેનોમાં ૮ સ્થાનની છલાંગ સાથે ૨૨મા સ્થાને આવ્યો છે.

## CoP30 બ્રાઝિલ માં ભારતે ટેક્નોલોજી ટ્રાન્સફર પર જોર આપ્યું, ક્લાયમેટ ટેક્નોલોજી સુલભ બનાવવી અનિવાર્ય

# CoP30 બ્રાઝિલમાં ભારતનો બેબાક અવાજ

(એજન્સી) બેલેમ (બ્રાઝિલ) | તા. 12




બ્રાઝિલના બેલેમ ખાતે આયોજિત UNFCCC ની CoP30 બ્રાઝિલ ની ઉદ્ઘાટન બેઠકમાં ભારતે વિકાસશીલ દેશોના હિતોનું જોરદાર સમર્થન કર્યું હતું. પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન મુજબ, ભારતે બે મહત્ત્વપૂર્ણ જૂથો – BASIC અને Like-Minded Developing Countries– વતી નિવેદનો આપ્યા હતા. આ નિવેદનોમાં સ્પષ્ટપણે 'ઈક્વિટી', CBDR-RCના સિદ્ધાંતોનું પૂર્ણ અને અસરકારક અમલ કરવાની કેન્દ્રીય મહત્તા પર પુનરોચ્ચાર કરાયો હતો.

ભારતે વૈશ્વિક ભૌગોલિક રાજકીય સંદર્ભમાં પણ આબોહવા પરિવર્તન સંબંધિત બહુપક્ષીયતા અને આંતરરાષ્ટ્રીય સહયોગને અડગ સમર્થન આપ્યું હતું. સૌથી મહત્ત્વની માંગણી ક્લાયમેટ ટેક્નોલોજી ની વિશ્વસનીય, સસ્તું અને સમાન પહોંચ અંગે હતી. ભારતે ટેક્નોલોજી ઈમ્પ્લિમેન્ટેશન પ્રોગ્રામ પર મજબૂત પરિણામ માટે આહ્વાન કર્યું હતું, ભારપૂર્વક જણાવ્યું કે બૌદ્ધિક સંપદા અને બજારના અવરોધો વિકાસશીલ રાષ્ટ્રોને ટેક્નોલોજી હસ્તાંતરણ કરવામાં બાધારૂપ ન બનવા જોઈએ. આ માંગણી એ સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ છે કે ગ્લોબલ સાઉથ ક્લીન એનર્જી તરફ સરળતાથી સંક્રમણ કરી શકે. પેરિસ કરારના દસ વર્ષ પૂર્ણ થવાના અવસરે, ભારતે પ્રકાશ પાડ્યો કે ક્લાયમેટ ફાઈનાન્સ વ્યાખ્યા હજી પણ વધેલી મહત્વાકાંક્ષાના માર્ગમાં મુખ્ય અવરોધ બની રહે છે. ભારતે ક્લાયમેટ ફાઈનાન્સની સ્પષ્ટ અને સર્વસંમતિથી સ્વીકૃત વ્યાખ્યાની માંગ કરી હતી. વિકાસશીલ દેશોને ફાઈનાન્સ પૂરો પાડવાની વિકસિત દેશોની કાનૂની જવાબદારીની પુનઃ પુષ્ટિ કરતા ભારતે પેરિસ કરારના કલમ ૯.૧ના અમલીકરણ અને અનુકૂલન માટે જાહેર ફાઈનાન્સ પ્રવાહને મજબૂત અને વધારવાની હાકલ કરી હતી.

**અનુકૂલન અને ન્યાયી સંક્રમણ પર ભાર :** ભારતે ભારપૂર્વક જણાવ્યું કે અનુકૂલન એ વિકાસશીલ દેશોના અબજો સંવેદનશીલ લોકો માટે તાત્કાલિક પ્રાથમિકતા છે, જેમણે વૈશ્વિક ગરમીમાં સૌથી ઓછું યોગદાન આપ્યું છે, પરંતુ તેના પ્રભાવોથી સૌથી વધુ પીડિત થવાનું જોખમ છે. તેથી, ભારતે ગ્લોબલ ગોલ ઓન એડેપ્ટેશન (GGA) પર મજબૂત પરિણામની માંગ કરી, જેમાં સૂચકાંકોના લઘુત્તમ પેકેજ પર કરારનો સમાવેશ થાય છે, પરંતુ દેશોની રાષ્ટ્રીય પરિસ્થિતિઓ અનુસાર વધારાના રિપોર્ટિંગ અને લવચીકતા વગર આ અમલ થવો જોઈએ. ભારતે યુએઈ-બેલેમ વર્ક પ્રોગ્રામ અને બાકુ એડેપ્ટેશન રોડમેપને આગળ વધારવામાં સમર્થન આપ્યું હતું, જેથી કોઈ પણ પાછળ ન રહી જાય.

### ઓસ્ટ્રેલિયા ભારત, જાપાન, યુએસ સાથે જોડાયું

# ઈન્ડો-પેસિફિક સુરક્ષા મજબૂત કરવા ચાર રાષ્ટ્રોનું નૌકાદળ યુદ્ધાભ્યાસ

(એજન્સી) કેનબેરા | તા. 12

ભારત, જાપાન અને યુનાઈટેડ સ્ટેટ્સની સાથે ઓસ્ટ્રેલિયાએ બુધવારે બહુપક્ષીય નૌકા કવાયત 'અભ્યાસ માલાબાર ૨૦૨૫' માં ભાગ લીધો છે. આ કવાયત ઈન્ડો-પેસિફિક સુરક્ષા સહયોગને વેગ આપવા અને ચાર ભાગીદાર રાષ્ટ્રો વચ્ચે આંતર-કાર્યક્ષમતા તેમજ સંકલનને મજબૂત કરવાના લક્ષ્ય સાથે આયોજિત કરવામાં આવી છે.

ઓસ્ટ્રેલિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, રોયલ ઓસ્ટ્રેલિયન નેવીનું એન્ઝેક-ક્લાસ ફ્રિગેટ એચએમએએસ બાલારાત અને રોયલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સનું પી-૮એ પોસાઈડન મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ આ કવાયતમાં ભાગ લઈ રહ્યા છે. આ કવાયત ૧૦ થી ૧૮ નવેમ્બર દરમિયાન પશ્ચિમ પેસિફિક પ્રશિક્ષણ ક્ષેત્રમાં યોજાઈ રહી છે, જેમાં પોસાઈડન વિમાન ગુઆમ ખાતેના એન્ડરસન એરફોર્સ બેઝ પરથી કાર્યરત છે. ઓસ્ટ્રેલિયાના ચીફ ઓફ જોઈન્ટ ઓપરેશન્સ, વાઈસ એડમિરલ જસ્ટિન જોન્સે જણાવ્યું કે આ કવાયત વિકસતા સુરક્ષા પડકારોના માહોલમાં પ્રાદેશિક ભાગીદારીના મહત્ત્વને દર્શાવે છે.

**ક્વાડની મુખ્ય મેરિટાઈમ પ્રવૃત્તિ**

૧૯૯૨માં ભારત-યુએસ દ્વિપક્ષીય કવાયત તરીકે શરૂ થયેલો અભ્યાસ માલાબાર, ત્યારથી વિકસિત થઈને ચતુષ્કોણીય સુરક્ષા સંવાદ (ક્વાડ) ની એક મુખ્ય મેરિટાઈમ પ્રવૃત્તિ બની ગયો છે, જેમાં ઓસ્ટ્રેલિયા, જાપાન, ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ સામેલ છે. ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૩માં આ કવાયતનું આયોજન કર્યું હતું. જોકે ક્વાડ કોઈ સૈન્ય ગઠબંધન નથી, પરંતુ આ કવાયત પ્રાદેશિક દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવા અને નેવિગેશનની સ્વતંત્રતા જાળવવા માટે એક મંચ તરીકે કામ કરે છે.

## ન્યૂઝ બ્રીફ

